પરમાર કુળદિપક.

ભોજકુમાર.

નોવેલ.

ગદ્યપદ્યાત્મક રચી પ્રસિદ્ધકર્તા



આવૃત્તિ ૧ લી પ્રત ૨૦૦૦ સન ૧૯૧૦

દલાલ જેઠાલાલ વાડીલાલ

ઠે. સારંગપુર તળીયાની પોળ—અમદાવાદ

અમદાવાદ—પીરમસાના રોજા પાસે "શ્રી સત્યસાગર" પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ પોચાભાઈ ચતુભાઈએ છાપી.

મુલ્ય ૦—૧૨—૦

શ્રી

ભોજકુમાર

નૉવેલ

ગદ્યપદ્યાત્મક

રચિ પ્રસિદ્ધ કર્તા

દલાલ જેઠાલાલ વાડીલાલ

ઠે. સારંગપુર તળીઆનીપોળ—અમદાવાદ.

દોહરો

સત્ય નીતીથી શોભતો માળવનો સરદાર
ભોજરાજ વિખ્યાત છે વર્ણન તેનું સાર

અમદાવાદ પીરમસાના રોજા પાસે સત્યસાગર પ્રિન્ટીંગ
પ્રેસમાં પટેલ પોચાભાઇ ચકુભાઇએ છાપી.

આવૃતિ ૧ પ્રત ૨૦૦૦ સન ૧૯૧૦

મુલ્ય બાર આના



દલાલ જેઠાલાલ વાડીલાલ

પરસ્તાવના

માળવાના રાજા સીંહભટના કુમાર સીંધુલનો પાટવી કુમાર ભોજ રાજા જગમશહુર છે. ભોજરાજા પુરો પંડીત હતો અને તેની પાસે કવી કાળીદાસ જેવા પંડીત પુરૂષો હતા. સીંહભટને મુંજના ભોથામાંથી પ્રથમ એક બાળક મળી આવ્યો હતો, તે વખતે સીંહભટને પુત્ર નહી હોવાથી તે કુંવરનું નામ મુંજરાજ રાખી. તેને પાટવી પદ આપ્યું હતું. મુંજને રાજનીતીનો અભ્યાસ કરાવી રાજ કાજમાં પાવર્ધો કર્યો, બાદ સીંહભટને ત્યાં સીંધુલનો જન્મ થયો. મુંજ ઉપર સીંહભટનો પુર્ણ પ્રેમ હોવાથી મુંજનું પાટવી પદ સીંહભટે કાયમ રાખ્યું અને સીંધુલને ફટાયોજ રાખ્યો સીંધુલને પણ રાજકાજની સારી કેળવણી આપી હતી સીંધુલને તેની સતીરાણી સાવીત્રીથી એક પુત્ર અને એક પુત્રી એને બે સંતાન પ્રાપ્ત થયાં હતાં તેમાં કુમારનુ નામ ભોજ અને કુવરીનું નામ જયા રાખ્યું હતું. જ્યારે સીંહભટને પોતાની જીંદગી હવે વધારે ટકશે નહી તેવી દમનો રોગ થવાથી ખાત્રી થતાં પુત્ર મુંજકે જે મુંજના ભોથામાંથી મળી આવ્યો હતો અને પાટવી પદે સ્થાપ્યો હતો તેને મળી સીંધુલની અને રાજની ભલામણ કરવા તથા તેની ખરીબીના જાહેર કરવા માટે થઈ તેથી તે મુંજના એકાંત વાસ તરફ આવ્યા મુંજકે જે પોતાની પ્રિયા વિજીઆ દેવી સાથે વાર્તા વીનોદમાં બેઠેલ હતો તેને દાસી માર્ફત પીતાજી સીંહભટ તમોને એકાંતમાં મળવા ઈચ્છે છે તેમ ખબર આપી. એકાંતમાં મળવાનું કારણ શું હશે તેવો વીચાર લાવી રાણીને પડદામાં મોકલી અને પીતાને અંતઃહપુરમાં તેડીલાવી ત્યાં મુંજે દાસીને બહાર જવા કહી પીતાજીની ખાનગી વાત જાણવા માટે પુછ્યું. રાજાએ તેને કહ્યું કે જો કે તું પાટવી કુમાર અને રાજયનો હક્કદાર પુત્ર છે, પ

રંતુ તુમારો ખરો પુત્ર નથી. તું તો મને મુંજતાં ભોથાં માંથી મળી આવ્યો હતો, મારો ખરો પુત્ર તો સીંધુલજ છે, અને રાજ્યનો ખરો હક્કદાર તેજ છે; પરંતુ મેં તને નાનપણથી પુત્રભાવે ઉછેરી મોટો કર્યો, અને રાજ્યના કામ કાજનું સારૂ શીક્ષણ આપી પાવરધો કર્યો, તેથી રાજ ની અને સીંધુલની તનેજ ભલામણ કરૂ છું, પરંતું તારી હયાતી બાદ રાજ્ય સીંધુલના પુત્ર ભોજ કુમારને આપવા માટે ભલામણ કરૂ છું. મુંજ મનમાં ખેદીત થતાં કીનાએ તેના અંતરમાં વાસ કર્યો, પરંતુ ઉપરથી રાજાને સારૂ લગાડવા રજ્ય સીંધુલને આપવા કહ્યું.

ભોળા રાજા તેનું મન નહી સમજવાથી રાજ્યની ભલામણ તેનેજ કરી, અને પોતે પોતાને રસ્તે ગયા, પછી મુજ પોતાનો કીનો પ્રકાશવા લાગ્યો, ઉપરની વાત રાણીએ સાંભળી તે ખરી રજપુતાણીએ મુંજનાં કીનાનાં વચન સાંભળી મહેણું માર્યું; તે સાંભળી રાણીને તથા સીંહભટને કે જેઓ પોતે ખરો રાજ પુત્ર નથી એ જાણે છે, તેમને તેલી આને હાથે ઠાર કરવાનો પ્રપંચ કરી અને સીંધુલને દેશ વટો આપે છે, અને સીંધુલની પુત્રી જયા ઉપર પ્રેમ દ્રષ્ટી કરી જયાને ફસાવવા અનહદ કાવતરાં કરે છે. છેવટે ભોપાળુ પ્રગટ થાય છે, અને રાજ્ય ગાદી ખરા વારસ ભોજકુમારને મળે છે; આમાં કજાત જાત ન બને સત્યનો વિજય, અને પાપનો પસ્તાવો, એ ચીતાર આબેહુબ ચીતરાયેલા હોવાથી સ્ત્રીઓને અને પુરૂષોને એક સરખો બોધ મળે તેવું રસીક પુસ્તક છે, તે વાંચવાથી પુરી ખાત્રી થશે; આ પુસ્તકનો ચિતાર બોધ દાયક અને રસીક હોવાથી સર્વે બંધુઓને હમેશાં પાસે રાખવા જેવું પુસ્તક છે. આ પુસ્તકમાં પ્રુફ સુધારવામાં રહેલી ભુલો સુધારીને વાંચવા સર્વેને મારી નમ્ર અરજ છે; આ પુસ્તક વાંચક વર્ગમાં રસિક થવા માટે કોઈ કોઇ ઠેકાણે પદો પણ મુકવામાં આવેલાંછે.

લી. શેવક દલાલ જેઠાલાલ વાડીલાલ

અર્પણપત્રીકા.

હે ! પરમ કૃપાળુ જગ કર્તા હું પામર પ્રાણીને આપની કૃપાએ નીતીને રસ્તેદોરી સુરસ્તે ચઢાવી સુણુધી સાથે પુસ્તકો રચવાની મહાન શકિત સમર્પણ કરી કે જેથી લાખો રૂપીઆના ખરચે અમર નામના કરવા શકિતમાન થવાય તે અમર નામના આપે આપેલ રચના શકિતથીજ થઈ છે, અને થશે; તો આપે આપેલ અદભુત શક્તિથી લખાયેલ આ લઘુ ગ્રંથ આપનેજ સમર્પણ કરી અત્યાનંદ પામુછું, અને આપને તન મન અને ધનથી પ્રણામ કરૂ છું; તો પુસ્તકોની રચના શકિતને વધારવા સહાયભુત થઈ આ લઘુ ગ્રંથનો સ્વીકાર કરી આભારી કરશો એવી આ પામર પ્રાણીની નમ્ર અરજ છે.

લી. હું છુ તમારો જનમો જનમનો દાસ

દલાલ જેઠાલાલ વાડીલાલ

કર્તાના નીતીના બે બોલ

જે જે ઠામે જઈ જુવો
ઠામ ઠામ ભગવાન
લાવી ઉર ઉજાશને
લહો લહો કંઈ ભાન
વાગે પુરણ ખાસડાં
ટીકુંનો શીર માર
લાવો સાન કાંઈ ઉર વિશે
લક્ષ તજને પરનાર
ઠગઠર દુઃખનો ઠામ છે
લાખ વાતે નહી સુખ
લહો શીખ કાંઈ ઉર વિષે
અમૃત નહી વિષ મુખ
મનહર સુખ પરણી થકી
હાણવે અપરંપાર
વાત શાસ્ત્રમાં છે લખી
દમ નહી તલ ભાર



શ્રી કૃષ્ણ

ભોજ કુમાર

નૉવેલ.

ગદ્યપદ્યાત્મક

મંગળાચરણ.

श्लोका र्धेन प्रवक्ष्यामी, यदुक्तं ग्रंथ कोटीभीः
ब्रह्म सत्यंम जगन मीथ्या, जीवो ब्रह्मैवना परः

અર્થ—જે કરોડો ગ્રંથમાં કહ્યું છે તે અર્ધા શ્લોકવડે કહું છું કે, બ્રહ્મ તેજ સાચી વસ્તુ છે, અને જગત (એટલે) પ્રકૃતિ એટલે માયાનુ કાર્ય તે મીથ્યા છે.

ઇશ્વર સ્તુતી.

જય જય જદુપતિ જય બહુ નામી.
જય જગપતિ ગતી અતી ગુણ ગામી.
વંદન શીરનામી અક્ષય ધામી;
તવ પદમાં કરીએ નામી. જય, જય
સુરી જનપદ સંગી સુખકારી,
હરિજન પર ભંગી દુઃખહારી,
ભક્તિ દે તારી નીશદીન સારી;
દેવ મોરારી ત્રીપુરારી,
તારી સરદારી બંસી ધારી;
છે સૌપર પ્યારી પ્યારી,
કરૂણા કેર સાગર નટવર નાગર,
ધ્યો વિઘ્નોને વિદારી. જય, જય,

પ્રકરણ ૧ લું.

ભેદનો ભરમ.

માળવાના પરમાર રાજા સીંહભટના પાટવી કુંવર મુંજરાજની સતી શ્રી વિજ્યાદેવી સાહેલીઓ સાથે હાસ્ય વિનોદ કરી રહી છે. એક સાહેલીએ કહ્યું, બ્હેન વીજ્યા! તું ભાગ્યશાળી તો પુરી, કેતને પરમાર વંશના પાટવી કુમાર મુંજરાજ જેવા પતી મળ્યા રાજા સીંહભટનીહયાતી બાદ તમો માળવ દેશનાં રાજ રાણી થશો, અને પરમ સુખને અનુભવશો. બીજી સખીએ લીલાવતી કે જેણે ઉપર પ્રમાણે વીજયા દેવીને કહ્યું તેને કહ્યું, સખી બરાબર છે, આજ મુંજ કુમાર પાટવી પદે છે ત્યાં સુધી વીજયા દેવી આપણને બોલાવે છે, અને આપણી સાથે આણંદમાં ભાગ લે છે; પણ જયારે મુંજ કુમાર તખ્ત શીન થશે, ત્યારે વીજયાબા આપણો ભભા સરખો એ નહી પુછે સમજીને?

લીલાવતીએ કહ્યું, સખી તારૂ કહેવું સત્ય છે રાજ્ય રાણી થયા પછી આપણને યાદ પણ નહી કરે; આજે તો કુમાર પાટવી પદે છે તેથી આપણા ઉપર આટલુ વ્હાલ રાખે છે પણ રાજ રાણી થયા પછી અભીન પહાડના શીખર ઉપર બેસી આપણ ગરીબને યાદ પણ નહી કરે, તો ભાવની તો વાતજ કયાં રહી.

વીજયા દેવીએ કહ્યું, સખીઓ ? એવી વાત રહેવા દો, અને કાંઇ ગાનતાનની ગમ્મત કરો; હજીકોને ખબર છે, કે હું રાજ્ય રાણી થઇશ, અને તેવું માન પામીશ કાલની કોઇને ખબર નથી તો પછી હાલ તો પીતાજી હયાત છે, તો આગળની વાત શી કરવી. માટે ગાનતાન કરી મનેને આનંદિ કરો નાહકની કુથલી રહેવા દો. સખીઓએ કહ્યું બહુસારૂ બા ત્યારે હમો ગાઇએ છીએ નેતમો સાંભળો વખતે ઇચ્છા થાય તો બોલજો; નહી તો કાંઇ નહી

સખીઓ વીજય--   ગાયન

સખીઓ--   (વાહ વારે ઓ બેન)એ રાહ
લેશો લેશો ઓ બેન સુખ અમુલ્ય રાણીજી બની
મળે પુરણ ચેન લીલા અજબ રાજય રંગની
સત્ય કહીએ છી બેન પ્રભુ પુરે હોંશ મનની-લેશો

વીજયા--

ભાવી ભાવે છે થનારે કરમે લખ્યું હશે જે કીરતાર
સારૂ કે ખોટું થવાનું થાશે સરજયું સરજન હાર
અકળ રચના રાધાવરની જાણુવા કહો મતી શું પામરની
જાણે કોણ તલભાર-   લેશો

સાખી

રિદ્ધિ સિદ્ધિ રાજય સૌ કર્મે લખ્યું ભોગવાય
લંકાની ફંકા થઇ એ સહુ પ્રભુ ઇચ્છાય

આ પ્રમાણે હાસ્યનું ગાયન ગાય છે, ત્યાં મુજ કુમાર પધાર્યાની ને કીદારે છડી પોકારી છડીનો અવાજ આવતાં સાહેલીઓએ કહ્યું. બ્હેન તમારા પ્રાણ વલ્લભ પધારે છે માટે હમો રજા લઇશું વીજયા દેવીએ કહ્યું બહુ સારૂ બેનો પધારો, વીજયાની રજા લઈ સર્વ સાહેલીઓ વીદાય થઇ ત્યાં મુંજ કુમાર પધાર્યા.

મુંજ કુમાર પધાર્યા ત્યાં વીજયા દેવીએ કહ્યું, પ્રાણ નાથ! આજે આદાસીને દર્શન આપવામાં અપુરૂ કરી આદાશીને દર્શનમાટેઅધીરી બનાવી?મુંજકુમારે કહ્યું,પ્રિયા રાજકાજનાં કામ છે વખતે ઢીલ પણ થાય અને હવે ઢીલ થવા સંભવ છે, કારણ પીતા મહ ! દમના દરદથી પીડાય છે, ઘણી ઘણી દવા કરી પણ એકે દવા લાગુ પડતી નથી; અને તે

કારણથી કચેરીનું કામ કાજ મારે કરવું પડે છે, એટલે વખતે વેહેલું મોડુ પણ થાયજ.

આ પ્રમાણે વાત ચીત કરે છે એકદાશીએ ત્યાં અંતહપુરમાં પ્રવેશ કરી કહ્યું, તકસીર માફ ! પીતાજીએ આપની સાથે એકાંત કરવા કહેવરાવ્યું છે ને પોતે બહાર ઉભા રહ્યા છે. મુંજ કુમારે દાસ્રીને કહ્યું કે પીતાજીને કહે કે સુખેથી પધારો એમ કહી દાસીને વીદાય કરી અને રાણીને પડદામાં જવાની આગ્ના કરી

એકાંતનું નામ સાંભળી મુજ કુમાર ચકિત થયો અને મનમાં વીચાર કરવા લાગ્યો કે અત્યારે પીતાજીને મારી સાથે એકાંત કરવાનુ કારણ શું હશે ! આ પ્રમાણે વીચાર કરે છે ત્યાં માલવ પતી સીંહભટ પધાર્યા. રાજાજીએ અંતઃહપુરમાં પ્રવેશ કર્યો ત્યાં મુજકુમાર સામો જઈ આદર સતકાર આપીને પીતાજીને એક સાસન ઉપર બીરાજમાન કરી પોતે રાજાજીની સામે ઉભા રહીને પુછયું, પીતાજી ? આપે અત્યારે આવા અશકત શરીરે અત્રે પધારવા તસ્દી લીધી તેનું કારણ હું સમજી શકયો નહી; આ શેવકની કાંઈ કસુર !

સીંહભટે કહ્યું, મુંજ કુમાર ? તારા જેવો નીતીરીતીને જાણવા વાળો તેની તે કસુર થાય ! તારા ઉપર તો સઘળો આધાર છે, પણ હું તને એક વાત કરવા આવ્યો છું. મુજ કુમારે કહ્યું, પીતાજી સુખેથી કહો, અને આ શેવક સરખુ કામકાજ હોય તે સુખેથી ફરમાવો પીતાજીના વચનનો અનાદર કરૂ એવો મુર્ખ સમજશો નહી મનની જે ઇચ્છા હોય તે સુખેથી કહો, આપની દરેક ઈચ્છાઓ પરિપુર્ણ કરવા શેવક તૈયાર છે, ફકત આપના હુકમનીજ વાર છે.

સીહ ભટે કહ્યું, દીકરા મુજ ! દમનું દરેક દુશ્મન

થઈ કેડે લાગ્યું છે; ઘણી ઘણી દવાઓ કરી છતાં એકે દવાની ટાંકી લાગતી નથી; હવે હું આ સંસારનો થોડા જ વખતનો મીજમાન છું, એમ મારૂ મન સાક્ષી આપે છે. આ સંસારમાં કોઈ અમર રહ્યું નથી. અને રેહવાનું પણ નથી; ઇશ્વર ઇચ્છા હોય તેમ બને છે અને બનશે, દેવ રૂઠયો, ત્યાં દવાને શો દોષ દેવો.

મુંજ કુમારે કહ્યું, પીતાજી ! ગભરાતા નહી, બીજા હુશીઆર વૈદ્યોની સલાહ લઇ તેમના કહેવા મુજબ દવા કરીશું, તેથી તમોને તુર્ત આરામ થશે, દુઃખની અવધ આવી રહેશે કે તેને દુર થતાંવાર નહી લાગે, માટે એવા વીચારો છોડી દીયો, અને જે શેવા ફરમાવવી હોય તે ફરમાવો; રાજાએ કહ્યું, દીકરા મુંજ! રાજકાજમાં તું નીપુણ છે એટલે તે બદલ કહેવાનું નથી પરંતુ તને એક ભલામણ આપવાની છે મુંજે કહ્યું સુખેથી કહો આપની આજ્ઞા અનુસાર વર્તવા શેવક તૈયાર છે.

સીંહલદે કહ્યું, દીકરા ! તારો મને સંપુર્ણ વિશ્વાસ છે, અને તેથીજ આવા અશક્ત શરીર તારી સાથે એકાંત કરવા અત્રે આવ્યો છું; મારી દેહનો હવે ભરોસો નથી, તેથી આ રાજપાટ તનેજ ભળાવું છું અને તારા નાનાભાઇ સીંધુલને તથા તેના કુમાર ભોજને પણ તનેજ ભળાવું છું અને એટલુંજ જણાવું છું કે તારી હયાતી બાદ રાજગાદી તારા પુત્ર જયંતને નહી આપતાં સીંધુલના પુત્ર ભોજકુમારને આપવી.

મુંજરાજ અચંબો પામ્યો, અને કહ્યું, પીતાજી ! આપ વૃદ્ધને હાથે આવો અન્યાય ! આપના કહેવા મુજબ હું તો સુખેથી ભોજકુમારને ગાદી આપીશ, પણ લોકમાં ચર્ચા થશે, અને આવા અપ્રટીત કાર્યમાં દરબારી મંડળ સમ્મતી નહી આપે, તેનો વીચાર કર્યો ? આપનો આ

વીચાર ઘણોજ ખોટો થાય છે, જયંતકુમારને અન્યાય અપાય છે; રાજાએ કહ્યું, માલવપતીના હાથે અન્યાય થશે ત્યારે પૃથ્વી રસાતાળ જશે.

મુંજકુમારે કહ્યું, પીતાજી ! આતે ન્યાય કે અન્યાય તેનો આપ વીચાર કરો, સીંહભટે કહ્યું, હું ન્યાયજ કરૂં છું; ગાદીનો ખરો હક્કદાર સીંધુલ અને ભોજકુમારજ છે, તારો બીલકુલ હક્ક નથી. મુંજકુમારે કહ્યું, તો સુખેથી ગાદી નાનાભાઈ સીંધુલને આપો, ને હું તેમની શેવામાં રહીશ; આપની ઇચ્છા પરિપુર્ણ કરવી તે મારો ધર્મ છે, પણ મારો બીલકુલ હક્ક નથી એવું આપે કહ્યું, તો તે કારણ જણાવી શેવકને કૃતાર્થ કરો.

સીંહભટે કહ્યું, દીકરા મુંજ ? તું મારો ખરો પુત્ર નથી; તું મને મુંજના ભોથાંમાંથી જડયો હતો; તને લાવી ઉછેરી પુત્ર પ્રમાણે પાળી પોશી મોહોટો કર્યો છે અને પાટવી ઠરાવ્યો છે, ખરી રીતે જોતાં પાટવીપદ સીંધુલ કુમારનું છે; પણ તારા ઉપરનો પ્રેમ તેમ કરતાં અટકાવે છે તેથીજ તારી હયાતી બાદ રાજ ખરા હક્કદાર કુમાર ભોજને આપવા ભલામણ કરૂં છું. મુંજ સીંહભટનાં આ વાકયો સાંભળી ચમકયો, પણ તે વૃત્તીઓ દબાવીને કહ્યું, બહુ સારૂ પીતાજી ! આપની આજ્ઞા મુજબ કરીશ અને મારી હયાતીબાદ રાજગાદીનો વારસ ભોજકુમારનેજ કરીશ. સીંહભટે કહ્યું, હવે જાઉંછું, ફક્ત આટલી વાત જણાવાની હતી તેથીજ આટલી એકાંત કરી; મુંજે કહ્યું, પીતાજી સુખેથી પધારો. આ પ્રમાણે કહી રાજા વીદાય થયા.

પીતાજીના ગયા બાદ મુંજ મ્હોટા વીચારમાં પડયો અને મન સાથે વીચાર કરવા લાગ્યો આવી મેં સ્વપ્ને પણ ધારી નહોતી કે હું રાજપુત્ર નથી. જન્મથીજ પુત્ર પ્રમાણે પાલન કરતા હોવાથી શંકા લેવાનું કારણ પણ શેનું રહે ? વખતે પીતાજી બીજાને મહોડે આ વાત કરશે તો ગાદી પતી થવાની સર્વ આશા ધુળ મળતાં ફટાયા માફક રહેવું પડશે.

રાજા ગયા ત્યાં રાણી પડદામાંથી બહાર આવી; રાણી વીજ્યાદેવીએ મુંજની હકીકત રાજાજીના કહેવાથી જાણી હતી તેથી બ્હેબાકળા જેવી બની ગઇ હતી; તેનો મુખચંદ્ર ઉપરની બીના સાંભળી ઝાંખો બન્યો હતો તેણે કહ્યું, પ્રાણ નાથ ! પીતાજીના આવાગમનનું કારણ જો આપને હરકત ન હોય તો જણાવવા કૃપા કરશો.

મુંજરાજે કહ્યું, પ્યારી ! પીતાજીની તબીયત દીનપર દીન બગડતી હોવાથી રાજ્યની ભલામણ કરવા પધાર્યા હતા, અને રાજકાજની ભલામણ કરી, એજ તેમના આવાગમનનું કારણ. રાણીએ કહ્યું, ત્યારે તો મારો પુત્ર જયંત પાટવી કુમાર થયો, ખરૂને ?

જયંત પાટવી કુમાર થશે, એ વાત સાંભળી મુંજરાજ ચોંકયો, અને વિચાર્યું કે રાણીએ મારા તથા પીતાજી વચે થયેલી વાતચીત છુપી રીતે સાંભળી લાગે છે, નહીતર તે આવી વાત શામાટે યાદ કરે; પણ તેની ખરી વાત જાણું ત્યારે સમજ પડે; હાલતો વાતમાં ઉડાવવી, એટલે એને મોઢેથીજ તે વાત ઉચારશે. એરો વીચાર કરી મુંજરાજે કહ્યું પ્રીયા ! મારી પછી પાટવી કુમાર જયંતજ થશે, એતો રાજ્યનો ધારો છે કે પીતાની ગાદી પુત્રનેજ મળે.

રાણીએ કહ્યું, ત્યારે પીતામહ ભોજકુમારનું નામ શામાટે ઉચ્ચારતા હતા ? મુંજરાજે કહ્યું, પ્રિયા એતો સીંધુલની અને ભોજની ભલામણ કરતા હતા. હવે એવી કુથલી જવા દઇ બીજી વાતો કરો, નાહકનું માંથુ ફોડવાથી લાભ શો ? રાણીએ કહ્યું, લાભ કેમ નહી. એવી કોઈ જનેતા હશે, કે જે પોતાના પુત્રના હીતથી નારાજ બને ! એવો કોયો નિર્દય પીતા હોય, કે પુત્રના હીતની આડે આવે !

મુંજરાજે કહ્યું, રાણી ! તમારૂ કહેવું સત્ય છે. માત પીતા પોતાનાં છોકરાનું અહીત જેવા નજ ઈચ્છે. (લગાર તાણો મારવા દે, એટલે ખરૂરૂપ આપેથી બહાર આવશે)

વારૂ તમારા પીતાજી આપણા પ્રેમની આડે આવ્યા હતા, પરંતુ તમારી માતાજીની ઇચ્છાથીજ આપણાં લગ્ન થયાં, તો તે પીતા નિર્દય ખરા કે નહી ? મારા જેવો પરમાર વંશનો જમાત્ર તેમને કયાંથી મળનાર હતો?

વિજયાદેવીએ કહ્યું, મારા પીતાજીએ જ્ઞાન દ્રષ્ટીથીજ તેમ ઈછયું હશે, છતાં નિર્દય ગણતા હોતો નિર્દય! પણ બાપ હતાને, તમારા જેવી નબાપી તો નહોતીને !

નબાપીનું મહેણું સાંભળી મુંજરાજની મુખમુદ્રા કરમાઇ ગઈ, અને વીચાર્યું કે પીતા સાથે થયેલ તમામ વાતચીત તે જાણે છે, માટે તેને પણ પીતાજી સાથેજ નાબુદ કરવી જોઈએ; નહીતો વાત બહાર આવશે ને રાજ સીધુલને હાથ જશે માટે હાલ તો વાત દાબી દેવામાંજ માલ છે. વધારે છેડવા જતાં વખતે બાજી બગડી જાય; એવો વીચાર કરી કહ્યું, હાલ હું પીતાજી માટે દવાનો બંદોબસ્ત કરવા જાઉછું. કહી તે રાજમહેલમાંથી બહાર ચાલ્યો ગયો.

રાણી કે જે ખરી રજપુતાણી હતી તેને પુરો ફટકો લાગ્યો, અને મુંજરાજ જતાં તે બેભાન બની મુર્છાગત થાય છે. દાસીઓ દોડી આવી મુર્છાગત રાણીની સારવાર કરી રાણીને સાવધ કરે છે; રાણી પોતે મુર્છાગત બનવાનું કારણ દાસીઓથી છુપાવી દાસીઓ પુછેછે છતાં ખરો ઉત્તર આપતી નથી, ને દાસીઓને પોતાને એકાંત મળશે તો આરામ થશે એવું બહાનું કાઢી રજા આપે છે, દાસીઓ સર્વ બહાર જાય છે.

રાણી એકલી પડતાં પોતે વીચાર કર્યો કે હું ખરી ક્ષત્રાણી હોઇ અનીતી કરૂ તે કદાપી બનેજ નહી. શું ખરા હકદારનો હક ડુબાવી પાપી બનું એવું અઘટીત કાર્ય શુરી ક્ષત્રાણીને છાજેજ નહી. પતીના દુષ્ટ વિચારો જાણી ગઈ છું, ખરા ક્ષત્રીના એવા વીચાર હોયજ નહી, અને હું શુદ્ધ ક્ષત્રાણીને એવો દુષ્ટ પાસ કયાંથી ? પરંતુ ભાવી ભવ બને

જાય છે; જો આવું જાણતી હોત તો તેવા સાથે પાણી ગ્રહણ કરૂજ શેની ? પણ આ ભેદ તો અત્યારે ખુલ્લો થયો ? ખેર જે બન્યું તેને માટે શોચ કરવો નિર્થક છે. ગઇ તક તો બ્રાહ્મણો પણ વાંચતા નથી. પરંતુ આવી અધીત વાત જાણી આ દેહમાં પ્રાણ ટકવાના નથી તેતો ખુલ્લુંજ છે. પુત્ર જયંત તે જો કે તેનુંજ ફરજન છે, પરંતુ હું શુદ્ધ ક્ષત્રાણીને ધાવેલો હોવાથી અનિતી તેના ઘટમાં વાસ નહીજ કરે. માટે એક લેખ તયાર કરૂ અને વે જયંતને આપું. આ બાનાનો સઘળો ચિતાર લેખમાં દર્શાવું, અને આકરા સોગન લખી, રાજગાદી ભોજકુમારને આપવા ભલામણ કરૂ. ક્ષણીક સાહ્યબી ખોશે, પરંતું અનિતીમાંથી અળગો થશે, એજ તેના જીવનનું સાર્થક. આ પ્રમાણે વીચાર કરી લેખ લખી કાઢયો અને પોતાની પાસે રાખ્યો.

આ વાતનું પુનઃ સ્મરણ થતાં રાણીને પોતાનું જીવન અકારૂ લાગ્યું. અને પોતે શુદ્ધ ક્ષત્રાણી આ મુંજના ભોથા-માંથી આણેલા નવારસીઆ સાથે સંબંધ જોડાયો તેથી તેને ક્ષોભ થયો અને તેથી તેણીનું શરીર એકદમ તપી આવ્યું અને પથારી વશ થઇ.

પ્રકરણ ૨ જું

ઝેર દેવાનું કાવતરૂં અને પ્રેમીઓનો મેળાપ.

મુંજરાજ રાણીથી છુટો પડી પોતાના વીચાર ભુવનમાં આવ્યો, અને વીચાર કર્યો કે રાણી આ વાત પુરી જાણી ગઇ છે, અને તે શુદ્ધ ક્ષત્રાણી હોવાથી તેના મનને પુરણ ક્ષોભ પામી છે. વખતે રાણીના હાથથી આ વાત ઉઘાડી થશે, તો મારૂ ધાર્યું ધુળ મળશે, અને રાજ્ય તેના ખરા હક્ક-દારને મળતાં મારે રવડવાનું થશે. અબળા જાતીનો ભરૂસો

રાખવો તે મુરખનું કામ છે, માટે પીતાજીને અને રાણીને કુમતરના વ્હેમમાં નાંખી આપણા દોસ્તદાર તેલીઆને સાધી તેના હાથે ઝેર દેવરાવી ઠાર કરવાં, જેથી સઘળી ઉપાધી દુર થશે, અને બંધ રાજ્યના માલીક થશે.

પણ કદાચ પોગળ પકડાયું તો ? અરે ! હું ચતુર હોઈ વ્હેમ શામાટે રાખુંછું ? એજ સીંધુલ માર્ફત તેલીઆને તાતજી પાસે બોલાવરાવીશું; અને તાતજીને મંત્રેલા પાણીમાં ઝેર અપાવીશું; વળી એની પાસે સાફ કહેવરાવીશું કે સીંધુલની શીખવણીથી મે ઝેર આપ્યું છે, એટલે બધો આરોપ સીધુલપર આવશે, અને પછીથી દરબારીઓ હસ્તક તેનું કાટલું કરવાનો લાગપણ ફાવશે, માટે હાલતો તેલીઆને મળી સઘળી ગોઠવણ કરવી; એવો વીચાર કરી મુંજ તેલીઆની મુલાકાતે ગયો. અને પોતાના વીશ્વાસુ માણસ માર્ફત તેલીઆને ખબર કહેવરાવી કે મુંજરાજ મળવા માટે આવે છે.

કલ્યાણદેવ કે જે સીંધુલની પુત્રી ભોજની બ્હેન જયાનો સ્વામી છે, તે કારણ પ્રસંગ હોવાથી સીંહભટ પાસે આવેલો છે તે રાણીના અચાનક મંદવાડના વીચારમાં ગુંથાયો છે; તેણે વીચાર કર્યો કે સીંહભટના મંદવાડમાં વધારો, રાણીને અચાનક મંદવાડ, આનું ખરૂ કારણ શું છે તે સમજી શકયો નહી; તેણે વીચાર્યું દશાજ બુરી આવી હોવી જોઇએ. નહીતર આમ બનેજ કેમ ? કહેવતમાં કહ્યું છે, " રાજા દંડે તે ગામ જાણે, અને ગ્રહ દંડે તે કોઇ ન જાણે " એ કહેવત અક્ષરે અક્ષર સત્ય છે. આવા વીચારમાં ગુંથાણો છે, ત્યાં જયા આવી ચઢી.

જયા દેવીને જોતાંજ તેનો વીચાર માળાનો મણકો તુટી ગયો, અને તે સ્વસ્થ બન્યો. જયાદેવીએ પોતાના પતીને વીચારના વમળમાં અથડાતા જોઈ પુછયું, વ્હાલા ! શા વીચારમાં તલ્લીન બન્યા છો ! કલ્યાણદેવે કહ્યું, વ્હાલી ! વ્હાલાને વીચાર શાના ? વ્હાલીનાને વ્હાલીનાજ. જયાએ કહ્યું, વ્હાલા

તેતો બધુ જાણ્યું, પણ મારૂ ચિત્ત આજ ચકડોળે ચડયુ છે, અને જીવને ચેન પડતું નથી; આજના વિજીઆદેવીના અચાનક મંદવાડથી હું તો આભીજ બની ગઈ છું.

કલ્યાણદેવે કહ્યું, વ્હાલી ! હું પણ તેજ વીચારમાં હતો. રાણી જે અચાનક મંદવાડ સાંભળી રાણીને પીતાજી સીંહભટની પાસે તેડી લાવવા ગયો, ત્યાં મુંજરાજની મુખાકૃતી દુરથી મને ભયભીત બન્યા હોય તેવી દેખાઇ, અને વૃદ્ધ વડીલ સીંહભટ મુંજરાજને એકાંતમાં મળવા પધાર્યા હતા, ત્યારે રાણી સુખ ચેનમાં હતાં. પરંતુ જયાં વૃદ્ધની અને મુંજરાજની એકાંત મસલત પુરી થઇ, કે તુર્તજ રાણીજીની આવી દશા થઇ; આનું ખરૂ કારણ કાંઇ સમજવામાં આવતું નથી.

જયાદેવીએ કહ્યું, નાથ ! જે કાળે જે બનવું હશે તે બને જશે, પરંતુ અત્રેનો પછીનો મામલો બગડવાની સ્થીતી ઉપર હોવાનું ભવીષ્ય સુચવે છે, માટે તમો એકદમ આપના રાજ્યમાં ચાલ્યા જાઓ; પીતાજીને આરામ થયેથી હું એકદમ આપની તરફ આવીશ; હવે અત્રે રહેવામાં સાર નથી. માટે દાદાજીની રજા લઇ એકદમ આપણા રાજય તરફ સીધાવો.

કલ્યાણદેવે કહ્યું, વ્હાલી ! તારૂ કહેવું અક્ષરે અક્ષર સત્ય છે; આજકાલ રાજ્યનો મામલો બગડતો આવે છે, અને હાલજ વૃદ્ધ રાજાજીની આજ્ઞા લઇ હું આપણા રાજય તરફ જાઉંછું, પણ તમારો વિયોગ મને ઘણો સાલશે. જયાએ કહ્યું, નાથ ! પ્રભુ ઇચ્છાતો થોડાજ વખતમાં હું આપને આવી મળીશ. તમારો વીયોગ મને થશે તેની મને તમારા કરતાં વીશેશ લાગણી છે, પરંતુ આવા બગડેલા મામલામાં રહેવામાં માલ નથી; જાઓ કહેતાં જીવ ચાલતો નથી, અને અત્રે રાખવામાં સાર નથી માટે આપ એકદમ ચાલ્યા જાઓ; લ્યો હવે હું પણ દાદાજી પાસેજ જાઉંછું. કલ્યાણદેવે કહ્યું પણ)

કલ્યાણદેવ-જયા— ગાયન.

કલ્યાણ-બનું વિયોગી વ્હાલીનો મુજ પ્રેમી દીલદાર,

મારી બ્હાલી મોહોરદાર, નીરૂપાયથીલાચાર.-બનુ
જયા-વારીવીના મીન જેવી હું જાણુંજે
ઇંદુ વિના જેમ રજની ભરથાર.
કલ્યાણુ— ... ...બનુ
વિયોગ દધિપર પ્રેમ પાજ બાંધી,
વ્હેલી પધારે તું ? પ્યારી પ્રાણાધાર- બનુ
જયા-બનતા પ્રયત્ને ઝટપટ આવું બ્હાલા
વિસરશો નહી ઘડી હૈયાના હાર;
કલ્યાણુ— ....બનુ

ઉપર પ્રમાણે પ્રેમી જોડુ એક બીજાનો વીયોગ પડવાથી ગમગીનીમાં ગીરફતાર બન્યું, અને અન્યો અન્ય ભેટી સીંહભટ તથા રાણીના માંદગી બીછાના તરફ રવાને થયું. આહ ! પ્રેમ ! પ્રેમ ! તારી વાત ન્યારી છે ! વ્હાલાંનો વિયોગ થતાં એક બીજાનાં તનને વિયોગ રૂપી અગ્ની થઈ બાળે છે, તો તું એક અગ્ની છે ? અને વ્હાલાંનો સંજોગ થતાં એક બીજાના મનને શીતળ કરી પરમ આનંદ આપે છે, તો તું આનંદનુ સ્થાન છે ? તને કેવો સમજવો ? તારી ખુબી ન્યારી છે; ઘડીમાં રોવરાવે છે, ઘડીકમાં હસાવે છે, તારી ખુબી પણ ઓરજ છે.

પ્રકરણ ૩ જું.

તાલંબાજ તેલીઓ અને તેના તાલંબાજ મીત્રો

તેલીઓ પરોઢના પાંચ વાગતાં નદીનો ઘાટ કે જેની બાજુમાં પોતાનું મંદીર આવેલું હતું, તે મંદીરમાંથી નીકળી ઘાટ ઉપર મુંજરાજ આવવાની રાહ જોતો બેઠો. તેણે વીચાર્યું; મુંજરાજ બડો પ્રપંચી છે; કાંઈ ખાસ કામ શી-

વાય આ બંદાને યાદ કરે તેવું કદાપી બને નહી. વળી પોતે અત્રે મળવા આવવાનું કહેવરાવે છે, ત્યારે તો કામ પણ તેવુંજ ભારી હશે, નહી તો આટલે સુધી ચાલીને આવવાની તસ્દી રાજકુંવર શા માટે ઉઠાવે ? હવે કામ શું કરવાનું છે, તે તો તે આવીને કહે ત્યારે સમજાય. ગમે તેવું કામ હશે પણ આ બંદાના હીસાબમાં નથી. હજારો જણને ફસાવી તેલની તાટી કઢામાં જીવતાને જીવતા તળી નાંખ્યા છે, તો એથી વીશેશ કાંમ બીજું કયું હશે? પ્હો ફાટવાને હવે વાર નથી, તેમણે આપેલો વખત પણ થઈ ગયો છે એટલે તેમને આવવાની પણ વાર નથી, પગલાં વાગતાં હોય તેવા ભણકારા થાય છે. (બાજુમાં ખખડાટ સાંભળી) અરે વળી આશું ? પેલો ચોર કાંઈ દાટતો હોય તેવું જણાય છે. ઠીક છે ! બાજુમાં સંતાઈ જવા દે, તે ગયા પછી વાત; એ પ્રમાણે બાજુમાં છુપાઈને તે ચોરની ચીકીત્સા જોવામાં એક તાર બન્યો.

ચોરે વીચાર્યું, આ કંકણ ચોરી લાવ્યો છું તે પાસે રાખવાં સલામતી ભર્યાં નહી હોવાથી આ ઝાડ પાસે દાટુ, પછીથી કાઢી લઈશ. કારણ પાસે રાખું અને કોઇ કળી જાય તો નાહક માર્યો જાઉં; માટે તેવો ચોરીનો માલતો ભોંયમાં ભંડારવો તેજ સારો. આજુબાજુ કોઈ નથી માટે ઝટ દાટી દઈ રસ્તે પડું, નહીતર કોકના જોવામાં આવશે, તો તે કાઢી લેશે, અને ચોરને મોર મળવા જેવું થશે. (કંકણુ દાટે છે) કંકણ તો દાટયાં પણ એંધાણી બરાબર રાખું કે પાછળથી ઠેકાણું ખોળવું ન પડે.

નીશાન ચોકસ રાખી ચોર વિદાય થયો, ત્યાં તેલીઓ કે જે બાજુમાં છુપાઇ રહયો હતો તે બહાર આવ્યો, અને તે દાટેલાં કંકણ કાઢી લઈને કહ્યું, ચાલો આપણુ એક મોહોટો લાભજ થયો; વગર મહેનતે આ કંકણ મળી ગયાં. અરે ! પ્હો ફાટી ગયો અને સવાર પણ થયું છતાં મુંજ-

રાજ કેમ પધાર્યાં નહી, (એક છોકરાને રડતો આવતો જોઇ) અરે ! પણ પેલો છોકરો રડતો રડતો આ તરફ આવતો જણાય છેને ! તેના હાથે કલઇઓ પહેરેલી છે ! લાવ સમજાવીને કાઢી લેવા દે; (છોકરો આવે છે તેને) આવ ભાઈ આવ, કેમ રડે છે ? છોકરે કહ્યું, મારી મા મને મુકી પાણી ભરવા આવી છે, તેને શોધવા આવ્યોછું. તેલીઆએ કહ્યું બચ્ચા પરસાદ ખાવો છે ? પરસાદ ! છોકરે કહ્યું, હા બાવાજી ! લાવો, છોકરે લાવો કહ્યું, ત્યાં ચાર સાકરીઆ ચણા છોકરાના હાથમાં આપ્યા. સાકરીઆ ચણા મળતાં છોકરો આનંદ પામ્યો, અને ખુશી થઇ ખાવા લાગ્યો.

તેલીઆએ કહ્યું, કેમ બચ્ચા ? બીજો વધારે પરસાદ ખાવો છે ? છોકરે કહ્યું, હા બાવાજી લાવો. છોકરે બીજી-વાર માગણી કરી ત્યાં બીજા થોડા સાકરીઆ ચણા તેલી-આએ છોકરાને આપ્યા; બીજા ચણા મળતાં છોકરો વધારે આનંદિ બન્યો; છોકરાને પુર્ણ આનંદથી સાકરીઆ ચણા ખાતો જોઇ તેલીએ કહ્યું, બચ્ચા આ તારી કડલીઓ કાઢી આપ. અને પાછો કાલે આવજે, એટલે બીજો વધારે પર-સાદ આપીશ. છોકરે કહ્યું કાલે બીજો પરસાદ આપશો ? તાંલબાજ તેલીઆએ કહ્યું, હા હા જરૂર આપીશ. કડલીઓ કાઢી લઇ છોકરાને વિદાય કર્યો.

છોકરો ગયો તે સીધો કેણી તરફ જાય છે તે જોવા તેલીઓ કડલીઓ ઝોળીમાં મુકી જરા આઘો જઈ જોવા લાગ્યો; ત્યાં એક ઘાંચી કે જે તાલંબાજ હતો તે બાજુમાં છુપાઇને તેલીઆનું તર્કટ જોતો હતો, તે તેલીઆની ઝોળી પાસે આવ્યો અને ધીમેથી તેલીઓ ન જાણે તેમ ઝોળી-માંથી કડલીઓને કંકણુ લઇ પસાર થઇ ગયો; છોકરો દ્રષ્ટીથી દુર થયો ત્યાં તેલીઓ ઝોળી પાસે આવ્યો અને કડલીઓ તથા કંકણુ ઠેકાણે કરવા વીચાર કરી ઝોળીમાંથી કાઢવા ગયો, ત્યાં ઝોળી ખાલી જોઇ અચંબો પામ્યો, અને

કહ્યું, હું ચોરનો ઉસ્તાદ થયો, ત્યાં મને વળી કોઈ ઉસ્તાદ મળ્યો ખરો ? આવા વીચારમાં ચોરની મા કોઠીમાં મ્હોં ઘાલીને રૂવે તેમ નીરાશ બની મુંજરાજની વાટ જોતો બેઠો.

હવે ઘાંચી ઘેર ગયો અને પેલાં કંકણુ પોતાની બૈરીને આપ્યાં. બૈરીને કંકણુ મળતાંજ તે હાથે પહેર્યાં, અને પાણીનું બેડુ લઈ પનઘટ તરફ બીજાં બૈરાંઓ સાથે પાણી ભરવા ગઈ. પનઘટપર કેટલીક બૈરીઓ આ ઘાંચણનાં બેમુલકંકણુ જોઇ તેને પુછ્યું, બાઈ આ કંકણુ કયારે કરાવ્યાં ? ઘાંચણે કહ્યું. બ્હેનો ! આજેજ તૈયાર થઇને આવ્યાં છે. આ પ્રમાણે સર્વને જવાબ દેતી ફુલાવા લાગી કે મોટા શેઠ શાહુકારોનાં બૈરાં પણ મારાં કંકણુ જોઇ મને પુછ્યા કરે છે. બસ આજ આ કંકણુને લીધે હું જેમ ચંદ્રમા દીપે તેમ દીપી રહી છું. આજ મારી શોભાની અવધિ છે.

આ પ્રમાણે ઘાંચણુ વીચાર કરે છે ત્યાં દુર્ગા રામ નામનો એક બ્રાહ્મણ ઠગનો પણ ઠગ હતો, તે ઘાંચણુની ફુલાવાની વાત સાંભળી તે ઘાંચણુ પાસે આવ્યો અને કહ્યું, બાઈ ! પેલાં નગર શેઠનાં વહુ મારાં શેઠાણી તમારૂં કંકણુ જોવા માગે છે, તે બતાવીને હાલ પાછુ લાવી આપુ છું. નગર શેઠનાં વહુનુ નામ સાંભળી ઘાંચણે કંકણુ કાઢી દુર્ગારામના હાથમાં આપ્યું, તે દુર્ગારામ લઇને પાસાર થયો.

તેલીઓ કે જે બાજુમાં ઉભો રહી મુંજ રાજ સાથે આ ચર્ચા જોતો હતો અને મુંજરાજને પોતાના તાલંબાજ મીત્રાની તાલંબાજીની રમત બતાવતો હતો તેણે સીપાઈનો પોશાક ધારણ કર્યો, અને ઘાંચણ કે જે દુર્ગાશંકરનું કપટ જાણી બુમ પાડતી હતી તેની બુમ સાંભળી પ્રથમ દુર્ગાશંકરને પકડયો, અને કંકણ પડાવી લીધું; અને પછી ઘાંચણ પાસે ગયો, અને ક , બાઇ ! ગભરાશો નહી, તમારૂં કંકણુ મળ્યું છે; એમ કહી કંકણ બતાવ્યું.

કંકણ જોઇ ઘાંચણને ધીરજ વળી અને કહ્યું, ચોરના હાથમાંથી મુદ્દો આવ્યો, છે એટલે એમને એમ અપાય નહી; અને તમારો પુરાવો પણ રજુ થવો જોઇએ કે આ કંકણ તમારૂજ છે. વારૂ! આની જોડીનું કંકણ છે? જો હોય તો પછી વધારે પુરાવાની જરૂર નથી. ઘાંચણે કહયું હા શાહેબ આ રહ્યું, કહી બીજુ કંકણ બતાવ્યું. તે લીઆએ કહયું બસ હવે વધારે પુરાવાની જરૂર નથી, આ કંકણ તમારૂ છે તે સિદ્ધ થયું, પણ તે કાઢી આપો કારણ ફોજદાર સાહેબ પાસે રજુ કરી ફોજદાર સાહેબ હસ્તક તમારાં બન્ને કંકણ પાછાં અપાવું છું. તમે ઘેર જઇ તમારા ઘરવાળાને પોલીસ ચોકી ઉપર કંકણ લેવા મોકલો.

ઘાંચણે કહ્યું, બહુ હારૂ ભાઇ સાહેબ તમારૂ ભલુ થજો કે મારૂં કંકણ પકડયું, નહી તો પેલો લુચ્ચો લઇને નાશી ગયો હતો. લ્યો આ બીજુ કંકણ, હું ઘેરજઈ મારા ઘરવાળાને હાલ પોલીસ ચોકીપર મોકલુંછું, ત્યાં તેમને કંકણો આપી દેજો કહી વીદાય થઈ; તે ગઇ ત્યાં તેલીઆએ કહ્યુ ભલુ તો કંકણો પાછાં આવ્યાં તેજ વખતથી થઇ ગયુંછે. (મુંજરાજ પાસે આવી) જોઇ રાજાજી ! હમારી તાલંબાજોની તાલમેલ ? હજી પણ જોએ જાઓ; જુવો પેલો ઘાંચી આવે છે.

ઘાંચીએ આવી સીપાઇ રૂપમાં તેલીઆને કહ્યુ, જમાદાર સાહેબ ! મારાં કંકણ આપો. તેલીઆએ કહ્યું, વારૂ પણ પ્રથમ જુબાની આપો, કે તમે કંકણ કયાંથી લાવ્યા ઘાંચીએ કહ્યું મે ઘડાવ્યાં હતાં, તેલીએ કહ્યું લુચ્ચા ! ઘડાવ્યાં, કે પેલી બાવાજીની ઝોળીમાંથી પડાવ્યાં હતાં ! પછી દુગાશંકરને પૂછયુ, વારૂ મહારાજ ! આ કંકણ કયાંથી લાવ્યો ? દુગાશંકરે કહ્યું જમાદાર સાહેબ ! એતો મેં ઘડાવ્યું હતુ. તેલીએ કહ્યું લુચ્ચા ! ઘડાવ્યું હતું, કે પેલી બાઇ પાસેથી પડાવ્યું હતું

આ પ્રમાણે વાત ચાલે છે અને કંકણો તેલીઆના હાથમાં છે ત્યાં, પેલો ચોર કે જેણે કંકણો દાટયાં હતાં તે કંકણો શોધવા લાગ્યો; પણ દાટયાં હતાં ત્યાંથી મળ્યાં નહી પરંતુ તેલીઆના હાથમાં જોઈ કહ્યું, સાહેબ ! આ કંકણો તો મારાં છે. તેલીએ કહ્યું તું કયાંથી લાવ્યો ? ચોરે કહ્યું સાહેબ એનો મેં ઘડાવ્યાં હતાં; તેલીઆએ કહ્યું, લુચ્ચા ! હરામખોર ! ઘડાવ્યાં હતાં, કે ચોરી કરી લાવી આ ધરતી માતામાં પધરાવ્યાં હતાં ?

તેલીઆના આ ખુલાસાથી સર્વે જણા દીંગ થયા, ત્યાં તેલીઆએ કહ્યું, આ ચોર તેતો ખાતરીઓ ચોર, ઘાંચીને કહ્યું તું ચોરનો એ ચોર, દુર્ગાશંકરને કહ્યું તું પાકો હરામખોર, અને પછી વેશ પલટી તેલીઆનો વેશ ધારણ કરી કહ્યું આ બંદા સર્વના ઉસ્તાદ ઘંટી ચોર.. સર્વેએ કહ્યું બરાબર છે, તમો સર્વના ઉસ્તાદ સાચા. 'આજથી તમો ગુરૂને અમો સર્વે તમારા ચેલા.

તેલીઆએ કહ્યું, જુવો જુવો મુંજરાજ પધારે છે ! મુંજરાજને છેટે જોઇ સર્વે જણા છુટા પડી જાણે વેપારીના દીકરા હોય તેવો ડોળ કરી ઉભા રહ્યા. ઘાંચી મનમાં હીસાબ ગણતો હોય તેમ બકવા લાગ્યો. કે એક કુલ્ડુ છમણને ચાર શેર, અને બીજું પાંચ મણને પાંત્રીશેર, એટલે અગીઆરમણને ઓગણીચાલીશ શેર થયું; એક શેર ઘટયું કેમ ?

દુર્ગાશંકર વીચાર કરતો હોય તેમ બકવા લાગ્યો કે આજે એકાદશી ઉપર દ્વાદશી થઇ; પણ હજુ જમવાનું નોતરૂં કેમ ન આવ્યું ? આજકાલ રાજા પણ લુખો થઈ ગયો છે, તે કોઈ દીવસ બ્રાહ્મણોને બ્રહ્મ ભોજન તો આપતોજ નથી, તો બ્રાહ્મણો બીચારા કેવી રીતે જમણવાર કરે ? ત્યાં પેલો ચોર વીચાર કરતો હોય તેમ બકવા માંડયો કે આ સાલતો ખેડ કરી કરીને થાકયા પણ કાંઈ પાકયું નહી; આ દુઃખતે કોને કહેવું ? શું રાજાજી કાંઇ વીઘોટી મુકી દેનાર હતો ? હવે લાવવું તે કીયે ઝાડથી

આ પ્રમાણે સર્વ જણ જુદા જુદા વીચાર કરવામાં અને બકવામા ગુથાણા છે, તે જોઈ મુંજરાજે કહ્યું તેલીયા મહારાજ! આશું ! તેલીઆએ કહ્યું એ સૌ હમારા તાલંબાજોના કીસ્સા. પછી તેલીઆએ સર્વેને કહ્યું, ભાઈઓ આમ આવો, ગભરાશો નહી, આપણુ આપણા જેવાજ છે, આપણા દોસ્તદાર છે. આ પ્રમાણે તેલીએ કહ્યું ત્યાં સર્વે જણા પાસે આવ્યા, અને માંહોમાંહી તાલીઓ આપી ખુશી બન્યા.

તેલીઆએ કહ્યું, કહો રાજાજી કેમ પધારવું થયું છે? મુંજરાજે કહ્યું, તેલીઆ મહારાજ ! એક અઘરૂ કામ સોંપવાનું છે, તે એકે હુ મંતર બહાને વૃદ્ધ રાજાજીને અને મારી રાણીને ઝેર દેવું; અને રાજા અને રાણી મરી ગયાં કે પછી હું થવાનો રાજા, અને તમને બનાવીશ દીવાન, પછી કાંઇ ?

તેલીઆએ કહ્યું, પણ પકડાઇ જાઉતો ? મુંજરાજાએ કહ્યું પકડાશોજ, પણ તમારે કહી દેવું કે સીંધુલની શીખવણીથી રાજા રાણીને ઝેર આપ્યું છે, અને તમને તેડવા પણ સીંધુલનેજ મોકલીશ, એટલે મારા ઉપર કોઇને વ્હેમ આવશેજ નહીં. તેલીઆએ કહ્યું, પણ હું પકડાઉતો માર્યો જાઉ, પછી દીવાન પદ કોણ ધારણ કરે ?

મુંજરાજાએ કહ્યું, તમારો વાંકો વાળ કોણ કરી શકનાર છે, હું પોતે તમારી સ્હાયતામાં છું ને; તમને ધક્કા મારી તે વખતે કઢાવી મુકીશું, અને રાજ્યગાદીનો ધણી થયા પછી મને પુછવાવાળો છે કોણ ? તેલીઆએ કહ્યું, બહુ સારૂ તૈયાર છું, પણ જો જો હું ફસી ન પડું ! કદાપી ફસાવ્યો તો આ મારા ચેલાઓ કાચા નથી, જીવવાની આશા માંડી વાળવી પડશે. મુંજરાજે કહ્યું લ્યો આ વચન; કોઇ તમારૂ નામ લે તેની જીભ પણ કાપી નાંખું. આતો રાજા રાણીનું કાસળ જતાં સીંધુલ સપડાશે, તેને દરબારીઓ હસ્તક ફાંસીની સજા કરાવીશું, અને પછી બંદા રાજ્યના

કુલ માલેક થશે. લ્યો આ ઝેરનું પડીકું; પાણી મંતરવાને બહાને પાણીમાં નાંખી દેજો અને તે પાણી રાજા રાણીને સીંધુલના હાથેજ પીવડાવીશું. પછી તમોને હરકત નહી આવે.

તેલીઆએ કહ્યું, બહુ સારૂ ત્યારે જાઓ, અને સીંધુલને જલદી તેડવા માટે મોકલો સીંધુલ આવશે કે તેની સાથે હમો આવીશું, અને તમારા કહ્યા મુજબ વરતી સીંધુલ હસ્તક મંત્રેલા ? પાણીને નામે રાજા રાણીને ઝેર અપાવીશું. મુંજરાજે કહ્યું, ઠીક છે, હું જાઉંછું, પણ જોજો બરાબર સાવચેતી રાખજો; નહી તો તમારી ને મારી બંનેની ખરાબી થશે. તેલીઆએ કહ્યું, રાજાજી શંકા લાવવી રહેવાદીયો, અને સુખેથી જાઓ; આ તાલંબાજ તેલીઆની કોઈ પણ વાતમાં ભુલ નજ પડે તેની ખાત્રી રાખો. મુંજરાજને સંતોષકારક ઉત્તર મળતાં તે રાજમહેલ તરફ ગયો, અને અહીઆં હરામી મંડળ સીંધુલના આવવાની વાટ જોતું બેહું. અને તાલંબાજ તેલીઓ દીવાન બની પૈસાદાર બનવાના તરંગમાં આવી ગાવા લાગ્યો.

તેલીઓ— ગાયન

(ઝટપટ જાવું રંગ જમાવું) એ રાહ

દીવાન થાવું જર જમાવું
દીવાન બનીને હુકમ ચલાવું.........વાહ વહ.
દોલત દમામમાં ખામીશી નામમાં
માન અને પાનમાં મોટપના ધ્યાનમાં
કીસ્સાના પાઠ રટણમાં—દીવાન
વીસવાસ ઘાતમાં લુંટવાની વાતમાં
નામ વીખ્યાતમાં છે ભલી ભાતમાં
કુશળ છું છળ કપટમાં—દીવાન

પ્રકરણ ૪ થું.

તેલીઆનો ઢોંગ, રાજા રાણીને ઝેર દેવું.

રાજા સીંહભટ તથા રાણી બંનેજણ પથારી વશ પડયાં છે, અને સીંધુલ તથા તેનો કુમાર ભોજ તથા દરબાર મંડળ રાજા રાણીની સારવારમાં છે, ત્યાં મુંજરાજ આવી પહોચ્યો; મુંજે આવીને કહયું, ભાઈ સીંધુલ ! પ્રધાન ગુણ સાગરજી ! રાણીને અચાનક મંદવાડ થયો, તેથી શક રહે છે કે વખતે કાંઇ વળગાડ વળગ્યો હોય; પ્રધાન ગુણ સાગરે કહયું, મુજરાજ ! ઈશ્વરની લીલા ન્યારી છે; નશીબમાં મંદવાડ લખ્યો હોય, તે કેવી રીતે મીથ્યા થાય; છતાં વ્હેમ હોય, તો કાઢવો જોઇએ; તેવી વાતને જાણવાવાળો કોઇ હોય તો બોલાવો, અને રાણીજીને બતાવો;

મુંજરાજાએ કહ્યું, મારા સાંભળવામાં એક તેલીઓ છે, તે છુમંતરનું કામ સારૂ જાણે છે, તથા ભુત પ્રેત વળગ્યું હોય તેને એક પલકમાં દુર કરે છે; આવી વાત મારા સાંભળવામાં આવેલી છે; સીંધુલે કહયું, ગુણ સાગરજી મોટા ભાઈનું કહેવું સત્ય છે; એ તેલીઓ એવાં કામ કરે છે, અને પનઘટની બાજુના મંદીરમાંજ રહે છે.

મુંજ રાજે કહ્યું, ભાઇ સીંધુલ ! ત્યારે તમે જઇને તેડી લાવો, અને રાણીજીને બતાવો; ગુણ સાગરે કહ્યું સીંધુલ ભાઈને મોકલવા શી જરૂર છે ? કોઈ હજુરીને મોકલો, તે હાલ તેડી લાવશે; મુંજે કહ્યું; હજુરીથી વખતે આવે કે ન આવે, પણ સીંધુલભાઈ તેને ઓળખે છે, તો હાલ તેડીલાવશે; રાણીના મંદવાડથી તો હું હેબતાઈ ગયો છું. પીતાજીના મંદવાડની ચિંતા તો હતી, તેમાં રાણીના મંદવાડે ઉમેરો કર્યો; કોઈ રીતે દીલને આરામ નથી, આ રામનું નામ નથી, દેવ ! તેં શું કરવા ધાર્યું. છે ? ભાઈ

સીંધુલ ! તમો જાતે જઇ તેલીઆને તેડી લાવો; રાણીને બતાવી તેને જલદી આરમ થાય એવો રસ્તો લાવો, જાઓ ભાઈ ઝટ જાઓ.

સીંધુલે કહ્યુ, મોટાભાઇ ! હાલજ જાઉ છું, અને સાથે તેડીનેજ લાવું છું. તમો વડીલ જ્યારે આમ ઢીલા બની જશો, ત્યારે પછી હમારૂ બેલી કોણ ? માટે મોટા ભાઈ ! ચિંતા તજો, અને પ્રભુને ભજો, ઈશ્વર સઉ સારાં વાનાં કરશે. ગુણુસાગરજી હું જાઉ છું, અને તેલીઆને તેડી હાલજ આવુ છું.

એ પ્રમાણે કહી સીંધુલ તેલીઆને તેડવા ગયો, ત્યાં મુંજ મનમાં અત્યંત ખુશી થયો; મુંજે મન સાથે કહ્યુ, ચાલો આપણુ ઠીકજ થયું; આપણો ઈશ્વર સાનુકુળ છે, તેમાં તો શક નથી; હવે સીંધુલ તેલીઆને લઇને આવશે એટલે રાજા રાણીનું કાટલું કાઢી નંખાવીશું, અને સીંધુલને માંથે તે આરોપ ઢોળી પાડી, કચેરી મંડળને હાથેજ સીક્ષા કરાવીશું, આથી રાજા રાણી સાથે એ પાપ પણ જશે, અને પછી ભોજનુ નડતર રહ્યું, તેનું ધીરે ધીરે ધારીશું. અરે ! પણ સામેથી સીંધુલ તેલીઆને લઇનેજ આવતો દેખાય છે ને ! લાવ હવે બરાબર સ્વસ્થ બનું, જેથી કોઈને મારા ઉપર શંકા લાવવાનું કારણ ન રહે; એવો વીચાર કરી સ્વસ્થ બનીને બેઠો.

મુંજરાજ સ્વસ્થ બની ને બેઠો, ત્યાં સીંધુલ તેલીઓ કે જે મુંજના કહેવાથી તેડાની રાહનેજોઇનેજ બેઠો હતો તેની પાસે ગયો, અને તેને તેડીને દરબાર ગઢમાં માંદગીનું બીછાનું કે જ્યાં સર્વે કચેરી મંડળ રાજા સીંહભટ તથા રાણીની સારવારમાં બેઠું હતુ, ત્યાં આવ્યો, તેલીઓ આવતાંજ સીંધુલે કહ્યું, તેલીઆજી ! તમારી વીદ્યાના બળે રાજાજીને અને રાણીજી ને એકદમ આરામ થાય તેમ કરો. એ પ્રમાણે કહી વૃદ્ધ રાજાજી ને તથા વિજયાદેવીના બીછાના પાસે લઇ જઇ તેમને બતાવ્યાં.

તેલીએ વૃદ્ધ રાજાજીને, અને વીજયાદેવીને જોઇને કહ્યું, સીંધુલજી ! રાજાજી ને અને રાણીજીને ખાસ વળગણુ છે. મારે હનુમાનજીનો હાથો છે, તેથી હાલ હનુમાનજીને બોલાવું છું, અને પાણી મંત્રીને આપુંછું. એ મંત્રેલુ પાણી રાજા રાજા રાણી પીશે, કે હાલ તેમનો રોગ દોગ સૌ ચાલ્યો જશે. આતે કાંઈજ નથી, પણ આથી એ ભારે વળગાડો હનુમાનજીની કૃપાથી દુર થઈ ઘણા જણુ મરતાં બચ્યા છે, તો આનો હીસાશ શું છે ?

એ પ્રમાણે કહી તેલીઆએ હનુમાન લાવવાના ઢોંગ કર્યા, અને પાણીનુ પવાલુ માગી મંતરવાને બહાને મુંજ-રાજે આપેલું વિષ તે પ્યાલામાં નાંખ્યુ, અને રાજાજીને અને રાણી વીજયાને પીવા માટે આપ્યુ; તે પ્યાલામાંના પાણીના બેભાગ કરી એટલે તેમાંનું અડધુ પાણી બીજા પ્યાલામાં લઇ સીંહભટને સીંધુલે, અને ગુણુસાગરે રાણીને પોતાના હાથે પાયું.

પાણી પીતાંજ રાજાજીને અને વીજયાદેવીને ઝેરની અસર થરૂ થઈ, આથી રાણી ચેતી ગઈ, અને જયંતને બો લાવી પેલો લેખી લેખ જયંતને આપ્યો, અને કહું, દીક-રા ! જોતું મારા પેટનોજ હોય તો આ દસ્તાવેજ તારી પાસેજ રાખજે, અને તેમાં લખ્યા પ્રમાણે વર્તજ; લેખ તારા પ્રાણાંતે પણ તારા પીતાને આપીશ નહી. એ બાબતનું જળ લે, જેથી મારો જીવ ગતે જાય. જયંતે હાથમાં જળ લઇ કહ્યું, માતુ શ્રી ! તમો એક કહ્યા મુજ-બ લેખમાં લખી બીના પ્રમાણે જ ચાલીશ અને પ્રાણાં તે પણ તે લેખ કોઇને આપીશ નહી. આ પ્રમાણે જળ લીધુ ત્યાં રાણીએ પ્રાણ છોડયો, અને રાજા સીંહભટે પણ દગો ! દગો ! ઝેર એ પ્રમાણે કહી વીષની અસરપુરી થતાં તેઓ પણ દેવલોકમાં પધાર્યા.

રાજા રાણીએ પ્રાણ છોડયા; ત્યાં સીંધુલ, ભોજ, જ-

યંત, ગુણુસાગર વીગેરે સર્વ મંડળ અજાયબી સાથે શોક સાગરમાં ગીરફતાર બન્યું.

ગાયન.

સઘળા–ખુરૂ કીધુ ઈશ આજ હાય હાય
નીરાધારના દેદાર હાય થઇ ગયા હાય હાય,
રાજવી જતાં હા ! હા ! હા !-હાય હાય–ખુરૂ.

પ્રકરણ ૫ મું.

રાજાના મરણુથી અજાયબી પામેલો કલ્યાણુદેવ વીચારમાં પડયો; તેણે વિચાર્યું, વાહ ભગવાન ! તારી લીલા! રાણીને અચાનક મંદવાડ, વૃદ્ધ રાજાના મંદવાડમાં વૃદ્ધિ, તેલીઆની તાલંબાજી, અને રાજા રાણીને ઝેર, સીંધુલ ઉપર તે આરોપ ઢોળી પાડવાનો પ્રપંચ, આ કુલ કાવતરૂ મુંજરાજનુંજ છે, તેની મુખાકૃતી ગમે તેટલી ગંભીર રાખે પણ એતે છુપી રહે ખરી કે ? કોઇ વીચીક્ષણુ મનુષ્યજ કળી શકે, બીજાનું ગજુ નહી કે તેની મનોવૃતી પારખી પણુ શકે. ઉપરના દેખાવમાં કેવો ગંભીર દેખાય છે, જાણે પોતે કાંઈ જાણુતો જ નથી, પણુ અતરની કૃતી ન્યારી છે. બીચારા સીંધુલ કુમાર સપડવાના ! ખેર જે બને તે ખરૂ. પ્રભુની ઇચ્છા હશે, તેવુંજ થશે, મનુષ્યની ધારણા કેવળ નકામી છે.

ગાયન.

કલ્યાણુદેવ– (જો જો કૌતક જગનું) એ રાહ.

પ્રભુ કૃતી છે ન્યારી, કોણુ શકે વીસ્તારી–પ્રભુ
ખરાનો ખાર ગણે સાચો ન લગાર,
થાય જુઠાના પોબાર–પ્રભુ
કળીનાં રાજ્ય મહી સાચો તે માર્યો જાય,

સાચાને હાણીને જુઠો વિજયથી થાય.
કળયુગ ! કળયુગ ! વાહરે વાહ કળયુગ-પ્રભુ

ઉપર પ્રમાણે વીચાર કરે છે, ત્યાં ગુણુસાગર પ્રધાનજી આવ્યા અને કહ્યું કલ્યાણદેવ ! તમો હાલને હાલ તમારા રાજ્યમાં ચાલ્યા જાઓ; એક ઘડી પણ રોકાવા જેવું નથી. જો રોકાશો, તો તમારા ઉપર પણ સીંધુલ કુમાર સાથે આફ્ત આવવા સંભવ છે; કલ્યાણદેવે કહ્યું, કારણ ?

ગુણ સાગરે કહયું, કારણ જાણવા જેવું નથી. મુંજ રાજની પ્રપંચ જાળ પુરી પથરાઇ ચુકી છે. સીંધુલ કુમારને ફસાવવા ધારે છે, પણ તેમને પ્રભુ બચાવશે. તમો ત તમારે હાલને હાલ નીકળી જાઓ. કલ્યાણદેવે કહ્યું, પ્રધાન ગુણસાગરજી ! આપનું કહેવું અક્ષરે અક્ષર સત્ય છે. હું તેજ વીચારમાં હતો, ત્યાં તમો આવ્યા; હું હાલજ જા ઉંછું, આપ પધારો. મને બચાવવા જતાં ક્યાંક તમારા ઉપર આફ્ત ન આવે !

ગુણ સાગરે કહયું, કલ્યાણ દેવજી ! તમારૂ કહેવું બરાબર છે; રાજ્યનો મામલો વૃદ્ધ રાજા મરતાં તદ્દન ફેરવાઈ ગયો છે; હવે કચેરીમાં જે બને તે જોવાનું છે. તમો તાકીદે નીકળી જજો, નહી તો પાપીના પાસમાં સપડાઇ જશો; હું રજા લઉછું. કલ્યાણ દેવે કહ્યું, બહુ સારૂ પધારો; હું હાલજ જાઉં છું; મારી તરફની ચિંતા રાખતા નહીં, પરંતુ સીંધુલ કુમારને બચાવાની પેરવી કરજો. ગુણસાગરે કહ્યું, તે તો પ્રભુ બચાવશે. એ પ્રમાણે કહી ગુણ સાગર વીદાય થયા.

જયાકે જે પોતાના સ્વામીને ચેતવવા તથા મેળાપ કરવા આવી હતી, તે ગુણસાગર પ્રધાધાનને જોઇ બાજુ ઉભી હતી, તે કલ્યાણ દેવ પાસે આવી; જયાએ કહ્યું, નાથ! આપ હાલને હાલ સીધારો, હું થોડાજ વખતમાં આવી

મળીશ પીતાજી ઉપર દુઃખનું વાદળ ઉલટયુ હોય, તેવો ભાસ થાય છે. પરંતુ સત્યનો બેલી નોધારાનો આધાર મારો પ્રભુ બચાવી લેશે.

કલ્યાણ દેવે કહ્યુ, વ્હાલી હુ જાઉં છું, આ ખોળીયું જાય છે, પણ પ્રાણ તો પ્રીયાની પાસેજ મુકી જાય છે; પ્રિયાના વિયોગમાં એક પળ તે વર્ષ સમાન જશે. જયાએ કહ્યું, પ્રાણઆધાર ! જાઓ કહેતાં જીભ કપાય છે. પણ મામલો ભયંકર તેથીજ આપનાં દર્શનથી વિમુખ રહેવા આ પ્રિયાના પ્રાણ ચાહાય છે. હયાત હશો તો થોઠા વખત બાદ પણ મળીશું; કલ્યાણદેવે કહ્યું, ઠીક ! ત્યારે જાઉછું.

ગાયન.

કલ્યાણદેવ–જયા– (જાઓ જાઓ વ્હેલા થાઓ) એ રાહ

જયા–થાઓ નહી દુઃખી થાઓ રસીક રસીલા હવે રામ રામ
કલ્યા–જાઉ પણ દુઃખી થાઉ મુકી રસીલી આફતમાં આમ
જયા–થાશો ન દુઃખી છે રામ રામ
કલ્યા–પ્યારી સંગ હતો ઉમંગ વિયોગ દુઃખ અપાર
અણધાર્યો આવ્યો પ્રસંગ તેથી બન્યો લાચાર
આફત માંહી મુકી જાતાં હા ! તમોને આમ
જયા–રા... ... ...મ ...—રા ... .મ
કલ્યા–છે રા... ...મ ...—રામ

પ્રકરણ ૬ ઠું.

રાજ્ય કચેરી, ન્યાય, અને મુંજરાજને રાજ્યા ભીશેક.

રાજા રાણીની દહન ક્રીયા કરવામાં તે દીવશ ચાલ્યો ગયો; તેલીઓ કે જેને તે દીવસે કેદમાં રાખ્યો હતો, તેને બીજે દીવશે દરબાર ભરી મુંજકુમારે કહ્યું, દરબારીઓ !

અને પ્રજાજનો ! પીતાજીને અને રાણીને ઝેર દેવાયું, તેનો ન્યાય પ્રથમ કરવાનો છે; જાઓ પેલા તાલંબાજ તેલીઆને કચેરીમાં પકડી લાવો, અને પ્રથમ તેની હકીકતપુછી વાકેફ થાઓ. તેલીઆને ઝેર દેવાતું પ્રયોજન હોયજ શાનુ ? ખાસ કાવતરૂ છે, અને તે કચેરીમાં હાલ જણાશે.

પ્રધાન ગુણસાગરે કહ્યું, મુંજરાજ ? પ્રથમ તમો રાજ્યા સને બીરાજમાન થાઓ, પછીથી થઈ રહેશે. મુંજરાજે કહ્યું, પ્રથમ પીતાજીને ઝેર દેનારને યોગ્ય શાશન ન મળે, ત્યાં સુધી ગાદી ઉપર બેસવું હરામ છે. સકળ દરબારીઓ હસ્તકજ શાશન આપો, પછીથીજ હું ગાદી અંગીકાર કરીશ. મુંજરાજની આવી વાત સાંભળી ગુણસાગરે તેલીઆને કચેરીમાં લાવવા આજ્ઞા કરી. આજ્ઞા થતાંજ છડીદારે તેલીઆને દરબારમાં ન્યાયાસન પાસે લાવીને ઉભો કર્યો.

તેલીઓ આવતાંજ ગુણસાગરે કહ્યું, બોલ્ય લુચ્ચા ? રાજાજીને અને રાણીજીને ઝેર દેવાનું તને શું પ્રયોજન હતું ? તેલીઆએ ઇસારામાં મુંજને સમજાવ્યો, અને મુંજે ઈસારામાં તેલીઆને સમજાવ્યો. તેલીઆએ કહ્યું, પ્રધાનજી ? મેંતો પૈસાને લોભે આ કાર્ય કર્યું છે. ગુણસાગરે કહ્યું, એવો લોભ તને કોણે આપ્યો હતો ? એવો રાજા રાણીનો દુષ્મન કોણ હતો ? જેણે આવું ઘોર પાપ ઉપર રહીને કરાવ્યું.

તેલીઆએ તાલંબાજી વાપરી, અને કહ્યું, પ્રધાનજી ! એ નામ કચેરીમાં આપીશ નહી. ત્યાં મુંજરાજે તેલીઆને દમ ભરાવાનો ખોટો ડોળ કરી કહ્યું, લુચ્ચા ! હરામી ? હાલને હાલ નામ કહી દે, નહીતો તારી જીવતાં ખાલ ઉતરાવીશ સમજ્યો ? તેલીઆએ કહ્યું, પ્રધાનજી ? " ઘર ફુટે ઘર જાય " માટે નામ કહેવરાવવું રેહેવાદીયો; ગુણસાગરે કહ્યું, ખરી બીના હોય તે કહી દે, દરબાર મંડળને નાહકના શંકામાં નહી રાખ; નહીતો તું સજાને પાત્ર થઈશ.

તાલંબાજ તેલીઆએ કહ્યું, ફટાયા કેમારં સીંધુલની

શીખવણીથી મેં આ કામ કર્યું છે. સીંધુલનું નામ આવ્યું, ત્યાં સીંધુલ ચમકયો. અને કહ્યું, હરામી ! લુચ્ચા ! શું મારી શીખવણીથી ? તેલીઆએ કહ્યું, તમો તેડવા આવ્યા ત્યારે કહ્યું, તેથીજ મેં રાજા રાણીને ઝેર આપ્યું. સીંધુલે કહ્યું પ્રધાનજી ! આ સઘળું તરકટ છે, મને ખોટી રીતે ફસાવવાની ખટપટ છે.

મુંજરાજે કહ્યું, પીતાજીને અને રાણીને ઝેર દેવરાવ્યું, અને વળી કહે છે કે ખોટી ખટપટ છે. વારૂ તેલીઆને તેડવા કોણ ગયું હતું ? સીંધુલે કહ્યું, હું પોતે, પણ તમારા કહેવાથી; વારૂ પીતાજીને પાણીનું પ્યાલુ કોણે પાયું હતું ? સીંધુલે કહ્યું, મેં પોતે, પણ ભોળા ભાવે. મુંજરાજે કહ્યું, પણ પણ અને પણનું પુંછડું; પ્રધાનજી ! સમસ્ત દરબાર મંડળ ! આ વાતનો ન્યાય હું તમોનેજ સોંપુ છું, તેનો ન્યાય થયા શીવાય હું રાજગાદી ઉપર પગ મુકનાર નથી.

પ્રધાનજીએ વિચાર્યું. આ સઘળુ તર્કટએ પાપી મુંજનુ છે,પરંતુ ન્યાયની રીતે ન્યાય કરવો જોઇએ. એ પાપી સીંધુલને નાબુદ કરવા માગે છે, પરંતુ તેને દેશવટો આપી હયાત રાખવો, વખત આવે સૌ ઠીકથશે. એ પ્રમાણે વીચાર કરી સમસ્ત દરબાર મંડળની સન્મતી માગી, તે મળતાં જ પ્રધાનજીએ કહ્યું, મુંજરાજ ! તેલીઆના પુરાવાથી સીંધુલકુમાર દોષીત ઠર્યા છે, અને ગુન્હો જોતાં તેમને દેહાંત દંડની સજા થવી જોઇએ, પરંતુ તેના ઉપર રહેત રાખી તેને દેશવટાની સજા કરવામાં આવે છે.

મુંજરાજે કહ્યું. શું પીતાજીનું ખુન કરનારને દેશવટાની સજા ! મુંજરાજ અચંબો પામ્યો, અને ખેદીત થયો કે, રાજયથી દુર થયો, પરંતુ તે સાલ તો રહ્યુંજ. પણ કાંઇ નહી ગમે તે યુક્તિ કરી અધવચમાં પુરો કરાવી નાંખીશું. આ મુંજરાજના હાથેથી બચીને કયાં જનાર હતો ? આ પ્રમાણે મન સાથે વીચાર કરી ઉપરથી દીલગીરી બતાવાનો ડોળ કર્યો.

પ્રધાનજી એ કહ્યું, મુંજરાજ! રાજકુમારને સજા તો દેહાંત દંડનીજ થવી જોઇએ, ખુનના બદલામાં ખુનજ હોય, પરંતુ દરબાર મંડળે રેહેમ રાખીને તેનો પ્રાણ બચાવ્યો છે, અને દેશવટો, આપ્યો છે' મુંજરાજે કહ્યું, તે સજાનો અમલ હાલને હાલજ થવો જોઇએ. પીતાજીનુ ખુન કરનાર ગુન્હેગારને તેનું કાળુ મુખ લઈ કચેરીમાંથી એકદમ જવાની આજ્ઞા કરો; તે પાપીનું મુખ હવે હું જોઇ શકતો નથી હાય પીતાજી!

સીંધુલકુમાર કે જે પોતાને માંથે ખોટુ આફતનું વાદળ ચઢી આવ્યાથી આભા જેવો બન્યે હતો, તે મુંજરાજનું આ વચન સાંભળી સ્વસ્થ બન્યો, અને કહ્યું, પ્રધાનજી! ન્યાય થયો? પ્રધાનજીએ કહ્યું, હા. સીંધુલે કહ્યું, અન્યાય અપાય છે, નીર્દોશીને દોષીત બનાવાય છે. ત્યાં મુંજરાજે કહ્યું, નીર્દોશ બનવા માગે છે, શું કરૂ કે દરબાર મંડળે રેહેમ રાખી દેશવટો આપ્યો, નહીતો જાનથી જાત, એ જાન થાત.

સીંધુલે કહ્યું, બહુ સારૂ મોહોટાભાઇ! જાઉ છું, હાલજ જાઉ છું, આવા ખટપટી મામલાથી સદાનો થાઉ છું. મુંજરાજે કહ્યું, હવે નાહક અફસોસ શા માટે કરે છે, કહેવત છે કે "જન જેવું કરેછે તેવુજ ભરે છે, વાવે છે તેવુજ લણે છે" ખટપટ કરી તે ઉઘાડી જણાણી, કેમ તેલીયા? તેલીઓ કહે; ખરૂ છે મહારાજ. ભોજકુમાર; કે જે કચેરીનો ન્યાય જોઈ દીંગ બન્યો હતો, તેણે કહ્યું, પ્રધાનજી! કાકાજી! ન્યાય થયો. મુંજરાજે કહ્યુ, તે કચેરી મંડળને પુછય! ભોજકુમારે કહ્યું, કાકાજી! હું તમોનેજ પુછું છું, કમળાવાળી આંખે પીળુંજ જોવાય છે, નીર્દોશીને દોષીત ઠરાવાય છે. પ્રપંચીનો વિજય થાય છે.

ગાયન.

ભોજ–મુંજ– (જુવો કેવી આ સાહ્યબી) એ રાહ

આતો ગજબ કહેવાય છે, પ્રપંચીનો જય થાય છે

ખરે ખરો આ અન્યાય (૨)

નહી ભકતો જરાય
લાયકી આ પુરી જણાય છે,
કાકા હવે લાયકી આ પુરી જણાય છે–આતો૦
સાચાને છે પ્રભુ સ્યાય
સત્ય બેલી જગરાય
ઉજળુ આ દુધ ગણાય છે–કાકા જાણો૦–
ચુપનાદાર–થશો ખુવાર– જાજાજા
પ્રભુ ! પ્રભુ ! ધરમીને ઘેર આમ ધાડ–

સીંધુલે કહ્યું, લ્યો ભાઇ રામ રામ, કચેરી મંડળને પણ રામ રામ, આ ખટપટીયા રાજ કારભારને સદાને માટે પ્રણામ એમ કહી ભોજસહ વીદાય થયો મુંજરાજે કહ્યું, જોયું ! પીતાજીને ઝેર દેવરાવી નીર્દોશી થવા માગે છે.

પ્રધાનજીએ કહ્યું, મુંજરાજ ! હવે રાજ્યાસને બીરાજમાન થાઓ, પીવાજીના મરણથી સુની પડેલી ગાદીને શોભાવો, એ પ્રમાણે કહી રાજમુગટ તેના માંથા ઉપર મુકયો, અને તીલક કરી ગાદી ઉપર બેસાડયો. ગાદી ઉપર બીરાજમાન કરી મુગટ પહેરાવ્યો ત્યાં દરબારમાં મંડળે આશીર વચનો કહી સંભળાવ્યા.

ગાયન.

દરબારીઓ– (કતકૃષ્ટને ઉદાર વૃતિ) એ રાહ

ધર્મીષ્ટને ઉપકાર વૃતિ દિયો જગત્પતિ !
રાજેંદ્ર છે ! મહામતી દયાની મુરતી
વીરનર નૃપપવર ભુપર રહે અજરને અમર–ધર્મીષ્ટ૦
નેકી નીતીની રાહે દોરી વીજયી તુંકર–ધર્મીષ્ટ

ગાદી ઉપર બીરાજમાન થયો, ત્યાં રંગ રાગ અને ગાન તાન શરૂ થયાં, ભાટ ચારણોને દાન આપ્યાં, અને જાચકોને ખુશી કર્યા મુંજરાજને ગાદી નશીન કરવાના સઘળા

કામથી પરવાર્યા, ત્યાં પ્રધાનજીએ કહ્યું, હવે આ તેલીઆને શી સજા કરવી, તે ફરમાવો. મુંજરાજે કહ્યું, તેલીઆનો શો દોષ ? એતો ચીઠીનો ચાકર; પૈસાનો લોભ, અને રાજ કુમારનું કામ, તેથી આ કામ તેણે કરેલું છે; તો આજની ખુશાલીમાં તેને છોડી દો. છોડી દેવાનું કહેતાં સીપાઇઓ એ તેને છુટો કર્યો અને કહ્યું ખબરદાર હવેથી આવું કામ કરીશ, તો દેહાંત દંડની સજા કરવામાં આવશે.

તેલીઓ કે જે નીર્ભય હતોજ, પરંતુ કચેરીમાં છુટો થયો ત્યાં કહ્યું, રાજાજી ! એતો એકવાર ભુલ, બીજીવાર એવું બને ખરૂ કે ? આજે આપની કૃપાથી બચી ગયો, પરંતુ હવે કદાપી એવાં કામ કરવાનો નથી. અનેક રૂપણુ નહી, પણ સીંધુલ કુમાર રાજ કુમાર હોવાથી તેમનો બોલ ઉત્થાપન નહી થવાથીજ આ કામ કર્યું છે. મુંજરાજે કહ્યું પ્રધાનજી ! કચેરી બરખાસ્ત કરો કચેરી બરખાસ્ત કરવાનો હુકમ મળતાં છડીદારે નેકી પોકારી અને દરબાર મંડળ સર્વ પોત પોતાને ઠેકાણે ગયું.

પ્રકરણ ૭ મું.

સીંધુલ દેશ વટે ભોજઅને જયાની દુઃખી હાલત

સીંધુલ દેશવટે નીકળી જવા ઘેર આવ્યો, અને વીચારમાં લીન બની ગયો. તેણે વિચાર્યુ, નશીબ ! નશીબ ! તારી વાત ન્યારી છે, ઘડીમાં રાયને રંક બનાવે છે, ઘડીમાં રંકને રાય બનાવે છે. હું નિર્દોશીને દોષીત બનાવનાર વીધિ તેંએવો લેખ લખ્યો હશે, તે કેવી રીતે મીથ્યા થાય ? વાહ વિધિ તારા લેખ !

ગાયન

સીંધુલ— (કરમ તારી કારીગીરી) એ રાહ

છઠ્ઠી લેખ લખનાર તું વિધી અજબ, વિચારે ન કાંઇ

કરે છે ગજબ—છઠ્ઠી૦

ગરીબને સતાવે તું વેરણ થઈ, પ્રપંચી કને તુજ
ચાલે નહી - છકી૦
રિદ્ધિ સિદ્ધિ ને તુજ હાથે લઈ, ફેંકે પાપ પ્રપંચ
વસતા જઈ—છકી૦
પાપાત્માને લાધ્યો તેં લક્ષ્મી લઈ, પુણ્યાત્માને કીધો
ભીખારી સહી—છકી
ધર્મી ઘેર ધાડ કર્મી કુશળ સહી, કઠોરતા એવી તુજ
હૃદયે રહી—છકી૦
ટળી ફંદ પામે અચળ પદ તહીં, જે તુજ કૃતીથી મુંઝયે
નહી—છકી૦

આ પ્રમાણે વીધાતાને ધન્યવાદ આપે છે ત્યાં ભોજ-અને જયા આવી સીંધુલને વળગી પડયાં અને કહ્યુ, પીતાજી! પીતાજી ! શું આમ નીરાધાર મુકીને જશોજ ! સીંધુલે કહ્યું, મારાં વ્હાલાં બચ્ચાંઓ ! નીરૂપાય ! નીરૂપાય ! દેસ-વટાની સજા ભોગવવીજ પડશે, પ્રભુ તમારૂ રક્ષણ કરશે.

ભોજ-જયા ગાયન.

(શું પીતાજી) એ રાહ

નહી જવાયે આમ પીતુ કરીને નોધારાં
કાળને મુખે મુકો પશુ બાળ આ બીચારાં—નહી૦
આપ જતાં કહો શરણું છે કોનું ?
બાળ હમો થાશું પીતુ અટુલાં અકારાં—નહી૦

આ પ્રમાણે ભોજ અને જયા સીંધુલને બાઝી રૂદન કરે છે, ત્યાં ગુણસાગર પ્રધાનજી આવી પહોચ્યા. ગુણસાગરે સીંધુલને કહ્યું, સીંધુલ કુમાર ! તમો એકદમ ચાલ્યા જાઓ; પાપની ઈચ્છા તમોને નાબુદ કરવાની છે. તેના પ્રપંચ સઘળા હું જાણું છું, તે વખતે અમો સૌ ખુલ્લા પાડી રાજગાદી ભોજકુમારને સોંપીશું. ભોજે ક, એ ; (!

એવી આવે છે, કે જઇને તેને પુરો કરૂં. પીતાજી આજ્ઞા આપો. પ્રધાનજીએ કહ્યું હાલ તે વખત નથી, વખત આવે વાત. ભોજે કહ્યું, પ્રધાનજી ! મને જવાદો.

ગાયન.

ભોજકુમાર— (બસ બસ જઇ) એ રાહ.

ઝટપટ જઇને આ તલવારે કરૂ ઠાર એ કાકાને
પ્રપંચમાં શું જાયેં ફાવી આમ રીબાવે રાંકાને
દીયો રજા પીતુ પ્રેમે છે આ તલસી તલવાર
દેશવટો નિર્દોશીને શું છે એનાં ભાર ?
પાપીને પહોચાડુ પલમાં યમરાયને દ્વાર—દીયો૦ ઝટ૦

ગુણસાગરે કહ્યું, કુમાર ! એ વખત આવશે, પ્રભુજી લાવશે; અધિરા ન બનો. હાલતો સીંધુલજીને જવા દ્યો. વખત આવતાં તેમને અત્રે પાછા બોલાવીશું, પણ હાલનો મામલો જુદો છે. ભોજ અને જયાએ કહ્યું, ગુણસાગરજી ! શું પીતાજીને ગયા વિના નહીજ ચાલે ? ગુણસાગરે કહ્યું, હાલ અહીં રેહેવામાં સાર નથી. સીંધુલે કહ્યું, ગુણસાગરજી ! મારૂ સુભેચ્છક આ અવનીમાં તમો વિના કોઇજ નથી; આ બાળકો તમને ભળાવું છું, ને હવે હું જાઉં છું. એમ કહી જયાને ભોજને પરાણે છુટાં કરી સીંધુલ ? દેશવટે નીકળી ગયો. સીંધુલ ગયો ત્યાં ભોજે અને જયાએ સીંધુલ દેખાણો ત્યાં સુધી કહ્યું, ગયા ઓ ગયા.

ભોજ—જયા ગાયન.

(હો ભાઇ) એ રાહ.

હો ભાઇ સંકટ સહેવું શી રીતે ?
હો એની હશે વિધિ નિર્મ્યું પ્રિતે—
પીતુની સંગે રહેતાં ઉમંગે, ઉલ્હાસ ઉર ધરીને
દેશવટે પરદેશ સીધાવ્યા, પીતુ પોતે નિજં હીતે—

પ્રપંચીએ પ્રપંચ કરીને, પીતુ કાઢયા વિદેશે;
વનમાં જઇને કષ્ટજ પામે, દુઃખ અધિક એ સહેશે—
હજરા હજુર છે સત્યનો સાહીક પાલક તાત જગતનો
સત્ય સુખ દાતા, છો જગત્રાતા સતીયાંનું દુઃખ નિવારો
હે પ્રભુજી ! દુઃખ સીંધુથી ઉગારો.

પ્રકરણ ૮ મું.

મુંજનો જયા પર પ્રેમ, પ્રેમની માગણી અને તીરસ્કાર

સીંધુલને દેશવટે ગયાને થોડા દીવસ થયા બાદ, એક દીવસે જયા પોતાની સખીઓ સહ માતાના મંદીરે દર્શન કરવા ગઇ. તહેવારનો દીવસ હોવાથી જયાએ કપડાં લતાં તથા જર જવાહીર અંગે ધારણ કરેલું હોવાથી તેની શોભા માં ઓર વધારો થયો હતો. જયા અને સૌ સખીઓ મંદી રે ગયાં, પરંતુ મંદીરે દેવીને થાળ ધરાવેલો હોવાથી દર્શન બંધ હતાં. તેથી સર્વેને મંદીરના ચોકમાં થાળ ધરતાં સુધી ખોટી થવાનું થયું તેથી સર્વ સખીઓ સહ જયા મંદીર પાસેના બગીચામાં આવ્યાં; અને હાસ્ય વિનોદની વાતો શરૂ કરી.

એક સખીએ કહ્યું, બ્હેન, માલતી આજે જયા બાની કાંન્તી જર જવાહીરનાં આભ્રણોથી કેવી દેદીપ્યમાન બની છે? માલતીએ કહ્યું, સખી તારૂ કહેવું બરાબર છે, પણ તેમના રૂપમાં પણ કયાં ખામી છે? આ જરજવા હીરને તેનું રૂપ કેવાં ઝાંખાં ભનાવી દે છે? મધુ સુખીએ કહ્યું, સખી માલતી! તારૂ કહેવું સત્ય છે, જોકે તેમનું રૂપ જર જવાહીર લજાવે તેવું છે, પરંતુ આતો હીરો પહેલથી શોભે તેમ રૂપવંતને વળી આભ્રણો પહેર્યાં ત્યાં બાકી શી રહે ?

જયાએ કહ્યું, બ્હેનો! મને શા માટે બાળો છો ? જેમ

ચંદ્રવીનાની રજની, દીપક વીનાનું પતંગીયું, અને સુર્ય વીનાનો દીવશ શોભે, એવા મારા દેદાર છે. માલતીએ કહ્યું બ્હેન મધુ મુખી ! સાંભળ્યા બાના મામીક વચનો ? ચંદ્રવીનાની રજની એટલે ચંદ્રની ખામી, દીપક વીનાનું પતંગીયું, દીપકની ખામી, અને સુંર્યવીનાનો દીવશ એટલે સુર્યની ખામી, પણ બ્હેન જયા ! ચોથુ બાકી શામાટે રાખ્યું ?

મધુ મુખીએ કહ્યું, જયા બ્હેને અધુરૂ રાખ્યું તે તું પુરૂ કરી નાંખ; માલતીએ કહ્યું, બ્હેન જયા ! ચોથુ એકે પ્રિય તમ વીનાની પ્રેમદા, કેમ ખરૂ કે નહી ? પણ તેની શા મા ટે ચિંતા કરે છે, ગુણુસાગર પોતે બે ચાર દીવસમાં તમો ને સાસરે મુકવા આવનાર છે, એટલે તો પછી ચંદ્રવાળી રજની થશે ને ? હમે તો રહેજ આભ્રણોની શોભાથી શો ભાછો એટલુંજ કહ્યું, ત્યાં તો કાંઈનું કાંઇ કહેવા મંડી પડયાં.

જયાએ કહ્યું, બ્હેનો ! નીતી આભ્રણોજ સતીને શોભા વે છે. જરજવાહીર હીસાબમાં નથી. સતીનો સાચો શણગાર શીયળ છે, અને તેનો એક નવો રાસડો મેં બનાવ્યો છે, જો ઇચ્છા હોય તો ગવરાવું. સખીઓએ કહ્યું, એવો રાસ રુા સુખેથી ગવરાવો. તમો એ બનાવેલ રાસડામાં કાંઈક સાર લેવા જેવું હશેને હશેજ એવી હમારી ખાત્રી છે. જ યાએ કહ્યું, તો હું ગાઉછું, ને તમો ઊપાડો.

ગરબો

જયા–સખીઓ—(રમા વર રામજીને) એ રાહ

બ્હેનો નીતી શણુગાર નીત્ય ધારો
જેથી સુધરશે જનમ તમારો ખરે ખર–નીતી૦
સાડી શીયળની અંગે ધરીને બ્હેનો પતીને રીઝાવો
નીતી કંચુકી અંગે કસીને પ્રીતમ પ્રભુ ગુણ
ઉચારો.–ખરેખર–સુધ૦

સાખી

પતી પ્રભુ સમ જાણીને, કરવી શેવા સાર;
તન મન પતી ચરણે ધરી, સફળ કરો સંસાર;
પતી વચનાધિન રહેવું, સુણો શાણી બાળા;
પતી વચન શીરે ધરી લેવું, સુણો શાણી બાળા;
ભવોદધિ તારનાર, સતી ઉદ્ધાર નાર;
જન્મ મરણ ટળનાર, સાચા પ્રાણના આધાર;
સતીને પતી વિચારો–ખરેખર સુધ૦

સાખી

શીયળ નીતી શણગારથી, રીઝે છે કીરતાર;
અમરનામ જુગમાં રહે, થાય સતી ઉદ્ધાર;
છે સતીને પતી એ દેવ સુણો શાણી બાળા;
કરવી પ્રીતે પતી શેવ, સુણો શાણી બાળા;
તજી મનના મલીન નિવારો–ખરેખર–સુધ૦

સખીઓએ કહ્યું, વાહ બેન ! તમો કાવ્ય કળામાં પણ પરિપુર્ણ છોશું નીતીનો રાસ ગવરાવ્યો છે, ધન્ય બ્હેન તમારા સુશીક્ષણને જયાએ કહ્યું, બ્હેનો ? ચાલો હવે માજીનાં દર્શન કરી ઘર તરફ જઇએ; વાર ઘણી થઈ, તેથી માજી વાટ જોતાં હશે. સખીઓએ કહ્યું, ચાલો. પછી સર્વ સખીઓ સહજયા દેવી મંદીરમાં ગઈ, અને સર્વે દર્શન કરી ઘર તરફ ગયાં.

જે વખતે સખીઓ સહજયા દેવી મંદીરમાં ગઈ, તે વખતે મુંજરાજ પણ દેવીનાં દર્શનાર્થે આવ્યો હતો. દેવીનાં દર્શનમાં તે લીન હતો ત્યાં જયાને ઠાઠ માઠમાં જોઇ સાચી દેવીને વીસરી ગયો, અને જયાદેવીને જોવામાં એકતાર બન્યો. જયા ગઇ ત્યાં તે પણ બહાર આવ્યો, અને જયા ઉપર તેની પ્રેમની લાગણી ઉશ્કેરાણી.

ગાયન.

મુંજ— (વાહ ખુબ બની) એ રાહ.

આહા ! શું બની ઠની પદમણી જયા શું બની ઠની૦—
નાજુક નમણી, શું સુંદર છે મુખ કૃતી, બની જેમ રતી,
કામસર અરરરરર રહયો હૃદય હણુ હણીરે–હાહા—
ચાલ છે હંસ ગતી સુંદર, કટીનીજ કેસરી સમ છે બની,
બની શું તેજ તણો અંબાર, હૃદયમાં વરસે મદન અંગાર,
જઈ કરૂં ઝટ દીલદાર, બતાવી પુર્ણ તેહ પર પ્યાર,
કરૂ મદન અગનને શાંન્ત, કરી એકાંત રમી રહીએ,
ઘટ ઘરમાં અરરરરર, એ સાચી દીલદાર પુતળી
પ્રેમ તણીરે હા હા–

એ પ્રમાણે વીચાર કરતો જયાને મળી પ્રેમની માગણી કરવાને માટે જયાના મહેલ તરફ ગયો. જયા કે જે સખીઓથી છુટી પડી પોતાના એકાંત વાસમાં આવી પતીને મળવાના વીચાર તરંગમાં બેઠી હતી, ત્યાં દાસીએ કહ્યું, બા ! કાકાજી મુંજરાજ પધારે છે. જયાએ કહ્યું, ભલે આવે. પુત્રીને મળવા આવતાં પીતાને, અને શીષ્યને મળવા આવતાં ગુરૂને, કોઇ પણ રીતે બાદ હોયજ નહી. દાસીએ કહ્યું સારૂ; એ પ્રમાણે દાસીએ મુંજરાજને જવાનું કહ્યું, ત્યાં મુંજરાજ જયા પાસે આવ્યા.

જયા—કાકાજી ! હું તે તમને શું માન આપું ? કાકાજી કહીને ? કે ગુરૂજી કહીને ?

મુંજ—પણ હવે તો ત્રીજો ધારી માન આપવું પડશે, સમજી ?

જયા—હા, સમજી. હવે ત્રીજુ માન રાજાજી કહીને આપવું પડશે. કેમ ખરૂને કાકા સાહેબ ?

મુંજ—જયા ? મારૂ આવવાનું કારણ તો તરા સમજવામાં આવ્યું હશે ?

જયા-- હા, કાંક પોથી બોથી માગવા આવ્યા હશો.

મુંજ— હા ! હા ! એજ પોથી.

જયા—કીઈ પોથી ? મને શું ખબર કે તમો કીઈ પોથી લેવા પધાર્યા છો. જનમારો ટીખળીને ટીખળી રહ્યા. પોથીનું નામ આપ્યા વીના કીઈ પોથી લેવા આવ્યા છો, તે મને શી રીતે સમજ પડે.

મુંજ-- જયા ! હું તારી પાસે પ્રેમની પોથી લેવા આવ્યો છું.

જયા--કાકાજી ! આંજે કાંઈ ભાંગ બાંગ પીને આવ્યા હો, તેમ જણાય છે.

ગાયન.

જયા--- (આ કહ્યું શું તમે) એ રાહ.

કેફે ચઢયા છો શું કાકાજી આજે-
પીતાની પ્રેમ પેથી પુત્રીની પાસે ?
ઘટે ન વદ્દવુ એ પુત્રીની સાથે
પ્રેમના પોથી એ છે પીયુ હાથે
ઘટે શું યાચવી પુત્રીની પાસે
છત્ર પતીનું આ પદ તુમ લાજે-

મુંજ-હાં ! હાં ! શરમનું કારણ સમજયો ! છત્ર પતી ધારી શરમાતી હઈશ ?

જયા-કાકાજી ! કાકાજી ! આ શું લવોછો ? ચીત્ત ઠેકાણે છે કે નથી ?

મુંજ-જયા !ચીતતો આજ સુધી ઠેકાણા પરજ હતું, પરંતુ જ્યારથી દેવી મંદીરમાં તને જોઈ, ત્યારથી ખસી ગયુંછે

જયા ગાયન

(ગીરધારીરે) એ રાહ

રાજાજીરે છેક બનો શું અવીચારી, ક્યાં ગઈ સદ બુદ્ધિ તમારી
આવુ ઘટતીરે વાત તમે શું ઉચ્ચારી, જરા દીલમાં જુવો વીચારી

છો વિદ્યા દાન દેનારારે, તમો સાચા ગુરૂજી માનરે
શીખવ્યા સતીના શુભ ધારારે, ગુમાવીરે કયાં એવિદ્વતા
સારી—જરા

મુંજ—હાં! હાં! બીજુ કારણ પણ સમજયો; ગુરૂ જાણી શરમાતી હઇશ, અને દુનિયાથી બ્હીતી હઇશ, પરંતુ કોઇને તેવી શંકા લાવવા કારણ નહી રહે; અને એક સબંધ કાકા ભત્રીજીનો, બીજો ગુરૂ અને સીશ્યણીનો સંબંધ છે તેમાં પ્રિતમ પ્રીયાનો સંબંધ વધશે. એમાં બગડવાનું શું છે?

જયા—અરે નીચ કામી કુત્રા! હું એક શીયળ ધારણ કરનારી શુરી ક્ષત્રાણીને આવું અધીત બોલતાં શરમાતો નથી?

મુંજ—કહેજા, કહેજા, તને ગમે તેમ કહેજા; પણ સમજે છે? તું મારા હાથમાં છે. સીધી રીતે નહી માને, તો પછી બળાત્કાર કરવાની જરૂર પડશે સમજી?

જયા—પુત્રી ઉપર બળાત્કાર કરનાર વાહરે પરમાળ કુળ દીપક કુમાર?

મુંજ—ત્યારે તું સીધી રીતે નહીજ માને કેમ?

જયા—જારેજા! હું એક શીયળ ધારણ કરતી સીંહણને ડરાવે છે કેમ? હજુ શુરી ક્ષત્રાણીઓના ઝપાટા જોયા નથી

મુંજ—તું બાચારી શું કરનાર હતી? હું હાથી આગળ તું મગતરાની શી ગુંજાશ છે?

જયા—મગતરાની ગુંજાશ વધારે છે, મગતરૂ કાનમાં પેસતાં હાથીનીજે દશા થાય છે, તેજ દશા હું ખરા રૂપપર આવતાં થશે. માટે ભુંડા રેહેવા દે. સાર નહી કાઢે.

મુંજ—અરે જારે તું સાર અસાર જાણવાવાળી? તારૂ શીયળ ભંગ કરી તને મારી રાણી બનાવીશ ત્યારેજ છોડીશ.

જયા—શું શીયળ ભંગ કરી રાણી બનાવવી છે કેમ? લેત્યારે!

જયા—   ગાયન.

(પરમાર કુળ કલંક) એ રાહ.

શીયળ ભંગ કરનાર કરૂં હું હવણાં ઠાર
લુંડી જાયો દીસે નક્કી ન્હોયતું પરમાર
શું કરૂ છે વકીલ નહીતર કરત કામપાર
ક્ષત્રાણીનું શુર લેતું જોઇ એ ગમાર

એ પ્રમાણે ખરા રૂપપર આવી કટાર લઇ મુંજરાજની છાતી ઉપર ચડી બેઠી; મુંજરાજે નિચાર્યું જો વખત નહી વરતીએ, તો હવણાં બેજાન થઇશ, એક અબળાને હાથે માર્યો જઇશ. એ પ્રમાણે વીચાર કરી કહ્યું, શાબાશ છે જયા! એ તો મેં તારી પરિક્ષા કરી; ક્ષત્રાણીનું સાચુ વિરત્વ તારામાં છે તેનો હવે મને નીશ્ચય થયો.

મુંજે મશ્કરી કરી પરિક્ષા લેવાનું કહ્યું, ત્યાં જયા એકદમ છાતી ઉપરથી નીચે ઉતરી, અને કહ્યું, કાકાજી ! શું આવી તે મશ્કરી હોતી હશે? સારૂ થયું કે વેહેલા સર કહ્યું; નહીતર મહા અનર્થ થાત, આ કટારે તમારા પ્રાણ જાત. મુંજરાજે કહ્યું હજી પણ માન.

મુંજ–જયા—   ગાયન

(શું અજબ બની) એ રાહ.

મુંજ– જો જરી દીલે ધારી–અરે પ્યારી
થાતાં પટરાણી હાલ, સાહ્યબી જોતું વીચારી–
જય હજી કરે શું તું બકવાદ–કરતું યાદ
મુંજ હજી વીચાર તું દીલજાન, ન્હોર શીદ હાથે
કરીને હાણ–
જયા—જા જા મુરખ હેવાન
મુંજ નહી છોડુ હું પ્રિય પ્રાણ
જયા—નહી કાઢે એમાં લ્હાણ

મુંજ—હાથે શીદ થાય હેરાન—
બન પટરાણી તું મારી—અરે પ્યારી—

જયાએ કહ્યુ, પાપીઆ! હજી પણ સનન વળી કેમ? આ વાકય બોલે છે. ત્યાં જયાની મા સાવીત્રી જયા પાસે આવી; સાવીત્રીને જોતાંજ મુંજે પોતાનું રૂપ ફેરવ્યું, અને કહ્યું, જયારે હું તને નહી કહું, ત્યારે બીજુ કોણ કહેશે? સાવીત્રીએ કહ્યું ખરૂં કહો છો રાજાજી! જ્યારે તેમો તેને શીખામણ નહી આપો, ત્યારે બીજું કોણ આપશે. તમો શીખામણ દેવા યોગ્ય છો, તે સાંભળવા યોગ્ય છે. જયાએ કહ્યુ. જુઠુ જુઠુ તદન જુઠુ; આ તર્કટી બોલવું છે. મુંજે કહ્યું, લગાર બે શીખામણના બોલ કહ્યા, ત્યાં કટાર લઇને સામે થઇ. સાવીત્રીએ જયાને કહ્યું. એનો ઠીક છે કે તારા બોલવા સામું જોતા નથી, નહીતો ચામડી ન ઉતરડી નાંખે ચામડી. મુંજરાજે કહ્યુ, હું જાઉ છું, પણ તેને કહેજો કે તે મારૂ કહેવું માને. એ પ્રમાણે કહી તે ચાલ્યો ગયો. તે ગયો ત્યાં સાવીત્રીએ કહ્યું, બ્હેન! વડીલના સામે થવાય કે? જયાએ કહ્યું માતાજી! ચાલો એ સઘળી હકીકત હું તમોને તમારા મેહેલમાં આવીને નીવેદન કરીશ. એ પ્રમાણે કહી માતા તથા પુત્રી મેહેલ તરફ ગયાં

પ્રકરણ ૯ મું.

રસીલી અને મુંજ જયાને ફસાવવાની પેરવી.

મુંજ જયા પાસેથી નીકળી વીચાર કરવા લાગ્યો, કે સાવીત્રી રાણીએ આવી બાજી બગાડી. પાસા ઉંધા પડયા. પરંતુ ગમે તે યુકિત કરવી પણ જયાને તો છોડવી નહી તે નહીજ. શી યુકિત કરવી? હાહા ઠીક યાદ આવ્યું, મારી વ્હાલી રસીલી પાસે જાઉં, અને તેની સાથે મળીને

યુક્તિ લઢાવું. તે શીવાય ધાટ નહી અને તે મારા ઉપર પ્યારા રાખે છે, પરંતુ મને તે દીઠે ડોળે પણ ગમતી નથી; પણ તેને ખોટા પ્યારમાં ફસાવવાથી બે કામ થશે. એક તો તેનો ભાઈ દુર્ગુણસીંહ સીંધુલનો દોસ્ત છે, એટલે તેને તેની માર્ફત મેળવી લઈશું, અને સીંધુલનું કાટલું પણ તેના હાથેજ કરાવીશું; બીજી જયાને રાણી બનાવાના કામમાં પણ તે હથીઆર રૂપ થશે, માટે તેને પ્રથમ મેળવી લેવી એવો વીચાર કરી તેને મળવા માટે તેના ઘર તરફ જવા નીકળ્યો.

આ પ્રમાણે વીચારમાંને વીચારમાં રસીલીના ઘર તરફ જતો હતો, ત્યાં દુર્ગુણસીંહ અને રૂપાળી સામાં આવતાં રસ્તામાંજ મળ્યાં; મુંજરાજે દુર્ગુણસીંહને કહ્યું, દુર્ગુણ સીંહ! તમો કેણી તરફ પધારો છો! દુર્ગુણસીંહે કહ્યું, હું મારી બ્હેન સાથે સિંધુલના મહેલ તરફ જતો હતો, ત્યાં આપનો ભેટો થયો.

મુંજરાજે કહ્યું તમો તો સિંધુલના જીવજાન દોસ્તદાર, એટલે સીંધુલનીજ તરફેણ કરવાના, હમારી તરફેણ કાંઈ કરનાર હતા? દુર્ગુણસીંહે કહ્યું, રાજાજી! એમ કેમ બોલો છો? મુંજરાજ કહે ખરૂ કહું છું, સિંધુલનું બુરૂ કરવામાં સામેલગીરી કરો ખરા કે? દુર્ગુણસીંહે કહ્યું, રાજાજી! જો પેટ ભરાતુ હોય, તો પછી દોસ્તદારને બોસ્તદાર; દોસ્તદારના ઘરમાં હશે, તો દોસ્તદાર ખાશે, અને મારા ઘરમાં હશે તો હું ખાઈશ; દોસ્તદાર કાંઈ મારા હાંડલામાં ઓરી જવાનો નથી. હાં! એમ છે! દુર્ગુણસીંહે કહ્યું, હા રાજાજી, તેમજ છે. મુંજરાજે કહ્યું, જો સીંધુલ દેશવટે ગયો છે, તેની પાછળ જઇ તેને ઠાર કરી આવો, તો મોહોટા જાગીરદાર બનાવું; દુર્ગુણસીહે કહ્યુ. જાગીરદાર! મુંજરાજે કહ્યું હાહા જાગીરદાર; દુર્ગુણસીંહે કહ્યું, તો આ બંદા તૈયાર. મુંજરાજે કહ્યું હાલને હાલજ જાઓ,

અને સીંધુલને ઠાર કરીને આવો એટલે તમારો બેડો પાર. દુર્ગુણસીંહે કહ્યું, ત્યારે તૈયાર; પણ જો જો પાછળથી ફરી જતા નહી. રસીલીએ કહ્યું ભાઈ, રાજાજીને ફરતા હશે? દુર્ગુણસીંહે કહ્યું, તો બ્હેન જાઉં છું.

મુંજરાજે કહ્યું, શું આ તમારાં બ્હેન છે? દુર્ગુણસીંહે કહ્યું, હા રાજાજી આ મારી બ્હેન છે, બીચારી બાળરાંડ છે. મુંજરાજે કહ્યું, પણ ઘણી હોંશીઆર અને ખબરદાર છે. રસીલીએ કહ્યું, કેમ ના હોઇએ? મારો પ્રસંગ પડે, તો પછી મારી હુશીઆરીની ખબર તમોને પડે સમજ્યા? મુંજરાજે કહ્યું, સીંધુલની પુત્રી જયા છે, ને હું ચાહું છું, જો તેને વશ કરી આણો, તો તમારો બેડો પણ પાર. પટરાણીનું પદ પછી કાંઈ છે રસીલીએ કહ્યું, અરે આમ વશ કરી દઉં, પછી કાંઈ છે?

દુર્ગુણસીંહે કહ્યું, રાજાજી! જયાને તો સાસરે વળાવાની છે, અને ગુણ સાગર પોતે પહોચાડવા જવાના છે; મુંજરાજે કહ્યું, કદાપી અહીથી છટકી જશે, તો ત્યાંથી ઉપડાવી લાવવાની યુકિત કરવી, અને ઉપાડી લાવવી. દુર્ગુણસીંહે કહ્યું, શી? મુંજરાજે કહ્યું, કલ્યાણ દેવના મનમાં જયા ઉપર શંકા ઉત્પન્ન થાય, તો તે તેનો ત્યાગ કરે માટે તેવી યુકિત કરવી, અને જયાને અહીં ઉપાડી લાવવી પછી એ અહીંઆં કેદખાનામાં સડશે, એટલે એની મેળે કબુલ થશે. અને કોઇને મારા ઉપર શક પણ આવશે નહી. દુર્ગુણસીંહે કહ્યું, પણ ભોજકુમાર ઘણો વીચિક્ષણ છે, તેનું કાંઈ ધાર્યું? મુંજરાજે કહ્યું, તેને તેલીઆને ભળાવીશું, એટલે તેનું કામ તે કાઢી નાંખશે, એટલે દરેક કાંટા દુર થઇ જશે, અને રાજ્ય નિષકંટક થશે. પણ તમો જાઓ અને તૈયાર થઇ મારી પાસે આવો. દુર્ગુણસીંહે કહ્યું, તૈયાર થઇને હાલ આવું છું, એ પ્રમાણે કહી તે ગયો.

દુર્ગુણસીંહ ગયો; ત્યાં રસીલીએ કહ્યું, વ્હાલા ! પણ મનેતો પટરાણીને ? મુંજરાજે કહ્યું, હા હા, જયા તારી તે હોતમાં રહેશે, પછી કાંઇ ? રસીલીએ કહ્યું, પણ વ્હાલા? મારા રૂપની હું શું પ્રશંશા કરૂ ? શરદ પુનેમના ચંદ્ર સરીખુ મુખ ! વિશાળ કપાળ ! શુંક ચંચુસમ નાશીકા.! દાડમ કળી જેવા દંત ! ગુલાબી ગાલ ? લીંબુ જેવા કુચ ! પોયણુ સરખુ પેટ ! સીંહ કટી ! કદળી જગા ! કેમ વ્હાલા હું તમોને ગમુ છું ને ? મુંજરાજે નારાજ મનથી કહ્યું, હાહા પુરે પુરી ગમે છે, પણ જયાને વશ કરે તો ?

રસીલીએ કહ્યું, વ્હાલા ! મારા રૂપ પાસે જયા શું હીસાબમાં છે ? મુંજરાજે કહ્યું, જરીએ નહી; રસીલીએ કહ્યું, તો તેનું કામ શું છે ? મુંજરાજે કહ્યું, મેં સેહેજ સાજ વાત કરી. તેમાં મારા સામી થઈ ગઇ, અને મને કઠોર વચનો કહ્યા, માટેજ તને તે કામ ભળાવું છું. રસીલીએ કહ્યું, હાં ! એમ છે ? મુંજરાજે કહ્યું, હાહા, નહીતર તેને શું પુજવી હતી. તું કયાં એનાથી કમ છે; પણ આતો તેના બોલ તેના મોંમાં ઘાલવા છે એટલુંજ છે. રસીલીએ કહ્યું, તો તો આમ, પણ મને પટરાણી; મુંજરાજે કહ્યું, હા હા, તું પટરાણી. તારા રૂપ ઉપર તો હું ગાંડો ઘેલો બની ગયો છું (જોઇને ફારી આવે છે) રસીલીએ કહ્યું, તો વસ્ત્ર શણગાર સજાવી મહેલમાં લઇ ચાલો; મુંજરાજે કહ્યું હાલતો અલગ મહેલમાં રાખીશ અને પછીથી મહેલમાં દાખલ કરી દઇશ. તારા ઉપરતો આજાન ફીદા ફીદા છે.

ગાયન

મુંજ–રસીલી— (મોહયો મોહીની) એ રાહ

મુંજ–અનાયસે મળી ગઇ મનહર
રસી–શાણા સાચા છો પ્રેમી સુખકર
મુંજ–મુખ મન હર કેવું દીસે છે સુંદર–અના૦
મુંજ—અજબ છે નેણુ તારાં નાજુક નાજની

મળી અમુલ્ય તું ધન્ય ઘડી આજની
રસી—સ્વીકારી સ્હેજે રંગીલા રસીકવર-
મુંજ— ....આના
રસી—પ્યાસી છું પ્રેમની રસીલાની રૈહેમની
મુંજ—વાહ વાહ પ્રેમી દીલદાર
રસી-- ... ...મારા છબીલા ભરથાર-
મુંજ-- ... .અના

વ્હાલી! તને બહારના નદી કીનારાના મ્હેલમાં મોકલાવું છું, અને રાજ્ય રાણીને લાયકનાં વસ્ત્ર શણગાર દાસીઓ સાથે મોકલાવું છું. પણ જયાની બાબત કદી તે ધ્યાનમાં રાખવાની છે. રસીલીએ કહ્યું, પણ જયાને મારી પાસે મોકલાવો તો તો ઠીક ફાવે. મુંજરાજાએ દુર્ગુણસીંહ આવતો જોઈ કહ્યું, વ્હાલી! તરોભાઇ દુર્ગુણસીંહ દ્વિજ અહીં આવે છે, તેની સાથે પ્રથમ તને બહારના રાજ્ય મહેલમાં મોકલાવું છું, અને જયાને તે તારી પાસે તેડી લાવે તેવી પેરવી કરૂં છું, રસીલાએ કહ્યું, એટલું કામ કરો, કે બેડોપાર.

દુર્ગુણસીંહ મુંજ પાસે આવ્યો, અને કહ્યું રાજાજી! આ શેવક તૈયાર છે, હવે ફકત આપના હુકમનીજ વારે વાર છે. મુંજરાજે કહ્યું, પ્રથમ તમો તમારી બ્હેનને નદી કીનારાના રાજ મહેલમાં મુકી આવો અને પછી જયાને તેની પાસે આડુ અવળુ સમજાવીને મોકલો, પછી બીજી વાત. દુર્ગુણસીંહે કહ્યું, બહુ સારૂં. હાલજ જાઉં છું અને રસીલીને મહેલમાં મુકી જયાને તેની પાસે મોકલાવું છું. મુંજરાજે કહ્યું, જો જો? કોઈના કળ્યામાં ન આવે? નહી તો બાજી બગડી જશે. દુર્ગુણસીંહે કહ્યું, રાજાજી! આ બંદામાં નામ એટલેજ ગુપ્ત છે, એટલે કોઇના શું ભાર છે, કે આ બંદાની વાત કળી શકે? મુંજરાજે

કહ્યું, બહુ સારૂ જાઓ. રસીલીએ કહ્યું, પણ તમો હાલ જઇને દાસીઓની સાથે વસ્ત્ર શણગાર મોકલાવો. મુંજે કહ્યું જઇને હાલજ મોકલું છું. એ પ્રમાણે સંકેત કરી રસીલી બહારના મહેલ તરફ અને મુંજ પોતાના રાજ્ય મહેલ તરફ ગયો.

દુર્ગુણસીંહ તેની બ્હેન રસીલીને મહેલમાં મુકી એકદમ સાવીત્રી રાણી પાસે આવ્યો; સાવીત્રીએ પોતાના પતીનો મીત્ર જાણી જયા ઉપર જે જુલમ ગુજર્યો હતો, તે સવીસ્તર કહી સંભળાવ્યો. દુર્ગુણસીંહે રાણી સમક્ષ મુંજને તીરસ્કાર આપ્યો, અને જયાને પોતાની બ્હેન રસીલી પાસે રાખવી, જેથી મુંજરાજનો ડર નહી રહે તેમ રાણીને સમજાવ્યું. ભોળી રાણી કબુલ થઈ; અને જયાને બોલાવવા તેની દાસીને મોકલી.

દાસી જયાને તેડી લાવી, ત્યાં રાણીએ કહ્યું, બ્હેન જયા! આ તારા કાકા દુર્ગુણસીંહ કહે છે, તેમ કરવું ઠીક છે. બે દીવસ પછી તને તારે સાસરે વળાવવાની, છે તેટલો વખત તું તેમની બ્હેનની પાસે રહે, તો તને તારા કાકા તરફથી કોઇપણ રીતનો ઉપદ્રવ થઇ શકશે નહી. અને બે દીવસ નિર્વિઘ્ને ચાલ્યા જશે. જયાએ દુર્ગુણસીંહને પોતાનો હેતુ સમજી કબુલ કર્યું, અને તેની સાથે તેની બ્હેન પાસે જવા હા કહી, અને તેની સાથે ગઇ.

જયાને લઇ દુર્ગુણસીંહ ગયો, ત્યાં ગુણસાગર પ્રધાન સાવીત્રી રાણી પાસે આવ્યા; સાવીત્રીએ જયા ઉપર મુંજ તરફથી વરતાયેલો જુલમ કહી સંભળાવ્યો, અને જયાને દુર્ગુણસીંહ તેની બ્હેન પાસે નહી ઉપરના મહેલમાં લઈ ગયાનુ જણાવ્યું. દુર્ગુણસીંહની બ્હેન રસીલીનું નામ સાંભળ્યું, ત્યાં ગુણસાગરને શંકા થઈ. કારણ દુર્ગુણસીંહની બ્હેન રસીલી, મહા પાપનું પુતળુ, અને કુછંદી છે, તેમ એ જાણતા હતા. પરંતુ આ વાત રાણીને નહી કહેતાં

ભોજકુમારને લઈ જયાને પાછી તેડી લાવવી, અને વખતે આફતમાં હોય, તો બચાવવી એવો નીશ્ચય કર્યો. કારણ રાણીને વાત કહે, તો રાણી ચિંતામાં પડે.

ગુણસાગરે વીચાર કર્યો કે, પાપી દુર્ગુણસીંહને સિંધુલની દશા ફરતાં તે દેશવટે ગયો, એટલે મુંજકુમારે મેળવી લીધો તેમાં શક નહી. જો તેમ ન હોય, તો પોતાની કુછંદી બ્હેન પાસે જયાને લઇને જાયજ શા માટે? માટે નક્કી કંઇક દગો છે. ભોજકુમારને લઇને જો તે દુષ્ટના પાસમાં ફસી હોય, તો તેના બચાવ માટે, નહી તો તેને પાછી તેડી લાવવા જવું તેજ ઉત્તમ છે. એમ વીચાર કરી ભોજને સમજાવીને કામ લેવાના વીચારે ભોજકુમાર પાસે ગયો.

પ્રકરણ ૧૦ મું.

રસીલી ને ત્યાં જયા કેદ અને છુટકારો.

ગુણસાગર ભોજકુમાર મુંજરાજાના પુત્ર જયંત સાથે વાર્તા વિનોદ કરી રહ્યો હતો, ત્યાં આવ્યો અને સાવીત્રી રાણી તરફથી મુંજરાજાએ જયાપર ગુજારેલી આફત કહી સંભળાવી, અને દુર્ગુણસીંહ નદીકાંઠાના મહેલમાં પોતાની બ્હેન રસીલી પાસે સાવીત્રી રાણીને સમજાવીને જયાને તેડી ગયો છે તેમ જણાવ્યું. મુંજરાજાનો પુત્ર જયંત મનમાં ખેદ સાથે પોતાના પીતાને ધિક્કાર આપવા લાગ્યો અને કહ્યું, ચંડાળ પીતાની ચોટી મારા હાથમાં છે, પણ હાલ વખત નથી, વખત આવે વાત. વો નીચ! પોતાની સ્ત્રી ઉપર જુલમ?

ગુણસાગરે કહ્યું, જયંતકુમાર! હજીપણ એટલેથી તે નીચ બેશી નહી રહે. બીજા હજારો કારસ્તાન કરશે. જયા બ્હેનને દુર્ગુણસીંહ તેની બ્હેન રસીલી પાસે લઈ ગયો

છે. પણ તેમાં મને દગો ભાસ છે, કારણ તે રંડા મહા નીચમાંની નીચ, અને કાળા કર્મોની કરનારી છે, અને દુર્ગુણીંહને પણ મુંજરાજે મેળવી લીધો હોય તેમ જણાય છે. સીંધુલકુમારને દીવસ હાલ પલટાઈ ગયો છે, તો તે પણ પલટાઈ જાય તેમાં નવાઈ જેવું નથી. માટે હાલને હાલ નદીપરના મહેલે જાઓ, અને જયા બ્હેનને બચાવો. જો વખત જશે, તો જયાબ્હેનને માંથે કંઇક આફત ઉભી થશે.

જયંત કુમારે કહ્યું, ગુણ સાગરજી ! તમો તે વાતે નિશ્ચીંત રહો હમો હલ જઈ તે દુષ્ટાના કબજામાંથી જયા બ્હેનને લઇ આવીએ છીએ. અજાણપણામાં તે પાપીઓ ગમે તેમ ફાવી જાય, પરંતુ હમારી જાણમાં આવ્યા પછી એ રંડાના તથા પાપી પીતાના ભાર શા છે? કે જયા બ્હેનનો વાંકો વાળ પણ કરી શકે. તમો તમારે જાઓ, તમારૂ કાંઇ કામ નથી. હું તથા ભાઇભોજ જઇને બ્હેન જયાને તેડી હાલ આવીએ છીએ. ગુણ સાગરે કહ્યું, ભાઇ મને સાથે આવવા દો, તમો બાળક છો. જયંત કુમારે કહ્યું, ગુણ સાગરજી ! તે બદલ ચિંતા રાખતા નહી, ગમે તેવા પણ શુદ્ધ ક્ષત્રાણીના સાચા બાળ છે, પાપીના પુરે પુરા કાળ છે. ગુણસાગરે કહ્યું, ભાઇ, હાલ બળનુ કામ નથી, કળેથી કામ કાઢી લેવામાંજ માલ છે, માટે મને સાથે આવવાદો, ભોજકુમારે કહ્યું, બહુ સારૂ. તમારી ઇચ્છા છે તો ચાલો એ પ્રમાણે કહી ગુણસાગર તથા જયંત અને ભોજકુમાર નદી ઉપરના મેહેલ તરફ ગયા.

નદી ઉપરના મેહેલમાં રૂપાળી કે જે રાજ રાણીનો સ્વાંગ ધરી બે દાસીઓ ઉપર હુકમ ચલાવી રહી છે, ત્યાં ભોજકુમાર અને જયંત સાથે ગુણસાગરે કહ્યું, ભાઇ જોયું, તારા પીતાનું કારસ્તાન ? આ રંડાને રાણી બનાવી તેની માર્ફત જયા બ્હેન ઉપર જુલમ ગુજારવાનું પાપીનું કારસ્તાન? પ્રથમ તો ગુપ ચુપ તે રંડના મનના

વીચારો જાણી, પછીથી યોગ્ય લાગે તે રસ્તે બ્હેનને બચાવી લેવાં, માટે છાનામાના જોયે જાઓ. એ પ્રમાણે વિચાર કરી છાનામાના સંતાઇને રસીલીના વીચારો જાણવામાં ગુંથાયા.

રસીલી કે જે રાજ રાણી બનીને પોશાકમાં સજ થઇ દાસીઓ ઉપર હુકમ ચલાવતી હતી; તેણે કહ્યું, દાશી ! જોયું મારૂં સ્વરૂપ ! હું કેવી લાગું છું ? દાશીઓએ મશ્કરીમાં કહ્યું કેવાં કેમ ? જાણે રાજ રાણી ! (મનમાં કહ્યું) ચુડેલ જેવી વંતરી) રસીલીએ કહ્યું, હવે રાજાજીની માનીતી થઇ એટલે રાજ રાણી તો ખરીજને ?

રસીલી–દાશીઓ (રૂપાળી હું રાજ્ય રાજાની) એ રાહ

રસીલી હું દીલદાર રાજ્યની, કોણ તણી હવે રાખુ પરવા;
મુંજરાજ મેં વશ કરી લીધા, મોજ ન માણું હવે શું
કરવા—રસીલી૦

દાશી હમો શું મુખ ઉચરીએ, અજબ મોહીની બાઇ તમારી;
લટકે મટકે રાજ રીઝાવી, રાજરાણી બન્યાં એ હે શીઆરી
બાણ નયનથી, સ્વરૂપ આ તનથી, વાત વીનોદથી હર
કોઇ જ નથી
પામર પુરૂષ તુર્ત પલટાઇ જાયે, ગમે તેવો ઝટ ભોળ
વાઇ જાયે

દાશીઓએ કહ્યું, બા ! એવાં ખોટાં નખરાં, અને ખોટા હાવ ભાવથી ભોળવાય તે તો હૈયાના કાચા, અને વિષય અંધ હોય તેજ ભોળવાય, બીજા ન ભોળવાય સમજ્યાં ? રસીલીએ કહ્યું, ત્યારે શું મુજરાજ વિષય અંધ છે ? દાશીઓએ કહ્યું, બાઈ ! ગમે તેવો વિષયાંધ રાજા કે પુરૂષ હોય, બ્હેન બેટીનો વીચાર કરે, પણ જેણે સીંધુલકુમારની પુત્રી કે જેના પુજ્ય વડીલ કહેવાય તેના ઉપર બુરી દાનત કરી અત્રે આણી છે, તો પછી તેમની પવિત્રતાની વાત ત્યાંજ ને ?

રસીલીએ કહ્યું, તમો મુરખ શું સમજો; જયાને રાજ રાણી બનાવશે, તેમાં જયાનું શું ખોટું થશે ? દાશીઓ એ કહ્યું, બાઈ સાહેબ ! આપ વિધવા થતાં આ રાજ રાણી બની ગયાં તેમાં તમારૂ શું બગડયું ? જો પતી હયાત હોત તો કાંઈ રાજ રાણી બનત ? રંડાયા પછી રાજરાણી બની અનુપમ સાહ્યબી ભોગવનાર મહા સતીના વચનો અને વિચારોમાં ખામી હોય ખરી કે ! રસીલીએ કહ્યું, એમાં મેં શું ખોટું કહ્યું ? અને ખોટુ કર્યું ? રાજાને સાત વખત ઈચ્છા હતી તો રાજ રાણી બનાવી. ખબરદાર ફરીથી એવું બકયાં તો ?

દાશીઓ એ કહ્યું. બાઈ સાહેબ ! ચઢી ન જાઓ. હમો ગરીબ દાશીજનોનું શું ગજુ કે આપની સામે એક અક્ષર પણ બોલી શકીએ ? પરંતું હમારા દીલને ખરૂ લાગ્યું, તે હમોએ તમને કહ્યું. અને ખરૂ કહેવું તે હમારો નોકરોનો ધર્મ છે. પરંતુ જેવી રીતે વિષયાંધ મુજ-રાજને વશ કર્યાં, તેવી રીતે ભોજકુમારને વશ કરો, તો તો તમારી પુરી બહાદુરી. રસીલીએ કહ્યું, વખત આવે ભોજ-કુમારને પણ વશ કરતાં વાર નહી લાગે.

આ પ્રમાણે રસીલી અને દાશીને આવી વાત ચીંત ચાલે છે ત્યાં ગુણસાગરે કહ્યું, જયંતકુમાર ? સાંભળી તમારા પ્રપંચી પીતાની ખટપટ ? અને સાથે આ પાપણીની લટપટ; જયંતે કહ્યું, પ્રધાનજી ! ક્રોધ તો એવો આવે છે કે હાલને હાલ આ રંડાને અને એ પાપી પીતાને ઠાર કરૂ, પણ સમય નથી. સમય આવે સર્વ સારાં વાનાં થશે. હાલતો જયા બ્હેનને કોઇ યુક્તિથી ઘેર લઈ ચાલો પછી બીજી વાત. ભોજકુમારે કહ્યું, ભાઇ જયંત ! આ દાશીઓ એ રંડા ઉપર અંદર ખાનેથી બળતી હોય તેમ જણાય છે માટે તેને ઇસારતથી. બોલાવીને બ્હેનનો પત્તો મેળવો અને પછી યોગ્ય લાગે તેમ કરો.

આ વીચાર જયંતને ઠીક લાગ્યો, અને ઈસારત કરી એક દાસીને બોલાવી અને પુછયું, બોલ્ય જયા બ્હેન કયાં છે? દાસીએ કહ્યું, કુમાર સાહેબ! સારૂ થયું કે તમો આવી પહોચ્યા. જો વખત જાત, તો જયા બ્હેન ઉપર મુંજરાજ તરફથી જુલમ ગુજરાત, અને વખતે છુરી જયા બ્હેન આપઘાત કરત; કાંતો મારત કે મરત. જયા બ્હેન પાછળના ઓરડામાં છે ત્યાં તમો આવો, હું આ રંડાને ખબર ન પડે તેમ ચુપચુપ દ્વારની સાંકળ ઉઘાડુ છું, ત્યાં થી જયા બ્હેનને એકદમ બચાવો, અને આ રંડાને અને તમારા પાપી પીતાને પુરેપુરા બનાવો.

જયંત કુમારે કહ્યું, પ્રથમ બ્હેનને બચાવા દે, બનાવાની વાત પછી. દાસીએ કહ્યું, ચાલો હું પાછળનું દ્વાર ઉઘાડુ છું, તમે તે રસ્તે આવો જયા બ્હેનને બચાવો. હમો તો અંતરમાં ઘણાં એ બળી મરીએ છીએ, પણ હમારૂ દાશીજનનું શું જોર? હું હાલજ જાઉં છું, તમો પાછલા દ્વારે તૈયાર રહો; એ પ્રમાણે કહી તે દાશી રસીલી પાસે ગઈ.

રસીલીએ કહ્યું, દાશી? આ સાડી મને બીલકલ પસંદ પડતી નથી, તે મારા ગૌર બદનને શોભાવવાને બદલે ઉલટુ લજાવે છે. દાસીએ કહયું, ખરૂં કહો છો બાઈ, આ સાડી તમને બીલકુલ શોભતી નથી. માટે પેલી બીજી ગુલાબી સાડી છે તે પરિધાન કરો તો તો તમારી શોભામાં કાંઈ ખામી ન રહે. રસીલીએ કહ્યું, ચાલ્ય ત્યારે તેજ પહેરૂં. રાજાની માનીતી થઈ મન ગમતું ન પહેરૂં ઓઢું તો પછી માનીતી થવામાં માલ પણ શું! દાસીઓએ કહ્યું, ખરૂ કહો છો બાઈ સાહેબ! હવે રાજાની માનીતી થયાં, એટલે મન ગમતું પહેરો ઓઢો, ફરીથી એવું નહી મળે. હવે તો નવા નવા પોશાક પહેરી રાજાજીને રીઝાવો.

રસીલીએ કહ્યું એક જણ ચાલો મારી સાથે. અને મને તે ચીર પહેરાવો; અને એક જણ અહીંજ રહો, અને રાજાજી આવે તો કહેજો કે મારાં બાઈ ચીર બદલવા ગયાં છે, ને મને ખબર આપો. દાશીએ કહ્યું, બહુ સારૂ બાઈ આ પ્રમાણે એક દાશીને લઇ મહેલમાં ચીર બદલવા ગઈ, ત્યાં જે દાશીને અત્રે મુકી ગઈ તેણે કહ્યું, સારૂ થયું કે બલા ગઇ. (ઇસારાથી જયંતકુમારને) હવે તમો સત્વર જાઓ હું બાર ઉઘાડું છું કહી બાર ઉઘાડવા ગઇ.

દાશીએ દ્વાર ઉઘાડી ગુણસાગર, જયંત, અને ભોજકુમાર ત્રણેને જયા બ્હેનને સુવાડી હતી ત્યાં લઇ ગઈ. ગુણસાગરે જયા બ્હેન જે નીંદ્રાવશ થઈ હતી, તેને જાગૃત કરી અને તેને લઇ બંને કુમારોને સાથે આવવા કહ્યું, જયંતે કહ્યું, ગુણસાગરજી ! તમો જયા બ્હેનને લઈને જાઓ, હમો પાછળથી આવીશું. પ્રથમ તો એ પાપી પીતાને અને એ રંડાને પુરેપુરાં બનાવીશું, ત્યારેજ આવીશુ. હમારી ચિંતા નહી રાખતાં તમો સત્વર નીકળી જાઓ. ગુણસાગરે કહ્યું, જો જો ? વખત વીચારીને ચાલજો. મામલો વીકટ છે. જયંતકુમારે કહ્યું, પણ હવે તેનો અંત નિકટ છે. વધારેવાર નથી. જયંતનાં બહાદુરીનાં વચનો સાંભળી ગુણસાગરને સંતોશ થયો, અને જયાને લઈને ત્યાંથી વીદાય થયા.

ગુણસાગર ગયા ત્યાં જયંતે કહ્યું, ભાઈ ભોજ ! એ રંડા તો તમને પણ વશ કરવા માગે છે, તેનું કાંઈ ધાર્યું ? ભોજે કહ્યું, ચાલો આપણે બે, જોઈએ કે તે કેવી રીતે વશ કરે છે ? જયંતે કહ્યું, પણ ભાઇ ! એ રસીલી કોણ છે ? ભોજે કહ્યું, ભાઇ જયત! હજી ના ઓળખી ? જયંતે કહ્યું, જો ઓળખાતો હાઉ, તો પછી પુછવાથી શું કામ ? ભોજે કહ્યું, જો ન ઓળખતો હો, તો પુરેપુરી ઓળખાવું. તમારાંમા અને મારાં કાઢી.

જયંતે કહ્યું, ભાઈ ભોજ! મારી મશ્કરી કરે છે. ભોજ-કુમારે કહ્યું, ભાઈ મશ્કરી નથી કરતો, મારા કાકા મુંજ-રાજનાં રાખેલાં એટલે મારાં કાકી પણ તમારાં તો મા ખરાંને! જયંતે કહ્યું, ભાઇ ભોજ! પીતાજીનાં કુત્યોએ તો હદવાળી. પણ હવે તેમને પુરેપુરા બનાવું ત્યારેજ હું ખરો

ભોજે કહ્યું પ્રથમ તો તે રંડા પાસે ચાલો. પહેલાં તેને બનાવીએ, પછી તમારા પીતાની વાત. જયંતે કહ્યું, ભાઇ નાહક એ રંડા પાસે જવામાં શું સાર છે? ભોજે કહ્યું, ના ભાઈ, પ્રથમ તો તે રંડાનેજ બનાવવી. તમો નહી આવો તો હું એકલો જઈશ. જયંતે કહ્યું, ભાઈ તેમાં સાર નહી કાઢો. ભાઇ તેમાં તમો ન સમજો. એવી રંડાઓને તો અવશ્ય પાંશરી કરવી જોઈએ, જયંતે કહ્યું, ઠીક તમારી મરજી હું તો જયા જયા બ્હેનની જગોએ સુઇ જાઉંછું, અને એ પાપી પીતા આવે કે તરત પુરેપુરો બનાવુંછું, અને તમો એ રંડા પાસે જાઓ છો, તેની ગમ્મત જોયે જાઉંછું પણ–

જયંત ભોજ — (તજી નહી છોકરવાદી) એ રાહ

જયંત–જાવાદોને વાત ભાઈ સાર એમાં કંઈ નહી

વેશ્યાની પાસે જઇ હલકા થાશો ભાઇ સહી–જાવા

ભોજ–મન મુંઝાઓ નહી જરી, એ રંડા શું કરનાર છે?

જયંત–જગત રંડા નીચ નારી, વતાવવામાં ન સાર કાંઇ–

ભોજ–શંકા ન લાવો દીલમાં, હુ સાચો ક્ષત્રી વીર મણી

જયંત–ઇચ્છા તમારી જાઓ સુખે......................

ભોજ–.......................રંગ જુવો રહી મહેલ મહી–જાવા

આ પ્રમાણે અંકેત કરી જયંત મહેલમાં ગયો, અને જયાની જગોએ જઇને ગુપચુપ ગોઠવાઇ ગયો, અને એ રસાલી તથા ભોજ વચ્ચે શું મઝા જામે છે તે જોવામાં એક તાર બન્યો.

પ્રકરણ ૧૧ મું.

ભોજકુમાર પર રસીલી આશક ભોજનો તીરસ્કાર

ભોજકુમાર જયંતથી છુટો પડી રસીલીના મહેલ તર ફ આવતો હતો, તે રસીલી કે જે ચીર બદલી ઝરૂખે મું જરાજની વાટ જોઈને ઉભી હતી, તેની દ્રષ્ટીએ પડયો. ભો- જને જોતાંજ તેનું મન વિહ્વળ બન્યું; અને એકદમ ઝરૂખે થી ઉતરી નીચે આવી. રસીલીને વીહ્વળ બનેલી જોઇ દાશીએ કહ્યું, બાઇ સાહેબ ! આટલાં બધાં વીહ્વળ કેમ બન્યાં છો ? રસીલીએ કહ્યું, દાશી, પેલો સુર્ય સમાન કાં- ન્તીદાર રાજપુત્ર જેવો કોણ છે ? દાશીઓએ કહ્યું, બાઇ એને તમે ન ઓળખ્યા ? એતો મુંજરાજ પછી થનાર ગા દીના વારસ ભોજકુમાર પોતે છે. રસીલીએ કહ્યું, શું આટ લો બધો કાન્તીદાર ? દાશીઓએ કહ્યું, કેમ ન હોય ? રાજ કુમાર છે, રાજગાદીનો સાચો હક્કદાર છે. રસીલીએ કહ્યું, ત્યારે એને પ્રેમ પાસમાં બાંધી લઉ તો ?

દાશીઓ--રસીલી-(જુવો જુવો રાજાજી) એ રાહ

બોલ્યાં બોલ્યાં શું બાઇ, કરો વીચાર કાંઇ, એતે વાત
બને કદી નાહી.
એછે છેલો હું છબીલીનાર, પ્રિતે સ્થાપુ કરી ભરથાર-બો૦

દાશી— સાખી

તપે તપાવે નવ પડે, કુંદન કદીએ શામ
મીઠાશને સાકર તજી, ન થાય કડવી નામ
નેવ નીર ન મોભારે જાય, ભાત પટોળીની ન પલટાય
ભલે ફાટીને કુથો એ થાય.

સાખી

શીયળ શંગાર પરમારતે વેશ્યા યાર ન થાય
ભલે દીલમાં ધારો પણ ઉંધે ઉંધુ મનાય

બને કસ્તુરી કાંદા સમાન? સિંહ જાતી બને કેમ સ્વાન!
કામ પાસે પડી ભુલ્યાં ભાન. બોલ્યાં

રસીલીએ કહ્યું, હવે વધારે ડાહ્યાપણુ મુકી એકદમ જાઓ અને તને તેડી લાવો. દાસીઓએ કહ્યું; બાઈ સાહેબ! તે એ પોતેજ આવે છે, હમારે તેડવા જવાની જરૂર નથી. જુવો આ આવ્યા. ત્યાં ભોજકુમાર આવ્યો. ભોજકુમારની સામા આવી રસીલીએ આદર આપી મહેલમાં તેડી ગઈ અને કહ્યું— ગાયન.

રસીલી–દાશીઓ–(પાવન કરી છે મુજને પધારીને) એરાહ
પાવન કર્યો છે મ્હેલ આ પધારીને તમે
સૃંગાર લલીત લલના તણા શું વર્ણવીએ અમે–પાવ
પધારી આપ અત્રે. આજ આભારી અતી કરી
પુરી છે આશ માહરી તુમ વીણુ જરી ના ગમે–

ભોજકુમારે કહ્યું શું મારા કાકાના આવવાથી પાવન થવામાં બાકી રતી હતી કે મારા આવવાથી વધારે પાવન થયો, કાકી સાહેબ! રસીલીએ કહ્યું, કુમાર સાહેબ! તમને મળવા મારૂં દીલ તલપી રહ્યું હતું. ત્યાં પ્રભુ કૃપાથી ભેટો થયો. ભોજકુમારે કહ્યું માતાનુ દીલ પુત્રને મળવા તલપે તેમાં નવાઈ શું? તમો મારા કાકાનાં રાખેલાં, એટલે કાકી તે માની તુલ્યજ થયાં, એટલે મને મળવા તમારૂં દીલ તલપે તે વાસ્તવીક છે. રસીલીએ કહ્યું કુમાર હું તમોને ચાહુ છું. ભોજકુમારે કહ્યું, હત ભાગ્યણી માતા પુત્રને ન ચહાય, માતા પુત્રને ચાહાય, તે તો વાત્સલ્ય પ્રેમને લીધેજ.

રસીલીએ કહ્યું, કુમાર! હું તમોને બીજી રીતે ચાહુ છું; ભોજકુમારે કહ્યું બીજી રીતે એટલે? રસીલીએ કહ્યું, પતી પ્રીયાના પ્રેમથી. ભોજકુમારે કહયું, કાકી સાહેબ! ભાનબાન ઠેકાણે છે કે નથી? રસીલીએ

કહ્યું ના કુમાર ખરૂં કહ્યું છે; ભોજે કહ્યું, તે પ્રેમથી મારા કાકા મુંજરાજને ચાહો છો એટલે બસ છે. રસીલીએ કહ્યું, કુમાર તે તો હવે પાનખર રૂતુના પાન થયા ને તમો વસંતરૂતુ છો. વળી તમારા કાકાને કહીને રાજગાદી અપાવીશ, રાજકુમાર બદલે રાજા કહેવરાવીશ સમજ્યા કુમાર સાહેબ ?

ભોજકુમારે કહ્યું, સમજ્યો, પુરેપુરૂ સમજ્યો. રસીલીએ કહ્યું, શું ? ભોજકુમારે કહ્યું, તારી કપટ જાળ, પૈસા પટાવી ખાવાની યુક્તિ; પણ આ ભોજને ભોળો સમજીશ નહી. રસીલીએ કહ્યું વ્હાલા તમારી ભુલ થાય છે, આ દાશીતો એક પ્રેમનેજ ચહાય છે. મને એવી હલકી સ્ત્રી ધારતા નહી કુમાર સાહેબ! ભોજકુમારે કહ્યું, પતી મરતાં રંડાએલ સ્ત્રી બીજાની થાય; અને પછી ત્રીજાને ચહાય એતે સતી કે શીયળવતી; કે જગતને માન આપવા જોગ વેશ્યા કહેવાય કાકી સાહેબ ? તમારો પ્રેમ હું સમજી ગયો જુવો સાંભળો—

ભોજ – (જયુ જોઈ જોઈને) એશહ

ઘોડી ઘઇ ઘઇને બતલાવે પ્યાર—
નાર જાણો ખરે દામ કામથી—
થઇ બેસે દીલદાર બની પુરી તાબેદાર
વાત વાતમાં તૈયાર છેવટ કરે ખુવાર – ઘોડી
જોઇ શોધે માલદાર અંતે મેળવે લાચાર
કદી હોય તે ગમાર તો તો બેડો કરે પાર
લુંટી પૈસો અપાર પછી કરે તે ઠાર – ઘોડી
કદી ગરીબ સંગાથ વેશ્યા કરે ન વાત
પૈસાવાન ને સુજાત કદી મેળવે તે હાથ
બાંધે પ્રીત તેની સાથ, પૈસો વેશ્યાનો નાથ – ઘોડી

રસીલીએ કહ્યું, કુમાર ! પૈસાની લાલચે આ પ્યાર

કરશું, તેમ સ્વપ્ને સમજશો નહી. પણ હજી તમે પ્રેમ વી શયમાં કાચા છો. ભોજકુમારે કહ્યું, હવે તમારા સહેવાસમાં આવીશ, એટલે બરોબર પાકોઅની જઈશ. રસીલીએ કહ્યું, કુમાર! અનુભવ શીવાય કદાપી પાકા ન થવાય. ભોજકુમારે કહ્યું, થોડો ઘણો અનુભવ તો થયો છે, અને બાકી હશે તે હવે થશે, એટલે સમજોકે પાકો બની ગયો. રસીલીએ કહ્યું, અનંગની આગ ન અનુભવાય, ત્યાં સુધી પાકા ન થવાય કુમાર સાહેબ?

ભોજકુમારે કહ્યું, અનંગની આગ કેવી હશે? રસીલીએ કહ્યું પ્રથમ અબળાનું આલીંગન; ભોજકુમારે રસીલીને પુરે પુરી બનાવવા માટે કહ્યું, આલીંગન કેવું હશે? રસીલીએ કહ્યું આમ(કહી ભોજકુમારને આલીંગન આપવા ગઇ) ત્યાં ભોજકુમારે કહ્યું, ખબરદાર? રસીલીએ કહ્યું, શું હું માનીતીનું અપમાન? ભોજે કહ્યું, જારેજા નીચ વઠેલ વંતરી! રસીલીએ કહ્યું ઠીક છે જોઇ લઇશ, ભોજકુમારે કહ્યું જા જા -

ભોજકુમાર— (ક્યાં તુ દાશી દામની) એ રાહ

વઠેલી તું વંતરી, હું શુદ્ધ ક્ષત્રી બાળ
કયાં વેશ્યા તું કાગડી કયાં હું પ્રજા પ્રતિપાળ
વેશ્યાની સોબત કરે લંપટ નીચ ગમાર
સંગતની રંગત ચઢે હાયે બને ખુવાર
જારે વંઠેલ નીચ, મુરખની સરદાર
મુરખની સરદાર, તું કુલટા શું કરનાર
એવી બ્હીકેથી આ પરમાર નહી ડરનાર–જારે

રસીલીએ કહ્યું આતો ના બોલી ત્યાં ચઢયો, આ રસીલીને તું કેવી સમજે છે? ભોજકુમારે કહ્યું કેવી શું, વંઠેલ વંતરી ચસીકી ગયેલ ચુડેલ; બોલ્ય હવે શું કહેવા માગે છે?

(ના બોલ્યા ત્યાં તો) એ રાહ

ફાટેલું ફાટયું શું હવે, બાળક નીચ નાદાન;
અપમાન કરે તું કોણનું ? છે કાંઈ ઉરમાં ભાન ?
અપમાની રાણીજીને તારી શી છે તાકાદ
આવતાં રાજાજી તારો કાઢુ છુહું બકવાદ
બંધીવાન બનાવું તે વારે તને વળશે સાન
તે વારે તેને વળશે સાન, અરે ઓ હેવાન—બંધી

ભોજ— (તારા જેવી તો ઠગારી) એ રાહ.

જારે જારે નીચ નારી તું સમી મેં લાખો ભાળી
બ્હીક બતલાવા વાળી, રાણીની તું થાવા વાળી
નીચ મેં તુને નીહાળી, વેશ્યા તું કાગડી કાળી—જારે
રાજા કરે રાણી તને, એવું તે શું કહી અને,
સમજતી ન સ્વપને, ખોટું બ્હીવરાવે મને;
જાજા ધોને મોઢું તારૂ, કાગડી જેવું છે કાળુ.
વાંદરી જેવું રૂપાળુ, મુરખ નથી નૃપાળુ—જારે.
નથી સાર વ્યભીચાર, અનાચાર છે અપાર;
તેમાં વળી વેશ્યા નાર, સ્વારથની સરદાર.
એકથી તો યારી કરે, બીજાની પીયારી ઠરે, ત્રીજો વળી
ચિત્તે ધરે, એમ તું ફસાવે ખરે,
ધિક્ક તુજ પ્યાર, કરે અનેક તું યાર, ખાઈ કરે ખુવાર;
વળી કરે તું ઠાર, અરે જાજા જોઈ કુટણી તું
જખ મારનારી—જાર

એ પ્રમાણે કહી એક તમાચો લગાવી દીધો, અને ત્યાંથી ચાલ્યો ગયો. જયંત કે જે જયાની જગ્યાએ સુતો સુતો આ તાસ જોતો હતો, તે મનમાં ઘણો ખુશી થયો, અને ભોજકુમારને મનમાં ધન્યવાદ આપ્યો.

ભોજ ગયો, ત્યાં દાસીઓએ રસીલીને કહ્યું, હયો બાઇ

સાહેબ ! કાઢયો સાર ? રસીલીએ કહ્યું, ઠીક છે જોઉં છું, એ નાદાન મને અપમાન આપી કયાં જવાનો છે ? મુંજરાજ આવે એટલીજવાર, પછી જુવો કે કેવો બનાવું છું લાચાર. દાસીઓએ કહ્યું, બાઈ સાહેબ ! ખાંડ ખાઓ ખાંડ ! એક વખત છેડીને સાર કાઢયો, અને હવે લાચાર બનાવજો, જોઈએ છીએ કે કોણ લાચાર બને છે ? વખતે તમારે લાચાર બનવું પડે નહી ! રસીલીએ કહ્યું, તમને કોણ ડાહી કરે છે, કે વચમાં લવ્યાં કરો છો ? દાશીઓએ કહ્યું, ખરૂ કહ્યું તેમાં ચટકો લાગ્યો ! બહુ સારૂ બાઇ સાહેબ હમો નહીં બોલીએ, તમો જાણો, ને તમારૂ કામ જાણો.

રસીલીએ બહાર નેકીદારનો છડી પોકારવાનો સાદ સાંભળ્યો, ત્યાં કહ્યું, જુવો જુવો રાજાજી પધારે છે! આ પ્રમાણે બોલે છે, ત્યાં રાજાજી આવી પહોચ્યા, અને કહ્યું, બોલ્ય જયા કયાં છે ?

રસીલી—વ્હાલા ! તે આ મહેલમાંજ છે, પણ આવ્યા તેવાજ જયાને સંભાળતા આવ્યા, પણ મારૂં નામ સરખું એ લીધું છે ? શું જયા કરતાં હું કમ છું ! જુવો જુવો ? વિશાળ ભાલ ! સ્નેહમય નેત્રો ! શુકચંચુ નાશીકા ! દાડમની કળી જેવા દંત ! પ્રવાળ સમ હોઠ ! પોયણા સરખું પેટ ! સીંહ કટી ! કદળી જંગા ! નાજુક પગ ! કહો કહો વ્હાલા ! જયા કરતાં શું હું કમ છું ?

મુંજરાજ—(મનમાં કચવાઈ) નાના ! તારા રૂપની તો અવધિ છે, પણ જયાને તો તેણે કરેલા અપમાનનો બદલો આપવો છે, તારી દાસી બનવાની છે. માટે કહે કે તે કયાં છે ?

રસીલી—વ્હાલા ! પ્રથમ મારી સાથે વાતો કરો જયા કયાં નાશી જવાની છે? આપણા કબજામાં છે, તેની શી ઉતાવળ છે ? વ્હાલા !

મુંજરાજ—(અરે મરે તું વ્હાલીની થતી) પ્રકાશ—હા

હા વ્હાલી ! તું કહે છે તે ખરૂં પણ જ્યારે જયાને તારી દાશી બનાવીશ, તેણે કરેલા અપમાનનું ફળ પુરે પુરૂ ચખાડીશ, ત્યારે મને શાંન્તિ થશે, તે શીવાય શાંતી વળનાર નથી, સુખ મળનાર નથી.

આ પ્રમાણે બંને જણ વાદ વીવાદ કરે છે ત્યાં તેલીઓ તથા તેના સાથીઓ, વેશ પાટલો કરી તે મહેલ પાસે આવ્યા, અને વીચાર કર્યો, અત્યારે મુંજરાજ આ મહેલમાં છે, માટે અંદર જઇને છુપાઇ રહેવું, પછી તેને બાંધીને તેના દાગીના ઉતારી લેવા, અને ખાસડાંનો માર મારવો. સર્વે જણા એકમત થયા, અને બારીનું કમાડ ત્રોડી તે વાટે મહેલમાં દાખલ થયા, અને જયંત જયાની જગાએ સુતો હતો તે પલંગ નીચે સંતાયા.

રસીલીએ જયાનું રેઠાણ બતાવ્યું, ત્યાં રસીલીને બીજા ઓરડામાં જવા કહી, મુંજ જયાના પલંગ પાસે આવ્યો અને વીચાર કરવા લાગ્યો. ચાલો આપણુ ઠીકજ થયું, જયાને માનશે તો મનાવીશું, નહીતર કીલ્લાના ભોંયરામાં કેદ કરાવીશું એટલે એની મેળે માનશે, પછી કયાં જવાની છે? એ પ્રમાણે વિચારમાં ગુથાયો છે, ત્યાં વેશ પાટલો કરેલ તેલીઓ તથા તેના મીત્રોએ મુંજને એકદમ બાંધી લીધો, અને તેના દાગીના ઉતારી લીધા અને માંથામાં ખાસડાં મારી ચુપકીથી પડી રહેવાનું કહ્યું, અને તેઓ પલાયન કરી ગયા. જયંત જયાની જગોએ પલંગમાં પડયો પડયો આ ચીતાર જોઇ મનમાં પ્રસન્ન થયો.

વેશ પાટલો કરેલ તેલીઓ તથા તેના મીત્રો ગયા, ત્યાં મુંજે વિચાર્યું કે જો બુમ પાડીશ તો મારી ફજેતી થશે, માટે ગુપચુપ રહેવામાંજ માલ છે. એવો વીચાર કરી બુમ નહી પાડતાં. મહા મહેનતે શરીર ઉપરના બંધ કાઢી નાંખી છુટો થયો, અને મન સાથે વીચાર કર્યો કે, રખેને રસીલીએ તો આ કારસ્તાન કર્યું ન હોય ? ઠીક છે,

પીછીથી તે જોઇ લેવાશે, પણ હાલતો વ્હાલીને વશ કરવાદે.

એવો વીચાર કરી તે જયાની જગોએ જયંત શાલ ઓઢીને સુતો હતો ત્યાં આવ્યો, અને કહ્યું, રસીલી! રંગીલી છબીલી! એવાં પ્રેમી વચનો કહી, જયા સમજીને જયંતે ઓઢેલી સાલ ખેંચી લઇને તેને ચુંબન કર્યું.

ચુંબન કર્યું, ત્યાં જયંત એકદમ ઉભો થઇ ગયો; જયાને બદલે જયંતને જોઇ મુંજરાજે કહ્યું, કહે કુમાર! તું અહીં ક્યાંથી?

જયંત—પીતાજીનો પોતાની પુત્રી ઉપર પ્યાર કરવાનો ચિતાર જોવા?

મુંજરાજ—પણ તને અહીંઆ લાવ્યું કોણ? અને શા માટે?

જયંત—લાવ્યા પગ, પીતાજીની ખાસડાં ખાવાની બહાદુરી જોવા. પરાક્રમી પીતાનાં પરાક્રમ જોવા!

મુંજરાજ—પુત્ર થઇ પીતાનાં છીદ્ર જુવે, તેવા પુત્રોને ધિક્કાર છે, ફીટકાર છે.

જયંત-પીતા થઇ પુત્રી ઉપર પ્રેમનો દાવો કરે, તેવા પીતાને પણ લાખો ફીટકાર છે.

મુંજ—આવી રીતે પીતાનાં છીદ્ર જોનાર કપુત પુત્ર ન હોય તે સારા.

જયંત-પીતા થઇ પુત્રી ઉપર પ્યારનો ડોળ કરે તેવા પીતા ન હોય તો તે લાખ દરજ્જે સારૂ.

મુંજ-શું હું પીતાનું અપમાન!

જયંત-પીતા! શેનો પીતા! પીતા તો તે કે પોતે નીતીને રસ્તે પ્રવર્તી પુત્રોને તેવા રસ્તા બનાવે તેજ પીતા? શું તમે મારા બાપ? ના! ના! બાપ નહી, પણ જગતના શ્રાપ છો, હડ હડતુ પાપ આપો આપ છો.

મુંજ-શું મારૂ આવું અપમાન?

જયંત–ચોરોએ બાંધીને ખાસડેથી ફટકાર્યા, તેવુંજ માન. સમજતા નહી અપમાન. માતા ! બ્હેન ! કે પુત્રીને નહી જોનાર કામી પુરૂષોને હજારો ખાસડાં પડે, છતાં અપમાન હોયજ નહી.

મુંજ—હવણાં હું તારી વ્હલે કરીશ ?

જયંત—પ્રથમ આપની વ્હલે થઈ, તે તો વિચારો ? પછી મારી વ્હલે કરજો.

મુંજરાજે કહ્યું, ઠીક છે બકેજા, હું તને હાલ બતાવું છું. એ પ્રમાણે કહી સીપાઈને હાંક મારી; અરે કોઈ હાજર ? બેચાર સીપાઈઓ રાજાજીની બુમ સાંભળી દોડી આવ્યા, અને કહ્યું, રાજાજી ! શો હુકમ છે ? મુંજરાજે કહ્યું આ હરામી છોકરાને એકદમ કેદ કરો.

કેદ કરવાનો હુકમ સાંભળી જયંતે કહ્યું, વાહરે પરાક્રમી પીતા ! પુત્રને કેદ સીપાઈઓને પોતાના બાહુ બળથી એક વખતતો દુર કર્યા, પરંતુ એકનું એ સડ બે, તે પ્રમાણે ચાર જણ વળગ્યા, ત્યાં જયંતકુમાર નીરૂપાયે કેદ થયો. તેને મુંજરાજે બંધીખાને મોકલાવી દીધો.

જયંતને બંધીખાને મોકલાવી મુંજ વિચારમાં પડયો. મુંજે વિચાર્યું કે આ બધું કર્તવ્ય રાંડ રસીલીનુંજ હોવું જોઇએ. એ રાંડને પણ કેદ કરવી, નહી તો તે કુલટા નાહક ફજેતી કરશે. પણ પ્રથમ તો તેને પ્રેમ વચનો કહી, પટાવીને વાત પુછી લેવી. એવો વીચાર કરે છે, ત્યાં રસીલી આવી પહોંચી.

રસીલીએ કહ્યું, વ્હાલા ! આમ શા વીચારમાં પડયા છો ? મુંજરાજે કહ્યું, કાંઈ નહી; એતો અમસ્તોજ પણ વારૂ અહીઆં કોઈ આવ્યું હતું ? રસીલીએ કહ્યું, હા ! ભોજકુમાર આ રસ્તે આવ્યા હતા ખરા. મુંજે વીચાર્યું, સમજ ગયો ! એ ભોજનાંજ કારસ્તાન. ઠીક છે બચ્ચા ! હવે તારૂ ઓસડ કરવાની તૈયારીમાંજ છું. જયંતને પણ ઠીકજ કેદ

કર્યો છે. ગમે તેમ સતાવી સમજાવી રાણીએ આપેલો દસ્તાવેજ કબજે કરીશ, એટલે બેડો પાર.

રસીલીએ કહ્યું, પણ વ્હાલા ! મારૂં શું ધાર્યું ? મુંજે મનમાં કહ્યું, હવે આ રંડાનું કાસળ પણ કાઢવું, જેથી વચમાંથી નડતર જાય. એવો વીચાર કરી કહ્યું, રસીલી ! તને મારી રાજવળાની રીત આપું નહી, ત્યાં સુધી રાણી કહેવાય નહી. રૂપાળીએ કહ્યું, ત્યારે તમારી રાણીજીની રીત આપો, અને મને રાણી પદે સ્થાપો.

મુંજરાજે મનમાં કહ્યું, એ રંડાને એના હાથેજ બંધાય તેવું કરવું, જેથી તેને બાંધવાની મહેનત માટે એવો વીચાર કરી કહ્યું, વ્હાલી ! રાણીજીની રીત કાંઇ સહેલી નથી? રસીલીએ કહ્યું, ગમે તેવી કપરી હશે તોપણ હું કરીશ; મુંજરાજે કહ્યું, જો રાણીજીની રીત એકે પ્રથમ હાથમાં બેડીઓ ઘાલવાની, તેમાંથી તમારા હાથે બંધન મુકત થવાનું. કેમ કરી શકશો ?

રસીલીએ કહ્યું, ઓહો ! એજ કે બીજું ? લ્યો બંધાવો, પછી જુવો કે હું કેવી છુટી થઇ જઉં છું. લ્યો હવે મને બંધાવો. મુંજરાજે સીપાઇને બોલાવ્યો, અને રસીલીના હાથમાં બેડીઓ પહેરાવી. રસીલીએ કહ્યું, આમ છુટી જાઉછું, પછી રાણી; મુંજે કહ્યું, રાણી તો શું ? પણ પટરાણી; એમ કહી મુંજરાજે સીપાઈને કહ્યું, આ રંડાને એકદમ કેદમાં નાંખો.

મુંજરાજનું કપટ જાણી રસીલીએ કહ્યું, હવણાં બુમ પાડુછું, હે, હે, ત્યાં મુંજરાજે એક થપ્પડ મારી કહ્યું, લે? એ પ્રમાણે કહી સીપાઈઓ સાથે બંધીખાને મોકલી દીધી તે ગઇ ત્યાં મુંજે કહ્યું, હાશ ! પાપ ગયું. હવે ભોજનું ઓસડ તૈયાર કરૂં એવો વીચાર કરી તે તેલીઆને મળવા માટે ગયો.

પ્રકરણ ૧૨ મું.

જયા સાસરે, જયંતનો છુટકારો.

જયાને રસીલીને ત્યાંથી ગુણુસાગર બચાવી રાણી સાવીત્રી પાસે આવ્યા, અને જયાને સાવીત્રીને સોંપી. સાવીત્રી રાણી જયાને ગુણુસાગર સાથે જોઇ વિસ્મય થઈ, અને પુછ્યું, ગુણુસાગરજી ! જયા અત્યારે તમારી સાથે કયાંથી? ગુણુ સાગરે કહ્યું, કર્મ ચંડાળ રાજા મુંજરાજના કબજામાંથી; સાવીત્રીએ આશ્ચર્ય ચકિત થઈ પુછ્યું, શું મુંજરાજના કબજામાંથી! ગુણુસાગરે કહ્યું, રાણીજી ! અજાયબ થવા જેવું કાંઈ નથી, એ કર્મ ચંડાળ રાજાનાં કાવત્રાં જુદાં છે ધિક્કાર છે એવા કર્મ ચંડાળ રાજાઓને.

સાવિત્રી રાણીએ કહ્યું, ગુણુ સાગરજી ! હવે આપણે શું કરવું ? જયારે ખેતરવાડને ખાવા તૈયાર થયું, ત્યારે વાડનું શું ગજુ ? જયારે પીતા ઉઠીને પુત્રી ઉપર પ્રેમ દર્શાવે ત્યાં પુત્રીનું શું ગજુ ? ગુણુસાગરે કહ્યું, રાણીજી ! કોઇ વાતે ગભરાશો નહી, જયાને હું તેના સાસરે જઈને મુકી આવું, પછી આપણુને કાંઈ હરકત જેવું નથી, ત્યાંથી બારોબાર તમારા ભાઇ ભીમદેવને પણુ મળતો આવું, જેથી તે આવી તમોને એ પાપીના સંકટમાંથી મુકત કરે, અને ચંડાળ રાજાને યોગ્ય સાશન આપી ભોજકુમારને ગાદીએ સ્થાપે.

આ પ્રમાણે વિચાર કરે છે, ત્યાં ભોજકુમાર આવી પહોચ્યો; ભોજકુમારે કહ્યું, ગુણુસાગરજી ! એ વઠેલીની કપટ જાળ ! અને તેની ચાતુરી જોઈ હુંતો અચંબો પામ્યો. પાપી કાકો શું કરવા બેઠો છે તે સમજાતું નથી. કાકો પુરેપુરો કર્મ ચંડાળ છે, પણુ બંધુ જયત તેતો એક સાચો ક્ષત્રાણીને ધાવેલો વીર બાળ છે. તેની મદદથીજ વ્હેનને

બચાવી છે, પણ પાછળથી સાંભળ્યું છે કે તે કર્મ ચંડાળે જયંતને કેદ કર્યો છે.

સાવિત્રીએ કહ્યું, શું પોતાના દીકરાને કેદ! ગુણસાગરે કહ્યું, હાહા રાણીજી! કર્મ ચંડાળને પુત્ર પુત્રી કેવાં? પુત્રી ઉપર હરામી નજર કરી, તો પુત્રને કેદ કરે તેમાં અચંબા જેવું શું છે? ભોજકુમારે કહ્યુ, પણ દાસી માર્ફત સાંભળ્યું છે કે, તે બહાદુર વીરે મુંજરાજને બનાવવામાં તથા તેને વચન પ્રહાર કરવામાં બીલકુલ કચાશ રાખી નથી.

ગુણસાગરે કહ્યું, શુરી ક્ષત્રાણીને ધાવેલો વીર નર, એવાં હીચકારાનાં કર્મ કદાપી કાળે સાંખી શકે નહી. પણ તેને ક્યાં કેદ કર્યો છે, તેની બાંટણી મળી છે? ભોજકુમારે કહ્યું, તે મહેલમાંજ તેને કેદ કરવામાં આવ્યો છે, એમ દાસીઓનું કહેવું હતું. હું તેને છોડાવીનેજ આવનાર હતો, પણ તમો સુખરૂપ પહોચ્યા હો કે નહી, તેની તપાસ માટેજ આ તરફ આવ્યો છું. કારણ વખતે તેના કોઇ સાગરીતોથી તમોને હેરાનગતી તો પહોચી નથી તે જોવા ખાતરજ અત્રે આવવું થયું છે. ગુણસાગરે કહ્યું, જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે, જ્યાં સુધી મહારાજ સીંહભટનું નીમક મારા પેટમાં છે, ત્યાં સુધી તો તમારો, કે જયા બ્હેનનો વાંકો વાળ કરવા કોઈ શક્તિવાન નથી.

ભોજકુમારે કહ્યું, પણ હવે આપણે શું કરવું? ગુણસાગરે કહ્યું, હું જયા બ્હેનને તેના સાસરે મુકવા જાઉછું, ને તમો જયંતને કેદમાંથી મુક્ત કરો. વળી ત્યાંથી બારોબાર તમારા મામા ભીમદેવને મળી મદદ મેળવું છું, અને એ પ્રપંચીના દરેક પ્રપંચો ઉઘાડા પાડી તેને યોગ્ય સાશન મળે તેવો રસ્તો લાવું છું. પણ તમો મારા આવતાં સુધી બરાબર હુંશીઆરીથી રહેજો. કારણ તેની પ્રપંચ જાળ જબરી છે વખતે ફસાઇ જાઓ નહી.

જયાએ કહ્યું, વીરા! ગુણસાગરજીનું કહેવું અક્ષરે

અક્ષર સત્ય છે; માટે પુરેપુરી સાવચેતી રાખીને ચાલજો. ભોજકુમારે કહ્યું, શું બ્હેન ! તમો મને તજીને જશોજ ? જયાએ કહ્યું, વીરા ! આવા વિકટ પ્રસંગમાં તમોને મુકીને જાઉંછું,- તેથી મારા મનમાં કાંઈનું કાંઈ થાય છે, પણ નિરૂપાય, તેથી લાચાર. (સાવીત્રીને) માજી ખુશી થઈ આજ્ઞા આપો.

જયા — ગાયન.

ભય ભર્યા હાલ છે મારા, નથી આ ઠામ રહેવાનું
બન્યો છે કાકો વૈરી હા, પછી કહો કોને કહેવાનું ?
દીયો માજી રજા પ્રિતે, દીયો વીર શીખ નહી દુભાઓ,
થશે સઉ શુભ મુજ જાતાં, પ્રભુજી સહાય તમોને થાઓ;
વીકટ છે પંથ વીર તારો, ખરાબો મુંજ નઠારો,
ધીરજ ધરી રહેજો વીર મારા, પ્રભુજી કરશે તે ન્યારો;
રામ........રામ............છે રામ..... ....રામ.

ગુણસાગર જયાને તેડીને ગયા અને ભોજકુમાર તથા સાવીત્રી મનમાં ઘણાં ખેદીત થયાં. સાવીત્રીએ કહ્યું, દીકરા ! ખેદ શામાટે કરે છે ? દીકરી તેતો પરાયુ ધન કહેવાય, પરંતુ સમય વિકટ તેથી આટલી લાગણી થાય છે; માટે નાહક ખેદ કરવો છોડી દે, અને ઇચ્છિત કાર્યમાં ચિત્ત લગાડ. સાવીત્રી રાણીની શીખામણથી, ભોજકુમાર સાવધ થયો, અને કહ્યું, માતાજી ! જે જયંતકુમારે બ્હેનને બચાવવામાં મદદ કરી, તે કેદમાં છે; તેથી હું તેને મુક્ત કરી હાલ આવું છું. સાવીત્રીએ કહ્યું, દીકરા ! જો જો ! ધર્મ કરતાં ધાડ નડે નહી, બહુ સાવચેતીથી ચાલજો. ભોજકુમારે કહ્યું માતાજી ! સત્યનો બેલી કીરતાર છે, તે હમેશાં સત્યની સાહ્ય કરવા તૈયાર છે, સાચાનો તે મદદગાર છે. માટે તમો ચિંતા કરતાં નહી. હું ભાઈ જયંતને કેદ મુક્ત કરી હાલજ આવું છું. સાવીત્રીએ કહ્યું, બહુ સારૂ કુમાર પધારો.

માતાની આશીશ સહ રજા લઈ નદી ઉપરના મહેલમાં કે જ્યાં જયંતને પાછળના ભાગમાં કેદ કર્યો હતો, તે જગો પર આવી જયંત કીઇ જગોએ હશે, તેને કીયે ઠેકાણે કેદ કરવામાં આવ્યો હશે, એવા વીચારમાં તે ગુંચવાયો હતો, અણુચિંતવ્યું એક ગાયન તેના સાંભળવામાં આવ્યું જે ગાયન જયંત કેદખાનાની ઓરડામાંથી બોલતો હતો. જયંતનો સાદ સંભળી ભોજને બમણું શુરત્વ આવ્યું, અને દીવાલ પર ચઢી જાળીના સળીઆ તોડવા માંડયા—

જયંત—ભોજ— (સાખી)

સાચાનો બેલી કીહાં, સાચો સરજન હાર ?
ધર્મીને આમ ધાડ શું ? ક્યાં પાગી પોગાર ?
અવરીત આ કહેવાય છે, સાચાને શીર માર,
સાચાનો બેલી સદા, હાજર છે કીરતાર;

———

એ પ્રમાણે કહી જાળીના સળીઆ ભોજે ત્રોડી નાંખ્યા, અને ઉપર આવ્યો, ભોજકુમારને જોઇ જયંત અચંબો પામ્યો અને કહ્યું, શું મારો બચાવ કરનાર ભોજકુમાર ? કરેલ ઉપકારનો બદલો પુરેપુરો વાળનાર ! ધન્ય છે પરમાર કુમાર! ભોજરાજે કહ્યું, વીરા ! તમો પણ પરમાર કુળદીપક જ છો. જયંતે કહ્યું, હાલ વાત કરવા સમય નથી. હાલતો અત્રેથી જઇએ, આ કુકર્મ સ્થાનમાંથી દુર થઇએ; ભોજરાજે કહ્યું, ભલે ચાલો. એ પ્રમાણે કરી બંન્ને જણા ત્યાંથી નીકળી સાવીત્રી રાણીના મહેલમાં આવ્યા.

———

પ્રકરણ ૧૩ મું.

———

જયાને ઉપાડી લાવવાનું મુંજનું કાવતરૂં

મુંજરાજ નદી પરના મહેલમાંથી નીકળી તેલીઆને

મળવા સારૂ જતો હતો, ત્યાં એક સાગરીત માર્ફત જયા ગુણ સાગર સાથે તેના સાસરે ગઈ, તેવા સમાચાર મળ્યા. મુંજે મનમાં કહ્યું, અરે ગમે ત્યાં જાય, પરંતુ મારા સપાટામાંથી કયાં જવાની છે? ગમે તે યુક્તિ કરી તેના સાસરેથી ન ઉપડાવી મંગાવું, ત્યારે તો થઈજ રહ્યુંના! એવો વીચાર કરી તેલીઓ તેના મીત્ર મંડળ સહ બેઠો હતો, ત્યાં આવ્યો.

તેલીઆએ મુંજરાજને આવકાર આપી બેસાડયો, અને આવવાનું કારણ પુછયું. મુંજરાજે કહ્યું. તેલીયાજી! હવેજ તમારૂં ખરૂં કામ છે. દુર્ગુણસીંહને સીંધુલની વેતરાણ કરવા મોકલ્યો છે, તે કામ તેણે કર્યું હશે, પણ ભોજકુમારનું નડતર રહ્યું, તે નડતર જાય તો તો પછી તમો દીવાનજી થવાના, નહીતર તમારીને મારી ધારણાઓ સઘળી ધુળ મેળવશે.

તેલીઆએ કહ્યું, અરે! તેના તે ભાર શા છે? ભલભલાને આ ઉકળતી તેલની કઢામાં તળી નાંખ્યા છે, તો એ છોકરાના ભાર શા? પણ એને ગમે તે યુક્તિથી અહીં મોકલી આપો, એ કામ તમારૂ. મુંજરાજે કહ્યું, ઠીક છે, તેને ગમે તે યુક્તિથી અહીં મોકલી આપીશ, પણ જો દાવ ભુલ્યા, તો તો સમજજો કે થશો ઠાર, નહી તો પો બાર; દીવાનજી સાચા.

બીજા સાગ્રીતોએ કહ્યું, પણ હમારૂ? મુંજરાજે કહ્યું બીજું કામ તમોને ભળાવું, જો બજાવી લાવો તો? તો સમજો કે થયા નીહાલ, નહીતો બુરે હાલ. તેણે કહ્યું એવુ તે શું કામ છે? મુંજરાજે કહ્યું, ગુણસાગર જયાને તેના સાસરે મુકવા ગયા છે, તો ગમે તે યુક્તિથી જયાને ઉપાડી લાવવી. જો એ કામ બજાવી લાવો, તો થશો મોટા સુબેદાર સર્વે અચંબો પામ્યા; અને કહ્યું, શું સુબેદાર?

મુંજરાજે કહ્યું, હા હા સુબેદાર; હું કહું તે યુક્તિ કરો'

તો તો કામ પાર, નહીતર કદાપી સપડાઇ ગયા, તો તો સમજજો કે થશો હાર. સર્વે એ કહ્યું, શી યુક્તિ? મુંજરાજે કહ્યું, ગમે તે પ્રકારથી કલ્યાણદેવના દીલમાં જયા ઉપર અંદેશો ઉત્પન્ન થાય, તો તો તે જયાને ધીટકાર આપી ચાલ્યો જાય. જ્યાં તેવું થાય ત્યાં જયાને ઉપાડીને અહીઆં લાવવી, નહીતર દુર્ગુણસીંહને તમારી પાછળ મોકલીશ તેને સુંપ્રત કરવી.

સર્વે જણે કહ્યું, અરે એમાં તે શી મોટી વાત છે? હાલજ જઇએ છીએ; પણ પાછળથી દુર્ગુણસીંહને મોકલવા ચુકતા નહી. મુંજરાજે કહ્યું, તમો જાઓ, ત્યાં હું દુર્ગુણસીંહ આવેથી તુર્ત મોકલીશ; પરંતુ કદાપી રસ્તામાંથીજ અદ્ધર ઉઠવાનું બને તો ચુકતા નહી. ત્યાં તેલીઓએ કહ્યું આ તેલીઆના શાગરીતોમાં ભુલ હોયજ નહી.

એ પ્રમાણે બંદોબસ્ત કરી બ્રાહ્મણ તથા ચેર એ બંનેને ગુણસાગર જયાને સાસરે મુકવા જતા હતા, તેમની પાછળ મોકલ્યા, અને મુંજરાજ ભોજકુમારને તેલીઆની ગુફાએ મોકલવાની પેરવી કરવાના વીચાર કરતો પોતાને મહેલે આવ્યો. મહેલે આવ્યો ત્યાં જયંતકુમાર નાશી ગયાના ખબર મળ્યા. ખબર મળતાં મુંજરાજે તેની પાછળ માણસો દોડાવ્યાં, અને તેને પકડી પાછો કેદમાં પુર્યો, અને પુરો ચોકી પેરાનો બંદોબસ્ત કર્યો.

સીંધુલ કુમાર, કે જે દેશવટે નીકળેલો છે, તે વનમાં નશીબને દોશ દેતો બેઠેલો હતો, તે દુર્ગુણસીંહની નજરે પડયો. દુર્ગુણસીંહ તેને કેવી રીતે ઠાર કરવો તે યુક્તિ શોધી કાઢવાના વીચારમાં હતો, ત્યાં ગુણ સાગર જયાને એક જગોએ બેસાડી તેને માટે પાણીની શોધ કરવા નીકળ્યા હતા તે આવ્યા; દુર્ગુણસીંહ તેના ધ્યાનમાં હતો તેથી ગુણસાગરને તે જોઈ શકયો નહી, પરંતુ આવા અરણ્યમાં, પાપી દુર્ગુણસીંહ શી ઘટના ઘડે છે તે જાણવા ગુણસાગર બાજુમાં સંતાઈ તેના મનોદગારો સાંભળવામાં એકતાર બન્યા.

દુર્ગુણસીંહે વીચાર્યું, આ લાગ સારો છે, માટે આવી તક ખોવી નહી. આ સામેની ઝાડીમાં તે બેઠો છે, તે કેવળ સુકી હોવાથી, સહેજ અગ્નીનો સ્પર્શ થતાં તે એકદમ સળગી ઉઠશે, અને તેમાં સીંધુલ કુમારનું કાટલુ નીકળી જશે. એજ રસ્તો ઉત્તમ છે. એવો વીચાર કરી તે સીંધુલ કુમાર પાસે ગયો.

સીંધુલ કુમાર દુર્ગુણસીંહને પોતાનો મીત્ર સમજતો હતો. તેને થોડીજ ખબર હતી કે દુષ્ટ મુંજરાજે તેને પોતાનો કરી લીધો છે? તેથી એકદમ દુર્ગુણસીંહને ભેટી કરી, અને કહ્યું, મીત્ર અત્યારે આવા વેરાન જંગલમાં ક્યાંથી? દુર્ગુણસીંહે કહ્યું, મીત્રને મળવા માટે અધિરૂ બનેલું મન આ તરફ દોરી લાવ્યું, શ્રમ સફળ થયો, અને તમો મળતાં દાળીદ્રનો દાઝડો પણ દુર થયો.

દુર્ગુણસીંહે કહ્યું, મીત્ર બેસો હું હાલજ આવું છું, કહી તે પોતાની પાપી યુક્તિ અજમાવવા, દાવાનળ સળગાવવા ગયો, ત્યાં ગુણસાગર એકદમ દોડી આવ્યા, અને કહ્યું કુમાર નાસો! નાસો! દુશ્મનનું કપટ! આગ! સીંધુલ કુમારે કહ્યું, હે! શું છે? ગુણસાગરે કહ્યું, હાલ પુછવા વખત નથી, અત્રેથી નીકળી નીર્ભયસ્થાને ચાલો ત્યાં તમોને સર્વ હકીકતની વેદન કરીશ; એમ કહી ગુણસાગર સીંધુલકુમારને લઇ નિર્ભયસ્થાને ગયા, અને પાપી દુર્ગુણસીંહે આગ લગાડી પણ તેની ધારણા નિષ્ફળ ગઇ. સીંધુલકુમાર બચી ગયો. કહેવત છે કે "જેને રામ રાખે તેને કોણ ચાખે?"

હવે પેલો બ્રાહ્મણ તથા ચોર બને જણા ગુણસાગર તથા જયાની તપાસ કરતા કરતા જયાને જે જગોએ બેસાડી ગુણસાગર પાણી લેવા ગયા હતા તે જગોએ આવ્યા અને જયાને જોતાંજ બ્રાહ્મણે કહ્યું, અહ્યા! વગર મહેનતે ધારી આશા ફળી, કે રસ્તામાં જેને જોતા હતા તેજ મળી!

ચોરે કહ્યું, કોણ જયા! બ્રાહ્મણે કહ્યું, હા હા જયા! હવે યુક્તિ કરીને તેને ઉપાડી જવી. ચોરે કહ્યું, એક સ્ત્રીને

ઉપાડી જવી, તેમાં શી મોટી વાત છે? બ્રાહ્મણે કહ્યું, એ સ્ત્રીઓ જુદી, આતો સીંહણનું બચ્ચું છે. મુંજરાજને હંફા વ્યો તો આ પણ શું ગજું ? વેશપાટલો બરોબર કરો, જેથી ઓળખઇએ નહી. એ પ્રમાણે વેશ પાટલો કરી બન્નેજણ જયા પાસે ગયા, અને કહ્યું, અલીએ ? તું કોણ છું ?

જયાએ કહ્યું, હું કોણ છું, તેની તારે શી પંચાત છે? ચોરે કહ્યું, પંચાત કેમ ન હોય ? તને તો મારી બાયડી કરવી છે; જયાએ નરમાશથી કહ્યું, ભલો થઇ રસ્તે પડ, નહીતર નાહકનો હેરાન થઇશ, માર્યો જઇશ વાઘની બોડ માં પેસવા જતાં જાનથી માર્યો જઇશ, ચોરે કહ્યું, એતો જાણીતને વાઘની બોડવાળીને ? અલ્યા શું જુવે છે ? ઉ પાડ એને ? બ્રાહ્મણે કહ્યું, એમાં મારૂ કામ નહી; તુ તારે ફેડી લે તારો ધંધો રડયો, તેથી તને આવડે.

ચોરે કહ્યુ તમે બ્રાહ્મણભાઇથી કશુએ ન વળે; એ પ્રમાણે કહી જયાની પાસે ગયો. જયા કે જે વીર ક્ષત્રાણી, પાપીઓના આવવાથીજ ચેતેલી હતી તે એકદમ કટાંર લઇ સામે આવી, અને કહ્યું, અલ્યા ભલો થઈ જવાદે, મને સતા વ્યામાં સાર નહી કાઢે. ચોરે કહ્યું, શું તું દાત રડુ દેખાડીશ તેથી બ્હી જઇશકે ?

જયાએ કહ્યું, ત્યારે જે કરવું હોય તે તું ખુશીથી કરી લે, પછી જો આ વીર બાળાનો સપાટો. જયાએ કહ્યું. ત્યાં ચોર જયાને પકડવા ગયો. જેવો તે સામો આવ્યો, તેવીજ જયાએ કટાર તેની છાતીમાં મારી તેને ઠાર કર્યો. ચોર મુવો, ત્યાં બ્રાહ્મણભાઇનાં પોતીઆં ઢીલાં થયાં, અને મુઠીઓ વાળી નાશી ગયા.

ગુણસાગર સીંધુલને લઇને નિર્ભયસ્થાને આવી પ્હોચ્યા; નિર્ભયસ્થાને આવી ગુણસાગરે મુંજના પ્રપંચની સઘળી હકીકત સીંધુલને નીવેદન કરી; સિંધુલ મુંજના કાવતરાં માટે અફસોસ કરવા લાગ્યો.

ગાયન.

(હવે ફાંફાં તું જાવા દે)

ભલે મુરખ તું ફાંફાં માર, થવાનું ધાર્યું જે કીરતાર
ભરે શીદ પાપનો શીર ભાર, ધાર્યું તારૂં નહી બનનાર
મુરખ શીદ લાલચે તું મરે ? કુકર્મો નીચ તું શું કરે ?
એમ નહી સુખ કદીએ વરે—થવાનું
જેને છે રામ રાખણહાર, તેને પામર તું શું કરનાર,
નહી તારૂં કંઇ વળનાર, પસ્તાઈશ અંતે પારાવાર–થવાનું.

ગુણસાગરે કહ્યું, સીંધુલકુમાર ! જયા બ્હેનને એકલાં મુકી હું પાણી લેવા આવ્યો, ત્યાં આ પ્રકાર બન્યો. મને આવે વાર ઘણી થઈ, માટે હું જઇશ. સીંધુલે કહ્યું, ગુણસાગરજી ! મને મારી વ્હાલી પુત્રીને મળવા દો. ગુણસાગરે કહ્યું, અત્યારે મળવા જરૂર નથી. મળવું હોય તો કલ્યાણ દેવના રાજ્યમાં જઈને મળજો; તમો માળવા નગ્રની આજુ બાજુ દસકોશીમાં રહો. હું જયાને કલ્યાણ દેવને સોંપી તમારા આળા ભીમદેવ પાસે જઉછું, અને બનતી મદદ લાવુંછું. ઈશ્વર કરશે તો હવે દુઃખની ઉવટની ઘડી છે.

સીંધુલકુમારે કહ્યું, ગુણસાગરજી ! દુઃખનાં ઝાડ ઉગવાં બાકી રહ્યાં છે. ઘરનો વીયોગ, બાળ બચ્ચાંનો વિયોગ, સાથે ખુનનો આરોપ ! કહો હવે શું બાકી છે ! આવાં દુઃખો ભોગવવાં પડે છે, તે કીયા જન્મનાં કર્મ હશે ? ગુણસાગરે કહ્યું, સીંધુલકુમાર ! હવે પસ્તાવો નહી કરતાં ધિરજ ધરો, અને તમો સીધારો. રસ્તામાં પુર્ણ સાવચેતી રાખજો. વખતે દુષ્ટના ફાંસામાં ફસી પડો નહી. સીંધુલકુમારે કહ્યું, આજરોજ બચી ગયો, તે તમારોજ પ્રતાપ. નહીતર દુષ્ટના ફાંસામાં ફસ્યોજ હતોને ! ખેર ! જેવી હરીની ઈચ્છા.

એ પ્રમાણે કહી સીંધુલકુમાર વિદાય થયા, ત્યાં ગુણસાગર જયા પાસે આવવા નીકળ્યા. જયા પોતાના મનમાં

ચોરને મારી નાંખ્યાનો પશ્ચાતાપ કરતી હતી. આહાહાહા આજે મારા હાથે કેવું ઘોર પાપ થઇ ગયું છે ? આ બીચારો આશા ભર્યો શીશી આશાઓ ધરાવતો હશે ? ઇશ્વર ઇચ્છા પાસે માણસનું શું ચાલે ? તેનું મ્હોત મારા હાથેજ નિર્મીત હશે, તેમીથ્યા કોણ કરે ! હવે એ બાબતનો શોક કરવો શા કામનો છે ? શું તે કાંઇ જીવતો થનાર હતો ? હું સતીના શીયળ ઉપર હુમલો કરતાં તેણે પોતાનો જાન ગુમાવ્યો, તેમાં મારો શો દોશ ! એતો સર્વ પ્રભુની ઇચ્છા પ્રમાણે બને છે. એ પ્રમાણે વીચારમાં લીન બની છે, ત્યાં ગુણસાગર જયા પાસે આવ્યા, અને પેલા ચોરની લાસ પડેલી જોઇ અચંબો પામ્યા.

ગુણસાગરે કહ્યું, બ્હેન જયા ! આ લાસ કોની ? અને અત્રે કયાંથી ? જયાએ કહ્યું, તે હું નિર્ભાગીના હાથે તેના કર્મનું ફળ ભોગવતો પડેલો છે. તમો ગયા, ત્યાં બે માણસો એક આ અને એક બીજો, એમ બંને જણ મારી પાસે આવ્યા, અને આ માણસે મારા ઉપર હુમલો કર્યો, તેથી તેને આ દશાએ પહોચાડયો. ગુણસાગર આ સાંભળી ચકિત બન્યા, અને જયાને ધન્યવાદ આપ્યો.

જયાએ કહ્યું, ગુણસાગર ! હવે અત્રે રહેવામાં સાર નથી. વખતે દુશ્મનોથી ઉપદ્રવ થવાની બ્હીક છે. ગુણસાગરે કહ્યું, બ્હેન ! બ્હીક નીચ પાપીને, સત્યને હમેશાં પ્રભુ સ્હાય છે. હવે સુખેથી ચાલો. કલ્યાણદેવની રાજધાની હવે દુર નથી. માટે જલદીથી પહોચી જઇએ. એ પ્રમાણે કહી ત્યાંથી આગળ વધ્યા.

પ્રકરણ ૧૪મું.

દુર્ગુણસીંહ અને ટેલીઓ, પ્રેમમાં વ્હેમ, જયાને ઉપાડી જવી.

બ્રાહ્મણ કે જે ચોરને જયાએ ઠાર કર્યો, તે વખતે ત્યાંથી નાશી છુટયો હતો, તેને રસ્તામાં દુર્ગુણસીંહનો ભેટો થયો. દુર્ગુણસીંહનો ભેટો થતાં તે બ્રાહ્મણને જરા શાંન્તિ વળી, અને જયાએ પોતાના સાથીને જયાએ ઠાર કર્યાનું જણાવ્યું. દુર્ગુણસીંહે કહ્યું, ફરેબ શીવાય, એ ક્ષત્રાણી હાથમાં આવવી નથી, કોઈ પ્રકારે કલ્યાણદેવના મનમાં વ્હેમ ઠસાવાય, તોજ એ જયા હાથ કરાય, તે શીવાય કાંઇ બનશે નહી. હું એક બનાવટી ચીઠી જયા ઉપરની લખી તૈયાર રાખું છું, તે જયા અને કલ્યાણદેવ બંને જણાં હોય ત્યાં પહોચાડુ, અને તમો બનો ટેલીઆ ભટ, ટેલને બ્હાને ગપ ગોળો ફેંકવો, જેથી વ્હેમની મજ બુતી થાય; અને આપણું કામ સધાય. માટે ચાલો, પણ જોજો ? કલ્યાણદેવના સપાટામાં સપડાયા, તો તો બારજ વાગી ગયા સમજવા. બ્રાહ્મણે કહ્યું, તમો સાથે છો, તો પછી આ બ્રાહ્મણના કામમાં કચાશ નહી આવે. એ પ્રમાણે વીચાર કરી બંને જણ વેશ પાટલો કરી કલ્યાણદેવની રાજધાની તરફ ગયા.

ગુણસાગર જયાને લઇ કલ્યાદેવ પાસે આવી પહોંચ્યા. જયાએ આંખના ઇશારાથી કલ્યાણદેવને સવિનય પ્રણામ કર્યા. ગુણસાગરે રસ્તાની અથઇતી કલ્યાણદેવને જણાવી, અને ભીમદેવના રાજ્યમાં જવા માટે તૈયાર થયા. કલ્યાણદેવે તેમને રોકાવા ઘણું કહ્યું, પણ ગુણસાગરે કહ્યું, હાલનો મામલો ઘણો વિકટ છે, માટે હાલજ મદદ મેળવવી જોઇએ જે ઘડી જાય છે, તે ભોજકુમારને ઘણી ભારે છે. કલ્યાણદેવે કહ્યુ, ભલે સીધાવો. કામ પ્રસંગે મને બોલાવશો, તેજ

વખતે યોગ્ય મદદ સાથે હાજર થઇશ. ગુણુસાગરે કહ્યું, તમો પેરવીમાં રહેજો, ને હું જાઉછું. એમ કહી તેઓ વીદાય થયા.

ગુણુસાગર ગયા, ત્યાં કલ્યાણુદેવ પોતાના વિલાસભુવનમાં આવ્યો. જયા કે જે પતીની વાટ જોતી બેઠી હતી, તેણે કલ્યાણુદેવ આવ્યા ત્યાં સવિ । પ્રણુામ કર્યા, અને કુશળ સમાચાર પુછ્યા.

ગાન.

કલ્યાણુદેવ—જયા— (અતુલ સૃંગાર છો) એ રાહ.

કલ્યાણુ-પ્રિયે પ્રાણુાધાર છો;
જયા-વાહરે વાહરે;
હૈયા તણા હાર છો.
કલ્યાણુ-વાહરે વાહરે
જીવન સુખ છો મારૂ વ્હાલી તું
જયા-સતી જીવન આધાર છો.
કલ્યા-વાહરે વાહરે-હૈયા૦-પ્રિયે૦
ધન્ય દીવસ શુભ આજનો.
જયા-ધન્ય ઘડી પળવાર
ભેટી હું ભરથારને
કૃપા કરી કીરતાર
જન્મ સાર્થક મારૂ સર્વ પીયુછો;
કલ્યાણુ-વસી હૃદય મોઝાર છો.
જયા-વાહરે વાહરે. હૈયા૦-પ્રિયે૦

આ પ્રમાણે આનંદમાં નિમગ્ન થઇ રચીપચી રહ્યાં છે ત્યાં દુર્ગુણુસીંહ તથા બ્રાહ્મણુ વેશ પાટલો કરી આવી પહોંચ્યા. દુર્ગુણુસીંહે એક ચીઠી નોકર માર્ફત જયા કુંવરી ઉપર મોકલાવી, ચીઠી જયા કુંવરી ઉપરની નોકર આપીને ચાલ્યો ગયો, ત્યાં કલ્યાણુદેવે તે ચીઠી વાંચવા માંડી.

ચીઠી— શાર્દુલ વીક્રિડીત.

વ્યથા વીરહ હું વેઠું, વ્હાલી પ્રિયતમા તું ગઈ,
ઘડી એક નવ રૂચે, આવી નમેરી શું થઈ;
આવીને ઝટ મળજે, વિલંબ કરતી ઘડી નહી;
વાંચી તુર્ત વિચરજે, વિયોગે પ્રાણ ટકનાર નહી.
લી. તારો સાચો પ્રેમી મુંજરાજ

મુંજરાજનું નામ સાંભળી કલ્યાણદેવને ક્રોધ ચઢયો, અને કહ્યું, બોલ્ય રંડા આ ચીઠી કોની ! જયાએ કહ્યું, વ્હાલા ! કપટીની કપટ જાળ, કલ્યાણદેવે કહ્યું, શું કપટ જાળ ? કાકો થઇ પુત્રી ઉપર આવી પ્રેમની ચીઠી લખે, તેવી તે કપટ જાળ ! રંડા જાતીજ નીચ અને-ચંડાળ. કાકાથી પ્રેમ પાસે બંધાઇ, જગતને દેખાડવા સાસરૂ કરવા આવી છે; નીચ કુલટા ! રાંડ જાતને બદનામ છે, એમ કહી નોકરને બોલાવ્યો, અને કહ્યું, આ ચીઠી તને કોણે આપી ? નોકરે કહ્યું, કોક ગામડીઆ જેવા બે જણ નીચે ઉભા છે, તેમણે આપી. કલ્યાણદેવે કહ્યું, જા તેમને હાલને હાલ બોલાવી લાવ.

નોકરને હુકમ થતાં તે પેલા બે જણ, એક તો દુર્ગુણ સીંહ, અને બીજો બ્રાહ્મણ વેશ પાટલો કરી આવ્યા હતા, તેમને તેડી લાવ્યો. તેઓ આવ્યા ત્યાં ટેલીઆએ ટેલ નાંખી " ટેલીઆ ભટની ટેલ છે " દાતારને મન સહેલ છે. '(કલ્યાણદેવ પાસે આવી વિયોગ દુઃખ મુશ્કેલછે)" પ્રેમીની એ પહેલ છે. ટેલીઆની ટેલ સાંભળી કલ્યાણદેવ વિસ્મય પામ્યો, પરંતુ દુર્ગુણસીંહને જોયો, ત્યાં તો તેના અચંબાનો પાર રહ્યો નહી, અને કહ્યું, બોલ્ય ટેલીઆ ! આ સઘળું શું છે ? ટેલીએ કહ્યું, ટેલીઆ ભટની ટેલ.

જયા કે જે કલ્યાણદેવના વચન પ્રહારથી મુર્છીત થઈને પડી હતી તે જોઇ દુર્ગુણસિંહે કહ્યું, કલ્યાણદેવજી ! મનને કાબુમાં રાખજો. આ ચરિત્ર એમને એમ ચાલ્યાં જાય છે.

મન કાકાપર ચોટ્યું છે, આતો દુનિયાદારી સાચવવા ખાતર આવવું પડયું છે, પરંતુ મુંજરાજે પાછળના પાછળ મોકલ્યા.

આટલી વાત કહી, જયાને શુદ્ધિમાં આવતી જોઈ ચુપ રહ્યો; જયા મુર્છામાંથી મુક્ત થઈ કલ્યાણદેવના પગ પકડી બોલી, નાથ ! આ બધી કપટ જાળ છે, હુ કેવળ નીરપરાધી છું. કલ્યાણદેવે કહ્યું, એતો જાણી તને સતી સાધવીને !

કલ્યાદેવ— ગાયન.

(શુદ્ધિ સઘળી ગઇ ગઇ)

ધિક્કાર જાતી નારી અરર ! કાળાં કૃત્ય કરનાર
પ્રેમ પાસમાં પુરૂષનેરૂસવે હા ! હા ! તેતો ડોળ પ્રેમનો ધરી
નારી જાતી નકારી, વિષય વિષની ઝારી
ધરી દીલ કપટ પ્રપંચ, કરતી કમાલ, બનાવે બે હાલ
નરના હવાલ—ધિક્કાર૦

જયાએ કહ્યું, નાથ ! હું બીલકુલ નિર્દોષ છું આ સઉ કપટીનાં કારસ્તાન છે, પ્રપંચ જાળ છે, કલ્યાણ દેવે કહ્યું, છટ છટ કામનીઓની કપટ જાળ જગ જાહેર છે. આખી આલમમાં નારી જાત બદનામ છે, સંસાર સુખ હાલને માટે તો હરામ છે, અને એ સુખને છેવટના રામ રામ છે. જયાએ કહ્યું નાથ ! નાથ ! તપાસતો કરો ! કલ્યાણદેવે કહ્યું. તપાસ તને સોંપી, ખાત્રી તું કરાવજે જયાએ કહ્યું, પ્રાણેશ ! પગે પડું છું, અવિચાર્યુ પગલું ન ભરો.

કલ્યાણ-જયા— ગાયન

જયા–નાથ વિચારો કાંઈ અરે
કલ્યાણ–ઠગારી, ધુતારી, શું તારી ખુમારી.
પાપીણી પ્રપંચ તું ચલાવ નહી
જયા–અન્યાય અપાય ખરે–નાથ
કલ્યાણ–જા, જા,—નાથ
નારી જાતી નીચ ખરે છે

વિષય વાંચ્છના માંહી ફરે છે
એમાંની નારી છે લુચ્ચી ઠગારી તું
જયા—નથી અત્રીચારી હું—જા
કલ્યાણ—કપટી જાતી કામીની જાણો કહો શું તે ન કરે—નાથ

એ પ્રમાણે કહી જયાને તરછોડીને ત્યાંથી ચાલ્યો ગયો. કલ્યાદેવે તરછોડી ત્યાં જયા મુર્છાગત થઈ. તેને દુર્ગુણુસીંહે, તથા બ્રાહ્મણે ઉપાડી લીધી, ને તેઓ પંથે પડયા. થોડીવારે જયાની મુર્છા વળી, ત્યારે પોતાને પાપી દુર્ગુણુસીંહના કબજામાં જોઇ ચકીત થઇ, અને કહ્યું, હું અહીં કયાંથી ? મારા પતી કયાં ? દુર્ગુણુસીંહે કહ્યું, દીકરી! તું તારા કાકાના કાવતરાનો ભોગ બની છું, અને તને કલ્યાણદેવે તરછોડી છે. માટે હાલ તું આપણે ઘેર ચાલ્ય, ઘેર ગયા પછી સૌ સારાં વાનાં થશે. જયાએ કહ્યું, પણ તમે અહીંઆં કયાંથી ! દુર્ગુણુસીંહે કહ્યું, તારી માતાએ પાછળને પાછળ ખબર કાઢવા મોકલ્યો, પરંતુ અત્રે આવીને જોયું ત્યાં તારી આ દશા ! તેથી તને હમોએ મુર્છીત અવસ્થામાં ઉપાડી લીધી, કારણ વખતે વિફરેલો ક્ષત્રી કુમાર તારી ઘાત કરી બેસે.

જયાએ કહ્યું, કાકા દુર્ગુણુસિંહ ! એ તમારી ભુલ છે, સાચો ક્ષત્રી અબળાની ઘાત કદાપી ન કરે. હાય ! દુષ્ટ કાકો પુરે પુરો દુષ્મન થઇ પાછળ લાગ્યો છે, પીતાજીને દેશવટો ! મને પતીથી તરછોડાવવી ! એ કપટીની કપટ જાળે તો હવે હદ કરી છે. દુર્ગુણુસીંહે કહ્યું, દીકરી ! હવે હમારી સાથે ચાલો, સાવીત્રીબાઇ તમારા સમાચાર સાંભળવા માટે અધિરાં થઇ રહ્યાં હશે. જયાએ કહ્યું, ભલે ચાલો. એ પ્રમાણે ફરેબ કરી દુર્ગુણુસીંહ જયાને પોતાની સાથે લઇ ગયો, અને બ્રાહ્મણને આ સમાચાર મુંજરાજને પહોચાડવા આગળ મોકલી દીધો.

પ્રકરણ ૧૫ મું.

સિદ્ધ મારફત ભોજનું ભવિષ્ય સાંભળવું
મુંજરાજને તેલીઆની ભોજકુમારને ફસાવી મારવા પેરવી

આજરોજે ભોજકુમારની વર્ષ ગાંઠ હોવાથી મુંજરાજાએ દરબાર ભર્યો. દરબારમાં વારાંગનાઓએ નૃત્ય કર્યું તેમને સીરપાવ આપવામાં આવ્યા, અને ભાટચારણો આદીને પણ ઈનામો આપવામાં આવ્યાં. આ વખતે કવીકાળીદાસ કચેરીમાં હાજર હતા, તેમની સાથે તેલીઆએ મીથ્યા વાદ વીવાદ કર્યો, અને તેમાં તે નિષ્ફળ નીવડયો.

તેલીઆએ કહ્યું, કવી કાળીદાસજી ! હું ત્રીકાળી જ્ઞાન ધરાવું છું, અને અગમ નીગમ ભાખી શકું છું. કાળીદાસે કહ્યું, વારૂ તેલીઆજી ! આ ભોજકુમારનું ભવિષ્ય કહેશો ! તેલીઆએ કહ્યું, ઘણી ખુશીથી એમ કહીને જયોતીષીનો ખોટો ડોળ કરીને કહ્યું, આ ભોજકુમારનો ચંદ્રમા ઘાતીછે, તેથી તેનું અમંગળ થાય એમ સુચવે છે.

આ પ્રમાણે તેલીએ કહ્યું, ત્યાં કાળીદાસ પોતાની સાથે એક સિદ્ધ મહાત્માને લવ્યા હતા, તેમને કહ્યું, મહાત્મા ! તમો ભોજકુમારનું ભવિષ્ય કહો, શું આ તેલીઆજીનું કહેવું ખરૂ છે ? સિદ્ધ કે જે સકળ ગુણ સંપન્ન સર્વ વિદ્યાના જાણ હતા, તેમણે કહ્યું, કાળીદાસજી ! ખરીવાત કહેનેમેં કુચ ફાયદા નહી.

કાળીદાસે કહ્યું, ખરા કહેનેમે કુચ હરકત નાંહી. જો સત્ય હોવે વો બોલો. સિદ્ધ મહાત્માએ કહ્યું, આ તેલીઆજી આપેજ કુમારના ઘાત ચંદ્ર છે, પરંતુ રામ રાખનાર છે તેને ચાખના કોઇ સમર્થ નથી. યહ ભોજકુમાર રાજ્યાસનપે બીરાજમાન હોગા, ઔર અચ્છી નેકીસે રાજ કરેગા. ઉસકે દુશ્મન સબ અપ અપને પાપસે મારે જાયગે.

આ પ્રમાણે ભવિષ્ય સાંભળી તેલીઆએ કહ્યું, ખોટુ ખોટુ તદન ખોટુ, એ ખોટા બોલાને એકદમ કચેરીમાંથી દુર કરો. મુંજરાજે કહ્યું, બરાબર છે, એવા માણસો આપણા ન્યાઇ દરબારમાં ન શોભે પ્રપંચીઓનું આવું ભાષણ સાંભળી સિદ્ધ પોતે આપેજ દરબારમાંથી નીકળી ગયા, અને દરબારીઓ પણ દરબાર બરખાસ્ત થતાં પોત પોતાને મુકામે ગયા.

દરબાર બરખાસ્ત થતાં મુંજરાજ તથા તેલીઓ અને રાજકુમાર એ ત્રણ જણા રહ્યા; મુંજરાજે ભોજકુમારને તેલીઆને ત્યાં જવા ભલામણ કરી; અને તેને પણ દરબારમાંથી વીદાય કર્યો. ભોજ ગયો ત્યાં તેલીઆને કહ્યું, તેલીઆજી! આવો અમુલ્ય લાગ ચુકતા નહી. ત્યાં એ આવે કે તમારા ફરેબમાં ફસાવી પુરો કરી નાંખજો.

તેલીઆએ કહ્યું, રાજાજી! એમાં કહેવું નહી પડે; મોરનાં ઇંડાં તે ચીતરવાં પડે કે! મુંજરાજે કહ્યું બહુ સારૂ, પણ સાવચેતી પુરે પુરી રાખજો. તેલીઆએ કહ્યું, તેમાં વાંધો નહી આવે. તમો કુમારને મારે ત્યાં મોકલો, એટલીજ વાર. મુંજરાજે કહ્યું, બહુ સારૂ તમો પધારો હું હાલજ ભોજકુમારને તમારે ત્યાં મોકલું છું. એ પ્રમાણે સંકેત કરી બંન્ને છુટા પડયા.

પ્રકરણ ૧૬ મું.

ગુણસાગર ભીમસીંહ પાસે મુંજરાજનો પ્રપંચ જણાવવો
એકદમ મુંજને શીક્ષા કરવા નીકળવું
ભોજનો બચાવ તેલીઆને કેદ.

કલ્યાણદેવ પાસેથી નીકળી ગુણસાગર ભીમદેવની રાજધાનીમાં આવી પહોંચ્યા, અને મહારાજા ભીમદેવને મળવા

ગુણુસાગરને અણુચિંત્યા આવેલા જાણી અચંબો પામ્યા, અને તેમને સારો સત્કાર આપી આવાગમનનું કારણુ પુછયું ગુણુસાગરે કહ્યું, રાજાજી! સીંહભટના મરતાં બધુ ધુળ-ધાણી મળી ગયું છે. મુંજરાજની કપટજાળ પ્રબળ છે. તેલીઆને સાધી સીંહભટને તથા તેની રાણીને ઝેર અપાવી તે સીંધુલકુમાર ઉપર ઢોળી પાડયું, અને દેશવટો દેવરાવ્યો, જયા ઉપર પ્રેમાસકત બન્યો, અને બીજાં ઘણાં અન્યાઇ કર્તવ્યો કર્યાં છે, અને કરે છે. હવે જે ઘડી જાય છે, ભોજકુમારના જીવનને ઘણી ભારે છે, માટે એકદમ આપ આવી તે પાપીને યોગ્ય શાસન આપો, ને ભોજ-કુમારને બચાવો.

ભીમદેવે કહ્યું, શું એટલો બધો નીચ! ગુણુસાગરે ક તેની નીચતાની વાત કહેવરાવશોજ નહી' સીંધુલને ઠાર કરવા પાપીએ દુર્ગુણુસીંહ કે જે સીંધુલનો દોસ્ત હતો, તેને સાધીને જંગલમાં મોકલ્યો, પણુ ઈશ્વર ઈચ્છાથી સીંધુલકુમારને બચાવી લીધા, અને પાપી પાછો પડયો. માટે હાલને હાલ પધારો. એક ઘડીનો પણુ વિલંબ કરવા જેવું નથી.

ભીમદેવે કહ્યું, હું હાલજ જાઉં છું, તમો લશ્કર લઇ મારી પાછળ ચાલ્યા આવો; જોઉ છું કે તે પાપી કેવો ફાવે છે? એમ કહી રાજાજી માલવાનગ્ર તરફ રવાને થયા, અને ગુણુસાગર લશ્કર લઈ તેમથી પાછળજ રવાને થયા.

તેલીઓ ભોજકુમારના આવવાની રાહ જોતો બેઠો હતો, ત્યાં ભોજકુમાર આવી પહોચ્યો. ભોજને જોઈ તેલીઓ આનંદ પામ્યો, અને તેને નવીન નવીન દેખાવ બતાવવા માંડયા. ભોજકુમાર આથી પ્રસન્ન થયો નહી; છેવટે તેલી-આએ ભોજકુમારને તેના ઇષ્ટ દેવનું સ્મરણુ કરવા કહ્યું. ભોજકુમારે કહ્યું, કેમ? તેલીઆએ કહ્યું કેમ શું? તમારા કાકાના હુકમથી.

ભોજકુમારે કહ્યું, જારે જા નીચ ચંડાળ! શું પીતા તે પુત્રનું ખુન કરાવે? તેલીઆએ કહ્યું, લોભ શું ન કરાવે? ભોજકુમારે કહ્યું, શેનો લોભ! તેલીઆએ કહ્યું રાજ્યનો. રાજાને બીજા શા લોભ હશે? ભોજકુમારે કહ્યું, રાજા થયા છતાં પણ હજી લોભ ન ગયો, તેલીઆએ ક, તેમની પછી તમોને વારસ ઠરાવ્યા છે, તેથીજ, ભોજકુમારે કહ્યું, પણ તેલીઆજી મને મારવાથી તમોને શું ફાયદો થશે! તેલીઆએ કહ્યું, ફાયદા વીના કોઈ કાંઈ કરતુંજ નથી.

છેવટે ભોજે તેલીઆને કહ્યું, વારૂ હું તો મરીશ, પણ આટલો સંદેશો કાકાને કહેવરાવજો કે પૃથ્વી કોઇની થઈ નથી, તેમ થવાથી પણ નથી. રાજા રાવણ જે ચૌદ ચોકડીનો રાજા હતો, તેને રામચંદ્રદજીએ રોળ્યો, ત્યારે સોવર્ણની લંકા તેની સાથે ગઇ નથી, મારૂ મ્હોત એવી રીતે મારા પ્રારબ્ધમાં લખ્યું હશે, તે કોણ મીથ્યા કરે. તેલીઆએ કહ્યું, હવે તાકીદે ઇશ્વર સ્મરણ કરી લયો. આ પ્રમાણે કહે છે, ત્યાં ભીમદેવ મહારાજ અણુચિંત્યા આવી ચઢયા.

ભીમદેવને જોઇ તેલીઓ ભય પામી નાસવા લાગ્યો, તેને ભીમદેવે ગળેથી પકડયો; ત્યાં ગુણસાગર લસ્કર સહ આવી પહોચ્યા, અને તેલીઆને કેદ કરી લીધો, અને ભોજકુમારને કવી કાળીદાસને ત્યાં ગુણસાગર મુકી આવ્યા.

ભીમદેવને તેલીઆને કહ્યું, ઓદય લુચ્ચા! ભોજકુમારનું ખુન કેમ કરતો હતો? તેલીઆએ કહ્યું, કૃપાનાથ! પૈસાના લોભે. ભીમદેવે કહ્યું, એવો લોભ તને કોણે આપ્યો હતો! તેલીઆએ કહ્યું, મુંજરાજે ભીમદેવે કહ્યું, શો? તેલીઆએ કહ્યું, દીવાનગીરી આપવાનો. ભીમદેવે કહ્યું કેવો હરામખોર? ગુણસાગરે કહ્યું, રાજાજી! આપણે ઈશ્વરનો ઉપકાર માનવાનો છે, કે વખતસર આવી પહોચ્યા, નહીતર ભોજકુમાર બેજાન થાત, અને આપણી ધારણા સઘળી ધુળમાં મળી જાત.

ભીમદેવે કહ્યું, હાલને હાલ જઇને એ પાપીને દબાવી દેવો. ગુણસાગરે કહ્યું મહારાજ કળાથી કામ લેવામાં ફાયદો છે. હું તે બાબતની ગોઠવણ કરીને આપને મળું છું, આપ જરા ધીરજ રાખો. એમ કહી ગુણસાગર મુંજરાજની હીલચાલ જોવા નગ્રીમાં ગયા, અને ભીમદેવ ગુણસાગરની વાટ જોતા તેલીઆનીજ ગુફાની નજીક પડાવ નાંખી રહ્યા.

પ્રકરણ ૧૭ મું.

ભોજ વિદ્યાર્થી, દુર્ગુણસીંહની કપટજાળ, ભોજકુમારની સાક્ષી.

ભોજકુમાર કાળીદાસને ત્યાં વિદ્યાર્થી વેશે ગુપ્ત રહ્યો છે, તે ગુરૂની રજા લઈ બાજુના જંગલમાં ફરવા માટે ગયો. ફરવાની રજા આપતાં કાળીદાસે કહ્યું, ભોજ કુમાર! જો જો ? જોઈને હરજો ફરજો, આ સમય તમારે માટે ઘણોજ વિકટ છે. ભોજકુમારે કહ્યું; કાળીદાસજી! તમો ચિંતા કરતા નહી, માંથે સમર્થ ધણી પરમાત્મા હજરા હજુર છે. તેલીઆની ગુફામાં જેણે બચાવ્યો, તેજ પ્રભુ મારૂ રક્ષણ કરશે. એમ કહી જંગલમાં ફરવા સીધાવ્યો.

ફરવા માટે જંગલમાં આવ્યો ત્યાં એક નવીન કૌતક તેની નજરે પડયું. પાપી દુર્ગુણસીંહ એક કોહોળી સાથે કંન્યાનું સાટુ કરતો હતો, અને બાજુમાં જ્યાને જોઇ વધારે આશ્ચર્ય ચકિત બન્યો, અને તેમની વાતચીત સાંભળવા બાજુમાં સંતાઈ રહ્યો.

દુર્ગુણસીહે કહ્યું, પટેલ! આ મારી પુત્રી છે, અને હું એનું હગપણ કરવા નેકળ્યો છું. પટેલે અશ્ચર્ય ચકિત થઇ પુછયું, શું તમારી છોકરી છે! દુર્ગુણસીંહે કહ્યું

અમારી નહી, ત્યારે શું બીજાની છોકરી લઇને હગપણુ કરવા નેકળ્યા હઇશું ! પટેલે કહ્યું, તાણે મારી હાથે ગર ઘાવશો ! દુર્ગુણુસીંહે કહ્યું, જે ઘણી મનમાન્યા રૂપીઆ આપશે તેની હાથે ગરઘાવશું. મારી રતન જેવી દીકરી કોક ભાગશાળીના ઘરમાં જશે, તમારૂં ગજુ નહી.

પટેલે કહ્યું, પણ કેટલા રૂપીઆ લેશો એતો કહી દો ? દુર્ગુણુસીંહે કહ્યું, દહ વીહો, છે તમારી પાહે ! પટેલે કહ્યું, લ્યો દહવીહો હું આપું છું, કરો લખણું. દુર્ગુણુસીંહે કહ્યું, શું દહવીહો રૂપીઆ તમારી પાહે છે ! પટેલે કહ્યું, ત્યારે હોયા વીના બોલતા હશું. (બાજુમાં જયાને જોઇ, મારી દીચરી બહુ રૂપાળી છે, જાણે ચંદરમાનું બચ્ચું ! દહવીહોમાં આવી રૂપાળી બાયડી કોણુ ન કરે ! હેં કોણુ ન કરે) દુર્ગુણુસીંહે કહ્યું, તો લાવો કાગળને ખડીઓ લેખણુ. પટેલે કહ્યું, બેહો હમણાં લાવી આપું છું, કહી તે કાગળને ખડીઓ લેખણુ લેવા માટે ગયો.

પટેલ ગયો ત્યાં દુર્ગુણુસીંહે કહ્યું, આ ઘાટપણ ઘણો સારો આવ્યો આવો આ જયાને સતાવશે, પણ જયા માન-નાર નથી, એટલે ટંટો થશે, અને પોલીસોને સમજાવીશું, એટલે જયાને ને આ પટેલીઆને પકડીને દરબારમાં લાવશે, ત્યાં મુંજરાજ જયાને કેદ કરશે, અને આ પટેલીઆને હમ-જાવીને રસ્તે પાડશે. પછી ધીરે ધીરે જયાને સમજાવીને મેળવી લેશે. પણ જયાને આ પટેલીઆ સાથે જવા માટે ઉંધુ સીધુ સમજાવી દેવું, જેથી આ પોગળ પકડાઈ જાય નહી.

એવો વીચાર કરી દુર્ગુણુસીંહ જયા પાસે આવ્યો, અને કહ્યું; જયા ! અહીંથી આપણું નગ્ર દુર નથી. અને તને ઘણીજ સાવચેતીથી લઈ જવી પડશે. માટે તું આ પટેલ મારો દોસ્તદાર છે, તેને ત્યાં હાલમાં રહે, હું તેને બરાબર ભલામણુ કરૂં છું, અને હું નગ્રમાં જઇને સાવીત્રી બાઇને જાણુ કરૂં છું કે જયા બહેન આવી છે, પછી યોગ્ય લાગે તેવો રસ્તો લાવી છુપી રીતે લઇ જઇશું.

ભોળી જયાને આ પાપીનાં કારસ્તાનની થોડીજ ખબર હતી, કે આનાકાની કરે; વળી મુંજરાજના કાવતરાની તેને ધાસ્તી હતી, પણ તે થોડીજ જાણતી હતી, કે હું આ પાપી કાવતરાં ખોરના કબજામાં સપડાઈ છું, તેથી દુર્ગુણસીંહને કહ્યું, કાકા! તમારી ધ્યાન પહોચે તેમ કરો; તમો કહેશો તે પ્રમાણે કરવા તૈયાર છું.

આ પ્રમાણે જયાને હા પડાવી, ત્યાં પેલો પટેલ ખડીઓ કલમ અને કાગળ લઇને આવ્યો, અને કહ્યુ, લ્યો આ ખડીઓ, લેખણને કાગળ, કરો લખણું. ત્યાં દુર્ગુણસીંહે કહ્યું, તમારૂ નામ? અને તમારા બાપનું નામ શું? તે પટેલે કહ્યુ, મારૂ નામ મેઘો, અને મારા બાપનું નામ વીરો; ત્યાં દુર્ગુણસીંહે બનાવટી લેખ લખી કહાડયો, અને પેલા પટેલીઆના હાથમાં આપ્યો. પટેલીઆને લેખ આપ્યો ત્યાં પટેલીએ કહ્યું, લ્યો વાંચી હંભળાવો. ત્યાં દુર્ગુણસીંહે વાંચી બતાવ્યો.

લેખ.

હું હીરા પટેલનો છોકરો અમથો, તમો વીરા પટેલના દીકરા મેઘા પટેલ વેરે મારી બહેન મોંગીનું હગપણ કરૂ છું, (ગરધાવું છું) અને તે બદલ તમો પાહેથી રૂપીઆ હડુવીહો લેવાના ઠરાવ્યા છે, તે લીધા છે, અને આ મારી બહેનને તમો મેઘા પટેલને હોંપી છે. તે સહી છે. તેને તમો હારી રીતે રાખો, એવો ઠરાવ કર્યો છે. આજે મહા વદી છઠ. દસકત અમથો પટેલ.

પટેલે કહ્યું, પણ અમથા પટેલ! આમાં સાયડી જોઈએ સાયડી. હું તારને ઉભી સાયડી, અને કચારીની આડી સાયડી. દુર્ગુણસીંહે કહ્યું, પણ અહીંઆં સાયડી લાવવો કયાંથી? મેઘા પટેલે કહ્યું, હવડાં કોક આ રસ્તે થઇ નેકળશે, તેની સાયડી કરાવીશું. આ વાત કરે છે, તે ભોજકુમારે સાંભળી, અને તકનો લાભ લેવા વિદ્યાર્થી વેશમાં વિદ્યાર્થીના આશી-

વાદ, એ પ્રમાણે કહી પેલા બે જણ સાયડીની વાટ જોતા હતા ત્યાં આવ્યો.

વિદ્યાર્થીને જોઇ મેઘા પટેલે કહ્યુ, ભાઇ ! તું ભણેલો છું, વીદ્યાર્થીરૂપ ભોજકુમારે કહ્યું, હા. ત્યાં અમથા પટેલ રૂપ દુર્ગુણસીંહે કહ્યું, જરા આમાં સાયડી કરો મહારાજ. ભોજકુમારે કહ્યું, શેનું લખત છે? અમથા પટેલરૂપ દુર્ગુણ-સીંહે કહ્યું, એતો (જયાને બતાવી) આ મારી બ્હેન આ પટેલ હાથે ગરઘાવું છું તેનું છે. ત્યાં ભોજકુમારે સાયદી કરી, અને મેઘા પટેલે વિદ્યાર્થીની રૂબરૂ બસો રૂપીઆ ગણી આપ્યા. અને વિદ્યાર્થીરૂપ ભોજકુમારને પણ એક રૂપીઓ દક્ષણા આપી વીદાય કર્યો. દુર્ગુણસીંહના હાથે લાખુ હતું તે મેઘા પટેલના જોવામાં આવ્યું, તેથી કહ્યું પટેલ આ ડાઘો શેનો છે ? દુર્ગુણસીંહે કહ્યું, આ ડાઘો નથી પણ લાખુ છે. આ એધાણી મેઘાએ બરોબર ધ્યાનમાં રાખી.

વિદ્યાર્થીરૂપ ભોજકુમાર ગયો, ત્યાં મેઘા પટેલે કહ્યું, હવે તમારી બેનને મારી હાથે મોકલો; ત્યાં દુર્ગુણસીંહે કહ્યું, પટેલ, તે ઘણી શરમાળ છે, તેથી તેને સમજાવીને હું જાઉછું, પછી તમો તમારે તેડી જજો; હવે તમારૂ માણુહ થયું, એટલે તમારી હાથેજ આવશે, એમાં કાંઇ સુટકો છે ! હું તેને મળીને કહીને જાઉછું, પછી તમો તમારે તેડી જજો. એમ કહી જયા પાસેં ગયો.

જયા પાસે જઇ તેણે જયાને કહ્યું, બ્હેન ! હું જાઉં છું, અને આ પટેલને મેં તારી બરાબર ભાળવણી કરીછે, માટે તું આ પટેલ હાથે તેમને ઘેર જજે; જયાએ કહ્યું, પણ કાંઇ લખ્યું, તે શું લખ્યું ? દુર્ગુણસીંહે કહ્યું, એ લોક તો ગામડાના ગમાર જેવા, તેથી લખાવી લેવું પડયું, એટલી ચોકસાઇ ન કરીએ, તો વખતે મુંજરાજ ફસાવી મારે, તો શું કરવું ? જયાએ કહ્યું, એ પાપીનું નકટર

હદથી જાદે છે, દુર્ગુણસીંહે કહ્યું, તેથીજ આટલી ચોકસઈ કરવી પડે છે. લે બેહેન હું હવે જાઉંછું, ને તું પટેલ સાથે તેમને ઘેર જજે; (પટેલને) મેઘા પટેલ! અમારી બ્હેનને તમને સોંપી; તેની બરાબર બરદાસ રાખજો, હું જઉછું મેઘા પટેલે કહ્યું, બહું હારૂ પટેલ પધારજો; દુર્ગુણસીંહે કહ્યું, પટેલ રામ રામ, ત્યાં મેઘા પટેલે કહ્યું રામ રામ. એમ રામ રામ કરી દુર્ગુણસીંહ રસ્તો માપી ગયો.

દુર્ગુણસીંહ ગયો, ત્યાં મેઘા પટેલે જયાને કહ્યું, હેંડો જયાએ કહ્યું; કાકાજી ચાલો, મેઘા પટેલે કહ્યું, કાકાજી કોને કહે છે? મેં તો તને બહો રૂપીઆ આપી વેચાતી લીધી છે. તારા ભાઈએ બહો રૂપીઆ લઈ તને મારી હાથે ગર ધાવી છે. જયાએ અચંબો પામી કહ્યું, કાકા! આ શું કહો છો? મેઘા પટેલે કહ્યું, આ લખણુંએ થઈ ગયું છે. જયાએ કહ્યું, જાજા એ તો જોયો તને? મારા કાકા તારે ત્યાં બે દીવસ રહેવાની ભલામણ કરી ગયા છે, ત્યાં તું ઉલટો ગળે પડે છે કેમ? મેઘા પટેલે કહ્યું, જાજા ગળે પડવા વાળી? રૂપીઆ બહો આપ્યા છે. જયાએ કહ્યું, શું એ દુષ્ટ પાપી કાકા કરતાં પણ બુરો નીકળ્યો, હિતુ બનીને ફસાવી!

મેઘા પટેલે કહ્યું, લે હવે હેંડતી હોય તો હેંડ સીધે સીધી, નહીતર ડાહામ દઈશ ડાહામ. જયાએ કહ્યું, જાજા કર્મ ચંડાળ! તારી સાથે તો હું હવે આવનાર નથી. મેઘા પટેલે કહ્યું, તાણે શું મારા રૂપીઆએ ગયા, અને બાયડીએ જશે? જયાએ કહ્યું, તારૂ નશીબ, મેઘા પટેલે કહ્યું, હીધી હીધી હાલતી હોય તો હાલ્ય, નહીતર હાલજ તારી વેતરાણ કરૂં છું. એમ કહી તે લોઢાનો હળીઓ તપાવી લાવ્યો, અને જયાને ડાહામ દેવા માટે દોડયો. મેઘો ડાહામ દેવા આવતો જોઈ જયાએ બચાવ માટે બુમ મારી, અને આગળ પાછળ નાસવા માંડયું.

દુર્ગુણસીંહે અહીંથી જઈને મુંજરાજને મળી સર્વ હકી

કતથી વાકેફ કર્યાં, અને બે સીપાઈઓને તે બંનેને પકડી લાવવા માટે આ મેઘા પટેલ તરફ દોડાવ્યા. પેલા બે સીપાઈઓ અત્રે આવ્યા, ત્યાં જયાની બુમ સાંભળી એકદમ તેમની પાસે આવ્યા, અને પટેલને કહ્યું, આ શું કરે છે?

પટેલે કહ્યું, તું કોણ છે? મારી બાયડીને ગમેતે કરૂ, તેમાં તારા ભાનું હું જાય છે! જયાએ કહ્યું, હું તેની બાયડી નથી, પણ એક વટે મારગુ છું. ત્યાં મેઘાએ લખત કાઢી સીપઈઓને દેખાડી કહ્યું, સાહેબ એના ભાઇએ મારી હાથે હાલજ ગરધાવી છે, ને બહો રૂપીઆ લઇ ગયો છે. જયાને પુછયું, કેમ ' આ શું કહે છે? જયાએ કહ્યુ જુઠુ, જુઠુ, તદન જુઠુ. ત્યાં સીપાઇઓ બંનેને પકડી દરબારમાં લઈ ગયા. અને બંનેને કેદ કર્યાં.

પ્રકરણ ૧૮ મું.

બ્રાહ્મણ સીંધુલનો પત્તો, મુંજ બ્રહ્મણને સમજાવી સીંધુલને ફરી ફસાવવાની ગોઠવણ.

પછી જયા પાસે કેદખાનામાં મુંજરાજ, જયાનો મુંજને તીરસ્કાર

તેલીમાનો સાગ્રીત બ્રાહ્મણ, મુંજરાજ પાસે આવ્યો અને કહ્યું, રાજાજી! સીંધુલ આપણા નગરની નજીકમાંજ છે; મુંજરાજે કહ્યું, શું તેં નજરો નજર જોયો? બ્રાહ્મણે કહ્યું, હું હાલજ જોઇને આવુંછું. ગુણસાગરને એ બંન્ને જણા કાંઈ ગુચપુચ વાતો કરતા હતા, તે સાંભળીનેજ આવ્યો, અને આપને જણાવવા સારૂ આપની મુલાકાત લીધી.

મુંજરાજે કહ્યું, હવે ગમે તે યુક્તિ કરી એને ફસાવો તો તો તમારાં નશીબ ખુલી ગયાં, સમજયા મહારાજ? મુંજરાજે કહ્યું, ગમે તે કેસ એના ઉપર ઉભો કરો, ગુન્હાની સાબીતી કરવી મારા હાથમાં છે; તેને કેદ કરીને

પછી પુરો કરતાં વાર નહી લાગે, પણ એવો કોઇ ગુન્હો તેના ઉપર આવે એવી પેરવી કરો.

બ્રાહ્મણે કહ્યું, વારૂ ખુનનો ગુન્હો તેના ઉપર ઉભો કરૂં? મુંજરાજે કહ્યું, તો તો તમારો બેડો પાર! તમો થવાના મ્હોટા સરદાર. એવો ગુન્હો ઉભો થાય, તો તો તરત ફાંસીની સજા; બધી ખટ ખટ દુર થાય. બ્રાહ્મણે કહ્યું તો જોજો આ તેલીઆના શાસ્ત્રીતના તમાસા; મુંજરાજે કહ્યું તો તો ઝટ જાઓ, અને કામ પાર ઉતારો. ત્યાં બ્રાહ્મણે કહ્યું આ ચાલ્યો.

મુંજરાજે કહ્યું, જો જો! પુરી સાવચેતી રાખજો, બ્રાહ્મણે કહ્યું હરકત નહીં. એમ કહી બ્રાહ્મણ ચાલ્યો ગયો. બ્રાહ્મણ ગયો, ત્યાં મુંજરાજે વીચાર્યું, આપણુ ઠીકજ થયું, ફુગુણ સીંહે સીંધુલને મારી નાંખ્યાનું કહ્યું હતું, તે જુઠુ નીકળ્યું. પણ મારૂ નસીબ જોરાવર છે, કે તે આપેજ અહીં આવ્યો છે. ગુણસાગર તેના પક્ષમાં છે પણ ફીકર નહીં તેની વાત પછીથી કરીશું. પણ હજી મોટુ કામ કરવાનું બાકી છે; રાણીવાળો દસ્તાવેજ જયંત પાસે છે, તેને ઘણી રીતે સમજાવ્યો છતાં સમજતો નથી. માટે તેને કચેરીમાં બોલાવી ગમે તેમ સમજાવવો, અને દસ્તાવેજ કબજે કરવો; કારણ જો દસ્તાવેજ ખુલ્લો પડી ગયો, તો બધી બાજી બગડી જશે, માટે હવે જયંતને કેદમાંથી મુકત કરી પટાવી ફોસલાવીને દસ્તાવેજ કબજે કરવો, એજ યુકિત ઉત્તમ છે. તેને માટે કચેરીમાં જઇને વાત, પણ પેલી દેવ પુતળી જયા બંધીખાનામાં છે. તેને પ્રથમ મળું તેના વીના આ જીવને ચેન પડનાર નથી.

મુંજરાજ— ગાયન

અધિરૂ મન મારૂ હવે, ઘડી ધીર ધરેના,
ઘડી ધીર ધરેના—અધિરૂ
દોડી જાય વ્હાલી પાસે, ઘડી ધીર ધરેના

ઘડી ધીર ધરેના—અધિરૂ

વ્હાલી જયા પરે વળ્યુંએ સ્થીર ઠરેના

જીવન સુખ સાજ માટે, ઘડી ધીર ધરેના—અધિરૂ

પ્રેમમાં રચી રહ્યો આ જીવ, દેખે રસ્તા પ્રેમના

વ્હાલી વીયોગે વીરહવ્યથાથી, ઘડી ધીર ધરેના—અધિરૂ

એ પ્રમાણે વીચાર કરી તેણે કારાગ્રહ તરફ જવાનો નીશ્ચય કર્યો; તેણે વિચાર્યું કે હવે તેને કબુલ થયા વીના સીદ્ધિ નથી, કારણ હવે તે પુરે પુરી મારા કબજામાં છે. માટે તેને ગમે તે પ્રકારે કબજે કરી લેવી. અને હવે વાંધો પણ આવનાર નથી. જો ન માને તો કેદમાં સડાવવી, એટલે એની મેળે કબુલ કરશે. એવો નિશ્ચય કરી તે કેદખાના તરફ ગયો.

જયા કે જે કેદખાનામાં પડી વીચાર કરતી હતી કે, હવે હું પુરી ફસાણી; ન્યાય કરનાર પાપી કાકો હવે છોડી દે તેમ નથી. પતીએ તરછોડી, કલંકોણી ઠરાવી, અને અહીંઆં એ પાપીએ પુરી સપડાવી; ઈશ્વર શીવાય હવે મારૂ કોઈજ નથી. પ્રભુ ! પ્રભુ ! આ નીરાધાર બાળકી તારા શરણે છે, તેને બચાવી લેવી તે તારા હાથમાં છે.

જયા — ગાયન

દીન બાળાને બચાવો, જય શ્રી ગોપાળ !

અરજ સુણી વારે આવો ! વ્હેલા થાઓ ! જય શ્રીગોળ

દીન બેલી છો સંકટ હર્તા ”

પાછળ પડીઓ દુષ્ટ સ્હાયક સત્ય કહાવો ”

દુઃખ હરીએ ડુબુ પ્રભુ ! ”

અન્ય નહી આધાર, પ્રભુ રહેમ લાવો !

ઈશ્વર સ્મરણ કરી નશીબને દોશ આપવા લાગી; હું નિર્ભાગી ભાગ્ય ! હવે પડે તે ભોગવી લીધા વગર સીદ્ધિ

નથી. પરભવ કર્યાં હશે, તે આભવ ભોગવવાં પડે છે. હવે તો પ્રભુ ઇચ્છાને આધિન રહેવું તેજ ઉત્તમ છે. સંતને શીયળ પાસે પ્રાણ પણ તુચ્છ છે, તો પ્રાણાંતે પણ શીયળ સાચવવું, તેજ સતીના સતિત્વની કસોટી છે. મહાન સતી ઓને અથાગ કષ્ટો પડયાં છે, તો હું કીસ ગણતીમાં.

ગીતી

દમયંતી સતી નારી, પુણ્યશલોક એ નળ રાજાની નારી
પતી સંગે વન વન વેહયું, પતીએ તજતાં દુઃખી થઇ ભારી
વળી દ્રૌપદી નારી, સતીએ શાણી પાંન્ડવ પટરાણી
શીયળ સાચવ્યું ભારી, કીર્તી જેની જુગમાં ઉચરાણી.

એ પ્રમાણે એવી મહાસતીઓને અપાર કષ્ટો પડયાં છે, તેની પાસે મારૂ દુઃખ શા હીસાબનું છે ? એતો વખત આવે પડશે તેવા દેવાશે. છેવટે પ્રાણ ઉપર જવું, પણ શીયળતો નહી તજુ તે નહીજ તજુ (સામે મુંજને આવતો જોઈ) અરે ! આ પાપી તો આવ્યો, ચાલ્ય બરાબર સાવધ બનીને બેસું એવો વીચાર કરી તે સ્વસ્થ બનીને બેઠી, ત્યાં મુંજરાજ આવી પહોચ્યો.

મુંજરાજે જયા પાસે આવીને કહ્યું, વ્હાલી ! અહીંઆં કેદખાનામાં કયાંથી ? આ રસીલાથી રીસાઈ ગયાં, પણ તમારા સુભાગ્યે પાછાં મળી ગયાં. હવે તો વ્હાલી આ રસીલાથી રીસ તજો. અને આ રંગીલા સંગે રહી ઉડાવો મઝો. સમજશો તો સુખ અને સાહ્યબીમાં માણસો ને નહી સમજો તો આ કેદખાનામાં કેદીની હાલતે સડસો. કહો શું વીચાર છે ?

જયાએ કહ્યું, હું સતીને એવું કહેતાં શરમાતો નથી બેશરમ ? તારાં એવાં લાખો સુખ સાહ્યબીને કબુલ કરે તે બીજી, સતી સ્ત્રીઓ, લાલચમાં લોભાય નહી, સમજ્યો ? એવી તુચ્છ સાહ્યબીને સળગાવી દે, હજારો દુઃખ વેઠે,

ભુખ વેઠે, છેવટે પ્રાણ આપે, પણ પોતાનું શીયળ ન તજે ન તજે તે નજ તજે. સતીના સત્યનો પ્રતાપ સતીજ સમજે. જાળંધર જેવાને હણવા વિષ્ણુને કપટ કરવું પડયું; છે, અહલ્યાને છળવા જતાં, ચંદ્રને પસ્તાવું પડયું છે, તો વીચાર કર, એમાં સાર નહી કાઢે. સાંભળ.

સીંહ મુંજ ભોરીંગ મણી શીયળ સતી સંગાર
જીવતાં કદીએ નવ મળે, ગોથાં ખાય ગમાર

તેવી રીતે હજાર યત્ને હું તારે કબજે થઇશ તે સ્વપ્ને સમજીશ નહી. કાકો જાણી જવા દીધો તેથીજ આવું દુઃખ સહન કરે છું, નહીતર વખતે પુરો થઇ ગયો હોત;

મુંજરાજ-- ગાયન

વ્હાલી મારૂ કહેવું જરી માન,
નમણી રમણી ચંદ્ર સમાણી, ઘાયલ કર્યો મુંજ પ્રાણ-વ્હાલી
કોમળ કળી અલબેલી છેલી, માન ન થાતું હેરાન
છબુકો છોડ લપટ આ કોરે, પીપા પ્રીતી રસપાન-વ્હાલી

મુંજરાજે કહ્યું, માન માન સુરખી માન; હાથે કરી શા માટે હેરાન બને છે. સંસારમાં ખાધુ પીધુ તેજ બાપનું છે, ઇશ્વરે અમુલ્ય યોવન સુખ આપ્યું છે તો તેનો ઉપ-ભોગ શા માટે ન કરવો ? ઇશ્વિરે આપ્યું સુખ ન ભોગવે તે તારા જેવું નાદાન હોય તેજ; ભર જુવાની શા માટે એળે કાઢે છે? વ્હાલી તારા વ્હાલનીજ તરસ છે, તારા પ્રેમથીજ ભુખ છે. બસ બસ આ પ્રેમીને તૃપ્ત કરી અથાગ સુખ મેળવ; આ પ્રેમનો તરસ્યો ચાતક તારા ચંદ્રમા સમાન મુખનું અવલોકન છોડનાર નથી. માની જા વ્હાલી માની જા

જયા— ગાયન

વીચાર લગાર, દીકરીથી પ્યાર, ધીક્ક એ બાપ;
અગ્નીની ઝાળ જીવીતનો કાળ,

ઝેર છે કરાળ, પરનારી પ્યાર.
પુત્રી સમાન, શું નીદાન પ્રાણુદાન, કેરૂ હેવાન,
ભુલી ભાન, છોડી સાન, કાં નાદાન, બનો હેવાન ?–અગ્રી

આ પ્રમાણે જયાએ કહ્યું, માટે ભુંડા નાહકનો મમત્વ છોડીદે, જુવાની એ ગઈ કે જવામાં; મીથ્યા મમત્વ મુકીદે. મુંજરાજે કહ્યું, ત્યારે તું નહીજ માને કેમ ! વૈભવ સુખ કરતાં આ કેદખાનું પ્રિય છે કેમ ? જયાએ કહ્યું, સતીનો સાચો ધર્મ સાચવવા માટે સતીઓ આ કેદખાનું તો શું પણ આકાશમાં કે પાતાળમાં, જળમાં, કે અગ્નીમાં સુખેથી ગમન કરે છે, છતાં એવી દુષ્ટ વંછના ધરી મેળવેલા કે મળતા ગંધાતા ગટર જેવા વૈભવ ઉપર સતીઓ થુકે છે સમજ્યો? મુંજરાજે કહ્યું ઠીક છે, જયારે કબુલ થાય ત્યારેજ આ કેદખાનામાંથી મુકત થશ, ત્યાં સુધી તારી મુકતી નથી. એમ કહી ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૯ મું.

તેલીઆનો સાથીત બ્રાહ્મણ સંધુલને ફસાવવો.

મુંજરાજ પાસેથી સીંધુલને ફસાવા નીકળેલો બ્રાહ્મણ એક છોકરાનું મુડદુ લાવીને સીંધુલકુમારના જવા આવવાના રસ્તાપર સુવાડયું, અને તે મુંજરાજની સાથે કરેલા સંકેત મુજબ બે સીપાઈ ઓને બાજુમાં રાખ્યા હતા તેમની સાથે જઈ વાતો કરવામાં, અને સિંધુલ આવી તે મડદાને શું કરે છે, તે જોવામાં ગુંથાણો. તેને ખાત્રી હતી કે સીંધુલ દયાવંત છે, તેથી જરૂર તે મુડદાને જોઈ અપસોસ કરશે, તેમાં સંદેહ નથી. તે મુડદા પાસે જઈને બેસે, ત્યાં દાગીનાની પોટલી, અને કટાર તેને પરાણે વળગાડીને તેને માથે ખુનનો આરોપ ઢોળી પાડવો. એવી વાતોની મસલત તે સીપાઈઓ સાથે કરવા લાગ્યો.

સીપાઈઓએ કહ્યું, પણ ફરીયાદી વીના તેને ખુની કેવી રીતે બનાવવો તે કહેશો ? બ્રાહ્મણે કહ્યું, ફરીઆદી હું પોતે ન્યાય કરનાર ખુદ રાજાજી. રાજાજીની ઇચ્છાથીજ આ કાર્ય બને છે, તો પછી આપણને ખોટા પુરાવા કરવામાં હરકત શું છે ? સીપાઇઓએ કહ્યું ખોટા પુરાવા કરો, પણ મજબુત કરજો, નહીતો કચેરીની વચ્ચે પુરાવો કરવાનો છે. ઘરને ખુણે પુરાવો કરવાનો નથી. કચેરી મંડળના સમજવામાં બનાવટી ન આવે, નહીતર હેરાન થશો. બ્રાહ્મણે કહ્યું એમાં આ બંદાને શીખવવું નહી પડે.

એ પ્રમાણે મસલત કરે છે ત્યાં સીંધુલકુમારને તે રસ્તેથી નીકળતા જોઈ બ્રાહ્મણે કહ્યું, જુવો ! જુવો ! સીંધુલ એ લાસ તરફજ જાય છે. હવે બરાબર સાવચેતી રાખવાની છે. ગફલત રાખવાની નથી સમજ્યા. સીપાઇઓ એ કહ્યું, કંઈ હરકત નહી. એ પ્રમાણે કહી તેઓ સીંધુ-લકુમાર તરફ જોતા બેઠા.

સીંધુલકુમાર મુડદા પાસે થઈને નીકળતો હતો, ત્યાં મુડદાને જોઇ તે ત્યાં અટકયો, અને મુડદાને ઢાંકેલું કપડુ ખસેડી જોતાં એક સુકુમાર બાળકની લાસ જોઈ તેને દયા ઉત્પન્ન થઈ, અને તે મુડદા પાસે બેશી લાસને નીહાળી નીહાળીને જોવા લાગ્યો. તેણે મનમાં વિચાર કર્યો કે આવા સુકોમળ બાળકને ઠાર કરનાર પાપીનું અંતઃકરણ કેવું નિર્દય હશે ?

કેવું સુકોમળ મુખડુ ! શું સુંદીર ચહેરો ! આવા નીર્દોશ બાળકને ઠાર કરનાર પુરૂષ કેવી વજ્ર છાતીનો હશે ? શું તેને લગાર પણ દયા નહી આવી હોય ! શેની આવે ! હ્રદયને તે દયા હોતી હશે; જો તેનામાં દયાનો કીંચીત માત્ર પણ અંશ હોત તો તે આવા નીરપરાધી બાળકને ઠાર શામાટે કરે ? પ્રભુ ! પ્રભુ ! તારી ગતી અકળ છે. પણ હું કેમ આવો દીંગમુઢ બની ગયો છું ? હુ દુષ્મન દળમાંજ

ઉભેલો છું, તો મારે પુરે પુરૂં સાવધ રેહેવાની જરૂર છે, નહીતર વખતે પાપીઓ ફસાવી દે; પણ અરેરે! આ બાળ કની લાસને જોઇ મારૂં કાળજું કપાઇ જાય છે.

એ પ્રમાણે વીચારમાં બેઠો છે, ત્યાં પેલો બ્રાહ્મણ બુમ પાડતો પાડતો સીંધુલ તે લાસ પાસે બેઠો હતો, ત્યાં આવ્યો, અને કહ્યું, "કોઈ દોડેરે દોડો, આ પાપીઆએ મારા છોકરાને મારી નાંખ્યો." એવી બુમ મારી ત્યાં બે સીપાઇઓ તેની સાથે આવેલા તૈયારજ હતા, તે ત્યાં આવ્યા, અને સીંધુલને બંધીવાન બનાવી કચેરી તરફ લઈ ગયા. પેલા બ્રાહ્મણને સીપાઇઓએ કહ્યું, તમો પણ ચાલો, ત્યાં તે બ્રાહ્મણે કહ્યું, હું મારા છોકરાની લાસને ઠેકાણે પાડી હાલ આવી પહોચું છું, પણ આ ખુનીને છોડતા નહી; એમ કહી સીંધુલની ઝોળીમાં કટાર તથા દાગીનાની પોટલી સેરવી દીધી, અને સીપાઈઓને સાન કરી તે ચાલ્યો ગયો, અને લાસને પણ લઇ ગયો.

બ્રાહ્મણ ગયો, ત્યાં સીપાઇઓએ સીધુલની ઝોળી તપાસી, તો તેમાંથી કટાર તથા દાગીનાની પોટલી બહાર કાઢી, અને તેને પુરાવા રૂપ ગણી તેને કચેરીમાં લઈ ગયા; પણ વખત નહી હોવાથી તેને કેદખાનામાં પુર્યો.

બ્રાહ્મણે લાસને ઠેકાણે કરી મુંજરાજને વધાઈ આવા ગયો, અને સીંધુલને સપડાવ્યાનું જણાવ્યું. બ્રાહ્મણની વધા ઇથી મુંજરાજ ખુશી થયો, અને બ્રાહ્મણને સાબાશી આપી. બ્રાહ્મણે કહ્યું, પણ જો જો હું સપડાઇ જાઉ નહી. મુંજ રાજે કહ્યું, તમોને સપડાવનાર દુનિયા ઉપર જોતો નથી. એમ કહી બ્રાહ્મણને શાંન્તવન આપી વીદાય કર્યો, અને પોતે વીચાર કરવા લાગ્યો.

મુંજરાજે વિચાર્યું હવે સર્વનો ઘાટ ઘડાઇ ચુક્યો. સીંધુલને જયા મારા કબજામાં છે, અને ભોજકુમારને તેલી આએ ઠાર કર્યો હશે. હવે જયંતને કેદમાંથી મુકત કરી

સમજાવીને દસ્તાવેજ લેવો એટલુંજ કામ બાકી છે. માટે હાલ તેને અત્રે બોલાવીને સમજાવું, અને કેદમાંથી મુકત કરૂં; હવે તે દસ્તાવેજ આપવામાં આનાકાની નહી કરે, કારણ પુરે પુરો સડયો છે. એવો વીચાર કરી જયંતને તેડવા એક સીપાઇને મોકલ્યો.

સીપાઈ કેદખાનાના ઉપરી પાસે ગયો, અને રાજાજી જયંતને બોલાવે છે તેમ જણાવ્યું. હુકમ મળતાં જે લરે જયંતને પેલા સીપાઇને સોંપ્યો, તે જયંતને લઈ મુંજરાજ પાસે આવી પહોચ્યો, અને જયંત કુમારને મુંજરાજને સોંપ્યો

મુંજરાજે કહ્યું, દીકરા જયંત! હવે તેં તારી હઠ છોડી હશે. લગાર વાતમાં આટલી જક કરી તે તને રાજ પુત્રને શોભે? લે હવે મારૂ કહેવું માનીજા, અને દસ્તાવેજ આપી દે. જયંતે કહ્યું, લાખ વાતે એ જક છોડનાર નથી, તેમ દસ્તાવેજ આપનાર નથી.

મુંજરાજ–દીકરા! સેજ વાત માનીજા, અને દસ્તાવેજ આપીદે. નાહકનો દુઃખી શા માટે થાય છે, નાહક રીબાયછે;

જયંત–પીતાજી! ઝેર થોડુજ ખવાય છે. એટલું તો સમજુ છું કે ઝેરનો ખાનારો જરૂર યમ પુરીમાં જાયછે.

મુંજરાજ–આ વાતને ને ઝેરને શો સંબંધ! હું તો તારાહીત માટેજ કહું છું. હું ગમે તેવાં કૃત્યો કરી, ગમે તેવી સાહ્યબી મેળવીશ, પણ તે તારેજ માટેને?

જયંત–આગ લાગો એવી સાહ્યબી પર; નહી કરવાનાં કૃત્યો કરી મેળવેલી સાહ્યબી ભોગવી સાહ્યબી વંત થવું, તે કરતાં ગરીબ રહેવુ લાખ દરજે સારૂ; હજારોના રૂધીર પાન કરી મેળવેલી સાહ્યબી તમોને મુબારક રહો, મારે જોઇતી નથી.

મુંજરાજ–એતો જયારે ગાદી પતી થઇશ, ત્યારે એવાં કૃત્યો નહી કરે તે જોવાશે; શું મારી મેળવેલી સાહ્યબી તું નહી સ્વીકારે?

જયંત–નહી, નહી, કદી નહી.

મુંજરાજ–હાલ કચેરીમાં એ મુકરદમાનો નીકાલ કરવાનો છે, તો તને પણ હવે ધીમે ધીમે પ્રવિણ કરવો જોઇએ, કારણ આગળ ઉપર તને હેરાન ગતી ન પડે; રાજ કાજમાં હવે તને પાવરધો કરવાનો છે. માટે મારૂ માનીજા અને દસ્તાવેજ આપીદે. સમજ કે આરાજ હઠછે.

જયંત–પીતાજી ! જયારે તમારી રાજ હઠ છે, તો મારી દસ્તાવેજ નહી આપવાની બાળ હઠ છે માટે હાલ તો કદાપી નહી આપું, પછીથી જોઇ લેવાશે.

મુંજરાજ–ઠીક બે દીવસ પછી આપ, એમ સમજી જાય તો મને કેવું સારૂ લાગે ? ચાલ્ય ભોજન કરવાનો સમય થયો છે, પછી મનને સ્વસ્થ કરી નીંદ્રા લે.

એ પ્રમાણે દસ્તાવેજ લેવા માટે ગરજાઉ બનેલો મુંજ રાજ જયંતને ફોસલાવવા પટાવવા લાગ્યો, પણ જયંત કાંઇ કાચો નહોતો. તે પણ યોગ્ય સમયનીજ રાહ જોતો હતો. કે કયારે ભોજ કુમાર તરફથી તેના મામા ભીમદેવની વ્હાર આવી પહોંચે, કે દસ્તાવેજ હાજર કરી ભોજ કુમાર ખરા હકદાર છે તેમનો હક્ક સાબીત કરૂ, માતાને આપેલું વચન પળું. તેટલા માટે દસ્તાવેજ પોતાની પાસેથી એક ક્ષણ પણ દુર નહી રાખતાં પોતાની પાસેનો પાસેજ રાખતો હતો;

બીજે દીવસે મુંજરાજ જયા તથા સીંધુલને યોગ્ય ન્યાય આપવા અને મનની ઇચ્છા પરીપુર્ણ કરવાના ઉત્સાહમાં વખતની વાટ જોતો બેઠો હતો. તેને થોડીજ ખબર હતી કે (મારા મનની ઇચ્છા શું છે, અને પ્રભુની ઇચ્છા શું છે !) ત્યાં કચેરી ભરાવાનો વખત થયો, વખત થતાંજ તે જયંતને લઈ દરબાર (કચેરી) તરફ ગયો.

પ્રકરણ ૨૦ મું.

મુંજરાજનો સીંધુલને અને જયાને ફસાવવાનો અન્યાય જયંતનું ટીંખળ, અદલ ન્યાય, પાપીઓનું સપડાવું.

દરબાર મળવાનો વખત થતાં સર્વ દરબારીઓ દરબારમાં આવી પોતપોતાના સ્થાને ગોઠવાઈ ગયા, ત્યાં છડીદારે નેકી પોકારી. છડીદારના નેકીના અવાજે રાજાજી પધારે છે એમ સર્વેને સુચન થયું, અને કચેરીના દ્વાર સામે જોયું, ત્યાં જયંતકુમારસહ મુંજરાજ કચેરીમાં આવ્યા. કચેરીમાં દાખલ થયા, ત્યાં સર્વે દરબારીઓએ ઉભા થઈ સલામ ભરી, અને મુંજરાજ રાજ્યાસને બીરાજમાન થયા.

કવી કાળીદાસ કે જે ભોજકુમારના હીતચિંતક હતા, તેઓ પણ ભીમસીંહ તથા ગુણસાગર સાથે આજરોજ મુંજને શીક્ષા કરવાનો, અને ભોજકુમારને ગાદીપતી કરવાનો નીશ્ચય વિચાર ગોઠવી આવ્યા હતા, તેઓ ભોજકુમારને વિદ્યાર્થીના વેશમાં વેશ પાટલો કરાવી સાથે લાવ્યા હતા, તોપણ તેમના યોગ્ય આસને બીરાજમાન થયા હતા.

દરબાર પુરાઠાઠ માઠથી ભરાયો હતો, ત્યાં મુંજરાજના કરી રાખેલા સંકેત મુજબ તેલીઆનો સાબીત બ્રાહ્મણ પોકાર કરતો કચેરીમાં દાખલ થયો; (હાય હાય મારા છોકરાને મારી નાંખ્યો, ને મને નિર્વંશ કર્યો મારા બાપ આ પ્રમાણે !) પોકાર કરતો કહેવા લાગ્યો, મહારાજ ! એક પરદેશીએ [illegible] મારા એકના એક છોકરાનું ખુન કર્યું, મહા[illegible] મહારો ન્યાય બરાબર કરો, એ ચંડાળને યોગ્ય શીક્ષા કરો.

મુંજરાજે કહ્યું, શુ તમારા દીકરાને મારી નાંખ્યો ! બ્રાહ્મણે કહ્યું, હા મહારાજ મારા એકના એક છોકરાને મારી

નાંખ્યો. મુંજરાજે કહ્યું, કોણે ? બ્રાહ્મણે કહ્યું, એક પરદેશી મુસાફર જેવો છે, તેણે કૃપાનાથ; મુંજરાજે કહ્યું, તે કયાં છે ? બ્રાહ્મણે કહ્યું તેને કેદખાને મોકલાવ્યો છે. કાલે કચેરીનો થઇ ગયા બાદ આ બનાવ બન્યો, તેથી તેને સીપાઈઓએ કેદમાં મોકલાવેલ છે મહારાજ. મુંજરાજે કહ્યુ, એવા હરામીઓને તો નાબુદ કરવા જોઇએ. (સીપાઇને) જાઓ તેને એકદમ કચેરીમાં હાજર કરો.

રાજાનો હુકમ થતાં સીપાઇ ગયો. તેણે સીંધુલકુમારને જેલખાનામાંથી લાવી ચોકી પેરા વચે ઉભો રાખ્યો. મુંજ-રાજે કહ્યુ, બોલ્ય તું કોણ છે ! સીંધુલકુમારે કહ્યું. હું કોણ છું, તેનું તમારે કામ શું છે ? તમોને યોગ્ય લાગે તે ન્યાય આપો. મુંજરાજે કહ્યું, આ બ્રાહ્મણના બાળકને દાગીનાની લાલચે મારી નંખનાર તું પોતેજને ?

સીંધુલકુમારે કહ્યું, હું કાંઇ જાણતો નથી. બ્રાહ્મણે કહ્યું, મહારાજ કાલે મારા છોકરાની વરસ ગાંઠ હતી, તેથી મેં છોકરાને દાગીના પહેરાવેલા હતા. તે છોકરો ફળીઆમાં રમતો હતો, ત્યાંથી આ ચંડાળ મારા છોકરાને ઉપાડી ગયો, અને દાગીના કાઢી લીધા, તેની પોટલી તેની ઝોળીમાંથી સીપાઈઓને એક કટાર સાથે મળી છે.

મુંજરાજે સીપાઇને કહ્યું, ગુન્હેગાર પાસેથી ઝોળીમાંથી નીકળેલ મુદ્દા માલ કયાં છે ? સીપાઇએ કહ્યું, આ રહયો મહારાજ. એમ કહી દાગીનાની પોટલી તથા કટાર ગુન્હે-ગારની ઝોળીમાંથી મળ્યાનું જણાવ્યું; મુદ્દામાલ જોઈ મુંજ-રાજે બ્રાહ્મણને કહ્યું બોલો મહારાજ આ દાગીના કોના છે ? બ્રાહ્મણે કહ્યું, તે દાગીના મારા છોકરાના છે, ખબર હતે -તે છોકરાની વરસ ગાંઠ હોવાથી પહેરાવવામાં આવ્યા હતા છે) તે એજ છે. મુંજરાજે કહ્યુ, વારૂ તમારો છોકરો કેટલા વરસનો હતો ? બ્રાહ્મણે કહ્યુ, કૃપાનાથ ! ચઇતર માસમાં નવ પુરાં થઇ દસમુ વરસ બેસશે.

પછી મુંજરાજે કહ્યું, આ હરામીએ બીચારા બ્રાહ્મણના દસ વરસના છોકરાનું દાગીનાની લાલચે ખુન કર્યું, તો તેને પણ તેવીજ સજા થવી જોઇએ. જાઓ આ લુચ્ચા પરદેશીને ફાંસી દઈ દીયો. સીંધુલકુમારે કહ્યું, રાજાજી! ન્યાય થઇ રહયો? મુંજરાજે કહ્યું, હાહા પુરો થયો, જેવાં કર્મ, તેવો ઈન્સાફ. સીંધુલકુમારે કહ્યું, આ ન્યાય નહી પણ અન્યાય અપાય છે, નિરદોશી માર્યો જાય છે. મુંજરાજે કહ્યું, જા જા જોયો તંને નિર્દોશીને? બીચારા બ્રાહ્મણને નિર્વંશ કર્યો, અને અન્યાય અપાય છે એમ કહે છે, ચુપ કર ચંડાળ.

સીંધુલ આવાં વચનો સાંભળી ચુપ રહયો, ત્યાં સીપાઈએ કહ્યું, મહારાજ! એક પટેલીઓ એક બઇને ડાહામ દેતો હતો, ત્યાં બઈએ બુમો પાડી તેથી તે બંન્નેને પકડી આણેલાં છે. કાલે કચેરીનો વખત ભરાઈ જવાથી તે બંનેને કેદખાનામાં રાખ્યાં હતાં; હવે જેવો આપનો હુકમ.

મુંજરાજાએ કહ્યું, તે બંનેને અત્રે હાજર કરો. હુકમ થતાં જયા તથા મેઘા પટેલને પણ કચેરીમાં હાજર કર્યાં; કવી કાળીદાસ જયાને ઓળખીને ચોંકયા, અને ભોજકુમારને કહ્યું કુમાર! જો મારી નજર ચુક થતી ન હોય, તો આ બ્હેન જયાજ છે. ભોજકુમારે કહ્યું, કવીરાજ! તમારૂ ધારવું ખરૂ છે. પાપી દુર્ગુણસીંહે વેશ પાટલો કરીને બ્હેન જયાને આ પટેલને આપી છે. ને લખત થયું છે, તેમાં મારી સાક્ષી છે. પાપીઓને સપડાવવાને હવે વાર નથી.

મુંજરાજે કહ્યું, આ છોકરી કેવી ચાલાક છે.? ધણીના ઘરમાં રહેવુંને ધણીનું ઘર માંડવું હોય તેવું દેખાતું નથી. બોલ્ય પટેલ! તારે શી ફર્યાદ કરવાની છે? પટેલે કહ્યું, રાજા શાહેબ! આ મારી બાયડી છે. તેના બાપને

મેં દહવીદો રૂપીઆ આપી વેચાતી લીધેલી છે. તે મારી જોડે આવતી નહોતી, તેથી તેને બ્હીક દેખાડતો હતો, ત્યાં આ શપઈઓ અમને પકડીને અહીંઆં લાવ્યા, અને અમને કેદમાં નાંછયાં; કહો શાહેબ ? હમે શું ગનો કર્યો છે. હવે મને મારી બાયડી હોંપો, અને હમે જવાદો મારૂ છેતર ભેળઇ જહે માબાપ.

મુંજરાંજે કહ્યું બોલ્ય બાઇ ! તારે આ પટેલને ઘેર જવું છે કે નહી ! જયાએ કહ્યું, નહી. મુંજરાજે કહ્યું, એમ કેમ ! જયાએ કહ્યું, તે કહે છે કે મેં વેચાતી લીધી છે, તે વાત હું જાણુતી નથી.

મુંજરાજે કહ્યું, બોલ્ય પટેલીઆ ! આ શું કહે છે ? મેઘા પટેલે કહ્યું, શાહેબ ! લખત આ રહ્યું; કહી લખત મુંજરાજને આપ્યું. મુંજરાજે કહ્યું, આ લખત કોણે કરી આપ્યું છે ? પટેલે કહ્યું, તેને નજરે જોઉતો ઓળખી હકુ રાજા શાહેબ; અને આ શાખ કોણે કરી છે ? તે કોક બામણનો છોકરો હતો તેણે કરી છે શાહેબ.

આ પ્રમાણે જુબાની લઈ મુંજરાજે જયાને કહ્યું, આની સાથે ગયા વીના છુટકો નથી, નહીતર કેદખાનામાં જવું પડશે આ પટેલીઓ કેવળ સાચો છે, અને તું જુઠી અને પાપની પુતળી છે.

જયાએ કહ્યું, તે બદલ મારે કહેવાનું નથી, તમારી મરજીમાં આવે તે ન્યાય આપો, પણ હું આ પટેલ સાથે જવાની નથી તે નથીજ. મુંજરાજે કહ્યું, આ રંડાને કેદમાં નાંખો, અને પટેલીઆને રજા આપો. રાજાજીએ આવો ઇનસાફ આપ્યો, તેથી પટેલીઓ રડવા લાગ્યો; (મારા તો પૈશા એ ગયા, અને બાઈડીએ ગઈ મારા બાપ.)

ત્યાં વીધારથી વેશે ભોજકુમાર કાળીદાસ સાથે કચેરીમાં આવ્યો હતો, તેણે કહ્યું, રાજાજી ! ન્યાય થઇ ગયો, મુંજરાજે કહ્યું, હા. ભોજકુમારે કહ્યું, ચોખ્ખો અન્યાય થાય છે.

નીદ્રાથી માર્યા જાય છે. મુંજરાજે કહ્યું, કવીરાજ ! આ બુટ્ટી તમો કયાંથી લાવ્યા છો ! કાળીદાસે કહ્યું, તે એક વિદ્યાર્થી છે, ન્યાય શાસ્ત્રમાં ઘણોજ કુશળ છે.

જયંતકુમારે કહ્યું, ભલા વિદ્યાર્થી, આ ન્યાયને અન્યાય શા ઉપરથી કહો છો ? પુરાવ મજબુત હોવાથી ગુન્હેગારોને યોગ્ય શીક્ષા મળી, તેને અન્યાય કહેવાની હીંમત શા ઉપરથી ધરો છો ! ભોજકુમારે કહ્યું, પુરાવા ખોટા છે, ગુન્હેગાર ગણો છો તે બીલકુલ ગુન્હેગાર નથી. જયંતકુમારે કહ્યું, ત્યારે શું તમો અન્યાય ન થાય એવો ન્યાય આપી શકશો ? ભોજકુમારે કહ્યું, રાજાની ઈચ્છા હોય, તો ન્યાય કરવાને તૈયાર છું.

જયંત કુમાર મુંજરાજને કહ્યું, પીતાજી ! આ છોકરાને ન્યાય કરવા દીયો. જોઈએ તો ખરા કે તે કેવો હુંશીઆર છે ? અને ન્યાયને અન્યાય ઠરાવે છે ? એક ટીંખળ છે. મુંજરાજે કહ્યું, ભલે ચાલવા દીયો. જયંત કુમારે કહ્યું, વીદ્યારથી બાળક ! સુખેથી તમારી વીદ્યાનું બળ ચલાવો, અને ન્યાયને અન્યાય ઠરાવો. રાજાજીનો ખાસ હુકમ છે.

આ પ્રમાણે હુકમ મળતાં ભોજકુમારે પ્રથમ બ્રાહ્મણના છોકરાને પરદેશીએ મારી નાંખ્યો, તે કામ હાથ પર લીધું, અને બ્રાહ્મણને કહ્યું, મહારાજ ! હું પુછુ તેના ઉત્તર આપો; બ્રાહ્મણનું નામ ઉચ્ચાર્યું, ત્યાં બ્રાહ્મણ ગભરાયો, અને મુંજરાજને કહ્યું, મહારાજ ! જવાદો; ત્યાં જયંત કુમારે કહ્યું, નહી બસ ચાલવાદીયો. મહારાજ ! આ વીદ્યાર્થીને જુબાની આપો તે પુછે તેના ઉત્તર આપો. બ્રાહ્મણ નીરૂપાયે ઉભો થયો, અને કહ્યું, કહો શું પુછો છો ?

ભોજકુમારે કહ્યું, મહારાજ ! તમારા છોકરાને આ પરદેશીએ મારી નાંખ્યો ! બ્રાહ્મણે કહ્યું હા, એકનો એક છોકરો હતો તો તે આ દુષ્ટે મારી નાંખ્યો, ? અને મને વાંઝીઓ કર્યો ભોજકુમારે કહ્યું વારૂ છોકરો કેટલા વરસનો હતો ?

બ્રાહ્મણે કહ્યું, આવતા ચૈતર મહીને નવ પુરાં થઈ દસમુ વરસ બેશશે.

ભોજકુમારે કહ્યુ, તેની વરસગાંઠ હોવાથી તમે તમારા છોકરાને દાગીના પહેરાવેલા, અને આ પરદેશીએ દાગીના ની લાલચે ખુન કર્યું કેમ? બ્રાહ્મણ કહે હા. ભોજકુમારે કહ્યું, વારૂ આ કીયો મહીનો ચાલે છે? બ્રાહ્મણે કહ્યું આસો વદ નોમ.

ભોજકુમારે કહ્યું, સર્વે જનો સાંભળજો. આ બ્રાહ્મણના છોકરાને ચૈતર મહીનામાં નવ પુરાં થઈ દસમું વરસ બેસશે, આજે આસો વદ નોમ થઈ, અને કાલે એના છોકરા ની વરસ ગાંઠ હોવાથી દાગીના પહેરાવેલા; આ કેસનું તાત્પર્ય સર્વેના સમજવામાં આવ્યું હશે. આ કેવળ તર્કટ છે, અને આ પરદેશી બીલકુલ નીરપરાધી છે.

આ કેસનો ફેંસલો બ્રાહ્મણને ભોજકુમારે આપ્યો, અને ખરૂ તાત્પર્ય બતાવ્યું, ત્યાં મુંજરાજ ગભરાયો, અને કહ્યું, હવે મારે એવું ટીંખળ જોવું નથી. જયંતકુમારે કહ્યું, નહી પીતાજી! એવું ટીંખળ જોવું મને પસંદ છે, અને આખી કચેરીને પસંદ છે; (કચેરી તરફ જોઈ) કેમ? કચેરી મંડળે કહ્યું, હાજી. સર્વેની સન્મતી મળવાથી મુંજરાજનું ચાલ્યું નહી, તેથી લાચાર બન્યો, અને કહ્યું, વારૂ હવે ઝટ પુરૂ કરો. જયંતકુમારે કહ્યું, શ્રીહાર્થી! તમો તમારૂં કામ ચલાવો.

ભોજકુમારે પટેલીઆને કહ્યું, બોલ્ય તેં આ છોકરીને વેચાતી લીધી છે. મેઘલાએ કહ્યું, હા. દહવીહો રૂપીઆ આપી વેચાતી રાખી છે, અને લખત પણ કર્યું છે. એમ કહી લખત ભોજકુમારના હાથમાં આપ્યું. ભોજકુમારે કહ્યું, વારૂ! આ લખત જેની પાસેથી કરાવી લીધું, તેને તું ઓળખે છે? પટેલીએ કહ્યું, હા. તેના જમણા હાથે લાખુ છે, તેથી લાખુ જોઈને તરત ઓળખી કહાડું. ભોજકુમારે

કહ્યું, આ કચેરીમાંથી કોઈએ તને લખત કરી આપ્યું છે? પટેલીએ કહ્યું, બધાના હાથ જોઈને કહું. ત્યાં ભોજકુમારે કચેરી મંડળને કહ્યું, ભાઈઓ સર્વે જણા આ પટેલને તમારા હાથ બતાવો.

હાથ બતાવવાનું કહ્યું, ત્યાં દુર્ગુણસીંહ ગભરાણો, અને મુંજરાજને કહ્યું, રાજાજી! આ શું કરો છો? પોગળ વેરાઈ જશે. મુંજરાજે કહ્યું, આવું હદ ઉપરાંત ટીખળ હોય નહી, માટે બંધ કરો. જયંતકુમારે કહ્યું, ટીખળ અધુરૂ મુકાશે નહી. (કચેરીમંડળને) કેમ? કચેરીમંડળે કહ્યું, હાજી. ત્યાં એક પછી એક પેલા પટેલીઆને હાથ બતાવા ઉઠયા, અને પોતાના જમણા હાથ બતાવ્યા.

દરેક કચેરીમંડળના હાથ જોઈ પટેલ કહેતો કે આ નહી, એમ કરતાં દુર્ગુણસીંહનો વારો આવ્યો. ત્યાં દુર્ગુણસીંહ પુરે પુરો ગભરાણો, પણ હીંમત રાખી પટેલીઆ પાસે ગયો, અને જમણાને બદલે ડાબો હાથ બતાવ્યો.

દુર્ગુણસીંહે ડાબો હાથ બતાવ્યો, તે તરછોડીને પટેલીઆએ કહ્યું, આ હાથ નહી પેલો હાથ બતાવો. ત્યાં દુર્ગુણસીંહે નીરૂપાયે જમણો હાથ બતાવ્યો. પટેલ મેઘલાએ લાખાની એધાણી ચોકસ રાખેલી હતી, તેથી તેને હાથે લાખુ જોઈને તુરત ઓળખ્યો, અને કહ્યું, આજ. આજ કહેતાં દુર્ગુણસીંહ ગભરાણો, પણ હીંમત રાખી બોલ્યો, કેવો ગળે પડુ છે? મુંજરાજે કહ્યું, આતો ટીખળ છે. પછી ભોજકુમારે મેઘલાને પુછયું, વારૂ! આ ખતમાં સાક્ષી કોણે કરી છે? મેઘલાએ કહ્યું કોઈક બામણનો છોકરો હતો, તેણે સાક્ષી કરી છે. ભોજકુમારે કહ્યું, વારૂ! તેને ઓળખે છે? મેઘલાએ કહ્યું, હા. નજરે જોઉં તો ઓળખી કહાડું.

ભોજકુમારે દુર્ગુણસીંહને તથા પટેલીઆને કચેરી વચમાં બેસાડયા, અને પોતે કચેરીની બહાર ગયો. બહાર જઈને લખતમાં સાહયદી કરતી વખતે જેવો સ્વાંગ ધર્યો

હતો, તેવો સ્વાંગ ધરી કચેરીમાં દાખલ થયો, અને પેલા એને બેસાડહયા હતા, તેમની પાસે જઇને કહ્યું, વીદ્યાર્થીના આશીર્વાદ.

વીદ્યાર્થીરૂપમાં ભોજે આશીર્વાદ કહ્યા, ત્યાં મેઘલાએ સાહ્યદી કરનારને ઓળખ્યો, અને કહ્યું, આણેજ સાયદી કરી હતી. ત્યાં ભોજકુમાર સ્વાંગ બદલી ઉભો રહયો, તેને મેઘલાએ કહ્યું, કેમ ! તમેજ સાયદી કરી હતીને ? ભોજ-કુમારે કહ્યું હા. ત્યાં ફર્શુસ્રીંહે મુંજરાજને કહ્યું, રાજાજી ! હવે આપણે ફસાયા. મુંજરાજે કહ્યું, આપણને ફસાવનાર કોણ છે ! (જયંતને) હવે આ ટીંખળ બંધ કરો, અને આ પરદેશીને તથા આ રાંડને લઈ જાઓ.

ત્યાં ગુણસાગર પ્રધાન બોલ્યા, એમને કયાં લઈજાય ? તેઓ નિર્દોશ છે. હવે તમો પોતે. ગુન્હેગાર છો. મુંજ-રાજે કહ્યું, પ્રધાનજી ! શું હું પોતે ગુન્હેગાર ! ગુણસાગરે કહ્યું, હાહા તમો પોતેજ. મુંજરાજે કહ્યું, મને ગુન્હેગાર કહેનાર તમો કોણ ? તમારી શી ગુંજાશ કે મને ગુનેગાર કહી શકો- ગુણસાગરે કહ્યું, વારૂ ભોજકુમાર કયાં ? મુંજરાજે કહ્યું મને ખબર નથી.

ગુણસાગરે કહ્યું, ભોજકુમારને તેલીઆની ગુફામાં મારી નંખાવા મોકલ્યો હતો કેમ ! મુંજરાજે કહ્યું, મને ખબર નથી. ત્યાં ગુણસાગરે કહ્યું, જેને રામ રાખનાર છે, તેને કોણ ચાખનાર છે મહારાજ ભીમસીંહે તેલીઆની ગુફામાંથી ભોજકુમારને બચાવ્યો છે, અને તેલીઆથી તમારાં સર્વ તરકટો જાણ્યાં છે મુંજરાજે કહ્યું, તમારાથી શું થનાર છે ? એમ કહી ગાદી ઉપર બેસવા ગયો, ત્યાં ગુણસાગરે કહ્યું, ખબરદાર ? જો એ પવિત્ર ગાદી ઉપર પગ મુકયો તો ?

મુંજરાજે કહ્યું મારી પોતાની ગાદી ઉપર બેસતાં અટ-કાવાનો તમારો શું હક્ક છે ? ગુણસાગરે કહ્યું, પાપી રાજા

ગાદીનો સાચો હક્કદાર જો આ રહ્યો, કહી વીદ્યાર્થી રૂપ ભોજકુમારને બતાવ્યો. મુંજરાજે કહ્યું, શું આ વિદ્યાર્થી હક્કદાર છે? હું હક્કદાર નથી! ગુણસાગરે કહ્યું, હા. આ ગાદીનો સાચો હક્કદાર પરમાર કુમાર છે; મુંજરાજે કહ્યું, હું પણ પરમાર કુમાર છું; આ ગાદીનો સાચો હક્કદાર છું.

ગુણસાગરે કહ્યું ના, તું પરમાર કુમાર નથી, પણ પરમારના નામને નીચુ જોવડાવનાર મુરખનો સરદાર છે, ના ના તમરી ભુલ છે, હુંજ છું સાચો પારમાર. જયંતકુમારે કહ્યું પરમાર નથી તેની સાબીતી રૂપ આ રહ્યો દસ્તાવેજ તૈયાર. દસ્તાવેજ જોતાંજ મુંજરાજના હાંજા ગગડી ગયા, અને કહ્યું, ખોટો! ખોટો! એ દસ્તાવેજ તદ્દન તર્કટ છે.

ગુણસાગરે કહ્યું, આ સર્વેને કેદ કરો, અને તેમને યોગ્ય ન્યાય આપો. ત્યાં દુર્ગુણસીંને, તથા મુંજરાજને બંધીવાન બનાવ્યા, પછી ગુણસાગરે કહ્યું આ દુષ્ટને માળવાની શ્મશાન ભુમી ઉપર ફાંસીને લાકડે લટકાવો, અને પછી ભોજકુમારને ગાદીએ બેસાડો.

ગુણસાગરનો હુકમ થતાં સેનાપતીએ માણસોને ફાંસીના લાકડાં તૈયાર કરવા દોડાવ્યાં, અને કહ્યું, પ્રધાનજી હવે એ દુષ્ટોને લઇને ચાલો. એ દુષ્ટોએ સીંધુલકુમાર, ભોજકુમાર, અને જયાને દુઃખ દેવામાં કચાશ રાખી નથી. પરદેશી રૂપમાં સીંધુલકુમારને બતાવી કહ્યું, આ સીંધુલકુમારને નાબુદ કરવાની. (વેશ પાલટેલો કરેલ જયાને બતાવી) આ જયાને હેરાન કરવાની વાંચ્છનાથી આ તર્કટ ઉઠાવ્યું હતું.

સીંધુલકુમાર ગુણસાગરને ભેટયા, અને જયા ગુણસાગરને પગે પડી. ગુણસાગરે જયાને છાતી સરસી ચાંપી, અને સીંધુલકુમારને ભેટયા. પછી તે પાપીઓને નાબુદ કરવા માટે (ફાંસીએ ચઢાવા માટે) શ્મશાન ભુમીમાં તેમને

માટે ફાંસીઓ તૈયાર કરાવી હતી, ત્યાં લઇ જવાનો હુકમ કર્યો, ત્યાં સર્વેને લઇને સીપાઇઓ આગળ થયા, અને ગુણસાગર સર્વ કચેરી મંડળ સહ સ્મશાન ભુમી તરફ ગયા.

પ્રકરણ ૨૧ મું.

મુંજને ફાંસી, કલ્યાણદેવનો મેળાપ ભોજકુમારને રાજ્યાભીષેક

કલ્યાદેવ જ્યાને તરછોડી ચાલ્યો ગયો, તેણે નીશ્ચય કર્યો કે આફાની સંસારમાં બીલકુલ સાર નથી. હડહડતો કળી કાળ પ્રસર્યો તેમાં પણ ફેર નથી. કાકાનો ભત્રીજાપર પ્રેમ! એ શું ઓછી નવાઇની વાત છે? હવે આ સંસારમાં જીવવામાં પણ માલ નથી, પરંતુ એક વખત એ પાપી મુંજરાજના મોંઢે ધીટકારના બે શબ્દો કહી તેની સમક્ષજ પ્રાણનો અંત લાવવો એવા વીચારથી નીકળ્યો હતો, તે ફરતો ફરતો માળવા નગ્રમાં આવી પહોંચ્યો.

માળવા નગ્રમાં આવતાંજ મુંજરાજ ભીમદેવના હાથે સપડાયાના સમાચાર તેને મળ્યા. એવા સમાચાર મળતાંજ તેણે વીચાર્યું તેના પાપનો ઘડો ફુટ્યો, હવે તેને ભીમદેવ તોડનાર નથી, પણ હવે મારે આ દુનિયામાં રહેવામાં સાર નથી. પ્રેમપાત્ર મળ્યું, તે ખરાબ નીકળ્યું, બીજું મળે તે પણ કદાપી તેવુંજ નીકળેતો? જો નશીબમાં સારૂ નીકળનાર હોત, તો તેજ સારૂ ન નીકળત? માટે હવે તેવી નકામી મમતા તજી આ દેહનો અંત આણવો, તેજ અતિ ઉત્તમ છે. એવો વીચાર કરી તે પોતાના દેહનો અંત લાવવાના વીચારે માળવા નગ્રની શ્મશાન ભુમી તરફ ગયો.

ગુણસાગર સહ સર્વ મંડળ પાપી મુંજરાજ તથા

પેલા બ્રાહ્મણે અને દુષ્ટ દુર્ગુણસાગરને કહ્યું, દુષ્ટ દુરાત્મા મુંજરાજ! તને સીંધલરાજે પુત્રની પેરે ઉછેર્યો, અને પોતાના ખરા પુત્રને બદલે તને ગાદીનો વારસ ઠરાવ્યો પણ કહેવત છે કે દુધ પાઈને ઉછરેલો સાપ ડસે તેમ તે અનર્થ કરવામાં કચાશ રાખી નથી. રાજા રાણીને ઝેર! સીંધુલકુમારને દેશવટો! અને ભોજકુમારને મારવાનો સંકેત! અને તારી પુત્રી સમાન જયા ઉપર પ્રેમની લાગણી ધિક્કાર છે, તારા જેવા નીચ અધમને! ટુકડા ખાઉ માણસ રાજા બને, પણ તેની ટેવ ટુકડા ખાવાની તે દુર થાયજ નહી. કાગડા પાસે ગમે તેટલાં મોતી વેરો, પણ તે વીષ્ટા વીના અન્ય ગ્રહેજ નહી. તેમ તને રાજપદ આપ્યું, પણ નીચ તે નીચતા તજે. હવે તારા ઇષ્ટ દેવનું સ્મરણ કરીલે, તારો કાળ હવે પાસેજ છે. આ દુનિયામાં તને જીવતો રાખવામાં આવે, તો તેથી પણ બીજાં અધમ કૃત્યો કરી પાપના પોટલા બંધવામાં બાકી ન રાખે. માટે હવે જેટલાં પાપ કૃત્યો કર્યાં, તે ઓછાં નથી, તેનો બદલો તને પરમાત્મા આપશે. હવે છેવટને માટે ઈશ્વર સ્મરણ કરી, કર્યાં પાપનો પસ્તાવો કર, જેથી કંઇક શાંન્તિ મળશે.

મુંજરાજે કહ્યું, ગુણસાગરજી! તમારૂં કહેવું અક્ષરે અક્ષર સત્ય છે, આ કાળું મુખ લઇને જગતમાં જીવવું તે કરતાં મરવું હું ઉત્તમ ગણું છું. મારાં પાપ એટલાં બધાં છે. કે કોઇ જનમમાં મારી મુક્તિ છેજ નહી. ધિક્કાર છે હું જેવા નીમક હરામને! મારૂં પાપ તે કેટલું? ન જોયા બાપ! ન જોયા દીકરા! ન જોઇ સતી સાધ્વી રાણી! અને ન જોયા ભાઇને! છેવટે પુત્રી તુલ્ય જયા ઉપર વિષયાંધ બની છેવટે તેના પતીથી તેને વીયોગ પડાવી અત્રે લવરાવી; પ્રભુ! પ્રભુ! આ નિર્ભાગી પ્રાણી ઉપર દયાની નજરથી જોજે; ભાઇ સીંધુલ! તને મેં દુઃખ દેવામાં મણા રાખી નથી, ભાઇ ભોજ! તારા ઉપર મેં ગજબ ગુજારવામાં

બાકી રાખી નથી. બ્હેન જયા ! તને અપાર સંકટમાં હોમી છે ! સર્વે મને માફ કરો. આ નિર્ભાગી પાપાત્મા ઉપર રહેમ લાવી ક્ષમા આપો, તો કાંક ભાર હલકો થાય. પ્રભુ ! પ્રભુ ! પ્રભુ ! હવે કરણીનાં ફળ પામુ છું.

મુંજ— ગાયન

(સંસાર ઝેરનો) એ રાહ

મીથ્યા માયામાં પ્રાણી ફસાણો, અંતે કમાણી કમાણો;
નેક ન્યાઇ પ્રભુ કેમજ ચુકે; ભલે હો રાય કે રાણો.
અસાર આ સંસારને ગણ્યો સાર વિણુ વીચાર મે;
મોહ્યો વિષય વિષ લાલચે જાણ્યું નહી દુઃખ ભાર છે.
પાળક પીતાને રાજ્ય લોભે ઠાર કીધા પાપીએ,
વળી સતી મુંજ સાધવી, તેને ન છોડી શ્રાપીએ;
ભોગવવાં ફળ કરણીનાં હવે તેનો શું વીચાર
કરતાં કુકૃત્ય આદરી અસત્ય નવ ડર્યો લગાર
જોડય પ્રભુમાં મન, હવે તજીને અન્ય, જીવ કાંઇ વીચાર
માગુ માફી દીના નાથ, હવે પ્રહોને હાથ, પસ્તાઉ પાર વાર

એ પ્રમાણે પસ્તાવો કરી રહયો, ત્યાં બાજુમાં કલ્યાણ દેવ છેવટની સ્તુતી કરતો હતો, તેનો સાદ જયાને સંભળાયો કલ્યાણ દેવ જેવો સાદ સાંભળી જયા ચમકી, અને જે તરફથી સાદ આવતો હતો તે તરફ ગઇ. જયા ગઇ તેની પાછળ ભોજકુમાર, તથા પાછળ ગુણસાગર પણ જયા અણુ ચીંતી નાઠી તેથી ગયા. અને જયા કલ્યાદેવ આપઘાત કરવાની અણીપર હતો. અને છેવટ સ્તુતી કરતો હતો તે; સાંભળી બાજુમાં છુપાઇ તેના મનોહગારો સાંભળવા લાગી ત્યાં ભોજ તથા ગુણસાગર પણ આવ્યા અને જયાની પાસે આવી પુછયું બ્હેન ઓચીંતી કેમ નાઠી ? અને અત્રે કેમ ઉભી છું ?

જયાએ કહ્યું, હાલ કાંઈ બોલતા નહીં, ત્યાં બાજુમાં

કલ્યાણદેવ આપઘાત કરવાની તૈયારીમાં હાથમાં કટાર લઈ ઉભો હતો, તે દ્રષ્ટીએ પડયો, અને છેવટનું સ્મરણ કરતો જોઇ તેઓ પણ અજાયબ થયા, અને ચુપકી ધરી ત્યાંજ ઉભા રહી તેઓ પણ શું બને છે તે જોવા લાગ્યા.

કલ્યાણ દેવે છેવટને માટે કહ્યું, હે નિભાગી જીવ! હવે બીજી વાંચ્છનાઓ તજી, પ્રભુમાં ચિત્તને લગાડ, નાહકની ભ્રમણા શા માટે કરે છે? આ સંસાર માત્ર દુઃખથી ભરેલો છે. સુખ છે કયાં? સુખ માનનાર મનુષ્ય પુરા ગમાર, ગરમારના સરદાર છે. પૈસાદારને સુખ શેનું? સાચવવાની પીડા, ગરીબને સુખ શેનું? ભુખે મરવાનું; સ્ત્રીમાં સુખ શેનું? મારી માફક પસ્તાવાનું. સ્ત્રી જાત કોઇની થઇ નથી. તેમ થવાની પણ નથી. માટે બધા મમત્વ તજી પરમાત્માનું ધ્યાન ધરી આ ફાની દુનિયાથી દુર થવું, તેજ અતિ ઉત્તમ રસ્તો છે. હવે છેવટનું સ્મરણ કરી, તે પરમ કૃપાળુ પરમાત્મામાં ચિત લગાડું, જેથી આ પામર આત્માનું શ્રેય થાય. એ પ્રમાણે કહી ઇશ્વર સ્મરણ કરવા લાગ્યો.

કલ્યાણ દેવ— (ઇશ્વર સ્તુતી)

લક્ષ્મીપતી શરણે પ્રભુ લેશો,
રઘુપતી રસીયા હૃદય વસીયા પ્રિતેથી દેશો—ટેક
અસાર આસંસારમાં નહી સાર દેખ્યો કંઇ જરી,
મોહ માયામાં ખાલી ફસાતાં, જરણ મરણ આવે ફરી.
હે દિન બંધુ શરણે લેજો, જન્મ મરણ નીવારજો,
દીન બધુ દીનાનાથ આ ભવ જલ્દીથી ઉગારજો—લક્ષ્મી.

ઇશ્વર સ્મરણ પુરૂ થયું, ત્યાં હાથમાંની કટાર મજબુત પકડીને કહ્યું, હે પરમ કૃપાળુ પરમાત્મા! આ પામરને તારે શરણે લેજે. એમ કહી કટાર ઉગામી ત્યાં ગુણ સાગર ભોજકુમાર, અને જયા ત્રણે જણાં તેની પાસે દોડી ગયાં, અને ગુણ સાગરે કલ્યાણ દેવે કટાર પકડી હતી, તે હાથ પકડી લીધો.

કલ્યાણ દેવે ગુણસાગર તથા ભોજકુમાર સાથે જયાને જતાંજ એકદમ ક્રોધ વેશમાં આવીને કહ્યું, ગુણસાગરજી! મને મારૂં કર્મ કરવા દીયો, છેવટની ઘડીએ એ કુલટાનુ મુખ નહી જોવાનો નીશ્ચય કરેલો તે કુલટાને મારી પાસેથી એકદમ દુર કરો. ગુણ સાગરે કહ્યું, કલ્યાણ દેવજી! નાહક નો દોષારોપ જયાને માથે નાંખો છો, પરંતુ એ કપટી કાકાની કપટ જાળે સર્વેનું સત્યાનાશ નીકળી જાત, પણ ઇશ્વર કૃપાથી સઉ સારાંવાનાં થયાં છે.

કલ્યાણ દેવે કહ્યું શું કપટ જાળ! ગુણસાગરે કહ્યું, હાહા કપટ જાળ, એ પાપી મુંજરાજ, દુર્ગુણસીંહ તથા બ્રાહ્મણ એ ત્રણેને કેદ કરી અત્રે આણેલાં છે, અને ફાંસીને લાકડે લટકાવાની તઆરી છે. ત્યાં આવવાથી તમારા મનનો વ્હેમ જશે, માટે તમો અમારી સાથે ચાલો. ત્યાં કલ્યાણ દેવ તેમની સાથે જે સ્થળે ફાંસીનાં લાકડાં ગોઠવ્યાં હતાં, અને દરબાર મંડળ બીરાજમાન થયું હતું, ત્યાં આવ્યો

દુર્ગુણસીંહ તથા બ્રાહ્મણ જે વ્હેમમાં ફસાવનાર હતા તેમને જોઇ કલ્યાણ દેવ અચંબો પામ્યો, ત્યાં મુંજરાજે કહ્યું, કલ્યાણ દેવજી! હું તમારો પુરે પુરો અપરાધી છું. તમારા અચળ પ્રેમને ચલાવનાર નિર્ભાગી પ્રાણી હું પોતેજ છું. દુષ્ટ દુર્ગણસીંહ તથા તાલંબાજ તેલીયાની સહાયથી મેં ઘણાં ઘણાં દુષ્ટ કર્મો કર્યાં છે, પણ છેવટે પાપનો ઘડો ભરાતાં આ દશા આવી; જયા! સતી સાધ્વી જયા ઉપર જુલમ ગુજારવામાં મેં પાપીએ પાછું વાળી જોયું નથી. આ નિર્ભાગીનો ક્યાંઇ છુટકો થવા વરો નથી.

કલ્યાણદેવે કહ્યું, ત્યારે પ્રેમની ચીઠી મારા અંતહપુરમાં પોંહોચાડી તે ખરીકે ખોટી? દુર્ગુણસીંહે કહ્યું, તે હું પાપીના કારસ્તાન. લાલચનું પરિણામ. પ્રધાન થવાની લાલચે અનેક દુષ્ટ કામો કર્યાં, છેવટે આ દશા આવી. હવે હમારૂં શું થશે?

કલ્યાણદેવ જયાની પાસે ગયો, અને જયાને પગે પડયો. અને કહ્યું, સતી મને માફ કરો.

જયા—કલ્યાણદેવ—　　ગાયન.

કલ્યાણદેવ— (જગદીશ તારી કરૂણા) એ રાહ.

અકળીત લીલા પ્રભુ છે તારી, શું વર્ણન કરૂં વિભુ વિસ્તારી,
એ જાન યતો બચ્ચ્યો ભારી, છે ધન્ય ધન્ય તું સતીનારી
હું વ્હેમી સરદાર, તું સાચીનાર, કર ક્ષમા આવાર,
કરી શીર ભારી,
વીધીના અંક, ત્યાં પ્રાણી રંક, ધરી ખોટી શંક, મુજ પ્રીય પ્યારી.

જયા—

પતી નવદશો એ વચન, ખેદ ન ધરશો રતીએ મન;
પ્રભુએ સાચવ્યું શીયળ રતન, દેખાડયો આ સુખનોદન.

કલ્યાણ—

ધિક્કારીનાર, મેં વીણ વીચાર, વરસે અંગાર, ઉર આવારી,
વિસરે નહી, બળુ મન મહી, હુતો અહી, લજવઉ ભારી.

જયા—

વ્હાલા વીસારો એવી વાત, સતી તાવે એમ એ નાથ અનાથ,
પામી હું યોગ, થયો પતી સંજોગ, ટળી ગયો વીયોગ,
ગ્રહ્યા હેતે હાથ.

કલ્યાણદેવ—

બન્યુ બનવા કાળ, ચોટી ટીલી કપાળ, ઉર વ્યાપે આગ,
બન્યો અવીચારી;
કીધેલ પાપની, માગુ માફ, મુઝવી અમાપ, તું સતી નારી.

જયાએ કહ્યું, નાથ ! મને નાહકની શરમાવો નહી. કલ્યાણ દેવે કહ્યું, પ્યારી પ્રેમના રસ્તા ઘણા વિકટ છે. અનેક સંકટો સહન કરી તમારા જેવી સાચી સતીઓજ પાર ઉતરે છે. કષ્ટો એ સતીની કસોટી છે. ધન્ય છે તમોને.

આ પ્રમાણે એક બીજાને મળ્યાં ભેટયાં ત્યાં ભીમસીંહજી તેવીઆ સહ રાજદરબાર તરફ ગયા, અને મુંજરા જને ફાંસીએ દેવા લઇ ગયા છે તેવું સાંભળી તેઓ સ્મશાન ભુમીપર આવ્યા; ભીમસીંહજીને આવતા જોઇ સર્વેએ આદર માન આપ્યું, અને તેમને યોગ્ય આસને બેસાડયા. ભીમ

સીંહજીએ કહ્યું, ગુણસાગરજી ! તમો મારા આવતાં પહેલાં આ દુષ્ટોને કબજે કરી શકયા તે બાબતમાં તમોને ધન્ય વાદ ઘટે છે.

ગુણસાગરે કહ્યું, કૃપાનાથ! આપ હમારી કુમકેછો, તેમ સકળ જનોને જાણ થતાં તેમજ આ વિરકુમાર જયંત હમારો સહાયક હોય આ દુષ્ટાત્માઓને કબજે કરતાં વાર લાગી નથી. જુવો આ દસ્તાવેજની રૂએ, અને તેનાં પાપ કર્મ પ્રગટ થવાને લીધે એ પાપાત્માને એકજ પલકમાં કબજે કરી તેને નાબુદ કરવા મારેજ અત્રે આવેલા છે.

ભીમસીંહ દસ્તાવેજ વાંચી મુંજરાજની ગત રાણીને અંતરની આશીશ આપી, અને કહ્યું, ધન્ય છે સતી વીરાંગના! પોતાના પુત્રનું હીત નહી વીચારતાં ખરા રસ્તે ચાલનારી વીર ક્ષત્રી તને જેટલાં આશીર્વ વચનો આપુ તેટલાં ઓછાં છે. (મુંજને) પરમાર કુળને કલંક લગાડનાર દુષ્ટ નરાધમ! પાપ કર્મનું પરિણામ જોયું ? આને કળજુગ સમજતો નહી, પણ કરજુગ છે. કર અને જો હેરેલાં કર્મનાં ફળ મળ્યાં ?

મુંજરાજે કહ્યુ, ભીમસીંહજી ! કહેતાં લજાઉં છું, અને આ કાળુ મુખ તમોને દેખાડતાં શરમાઉછું. માયાળુ મહારાજા ! પાપ કર્મો જે મારાથી બન્યાં છે, તેની ગણના થાય તેમ નથી. અને આ પાપાત્માનો કયાંઇ છુટકો થવાનો નથી. પરંતુ કૃપાનાથ! આપ મને ક્ષમા કરો. જેથી આ ભવમાં તો આવા કમોતે મરૂછું, અને પાપનો પોટલો બાંધી જાઉ છું, તેમાંથી કાંઇક ભાર કમી થાય.

ભીમસીંહજીએ કહ્યું, હમોએ તો તને ક્ષમા કરી, પરંતુ તે દયાળુદેવની ક્ષમા માગ; તેની ક્ષમા મળશે તોજ તારો ભવ સુધરશે. માટે તે દયાળુદેવની ક્ષમા માગ. (ગુણસાગરને) ગુણસાગર ! હવે અહીંઅંનું કામ આટોપો. આ તેલીઆને પણ મુંજરાજની દશાએ પહોચાડો. તેલીઆએ કહ્યું, મહારાજ ! આ પ્રપંચ નડયો, એ કપટીનાં કાવત્રાંનો ભોગ બન્યો.

ગુણસાગરે વધાધિકારીને આજ્ઞા કરી, ત્યાં મુંજરાજ, તેલીઓ, દુર્ગુણસીંહ તથા લુચ્ચો બ્રાહ્મણ એ ચારેને ફાંસી દીધી, તે પાપીઓના પાપાત્મા જગકર્તાની હજુરમાં તેમન કરેલાં કર્મોનો ન્યાય આપવા ખડા થયા; આ દુનિયામાંથી નાબુદ થયા.

એ કામ પુરૂ થતાં સર્વેજણ રાજદરબારમાં આવ્યા, અને ભોજકુમારને ગાદીએ બેસાડવાની તૈયારીઓ થવા માંડી. જોશીઓ તે પણ અતિ વિદ્વાન જોશીઓને બોલાવી મહુરત જોવડાવ્યું, અને જોશીઓએ શુભ મહુરત કહાડી આપ્યું; મહુરતનો દીવસ મુકરર થયો, ત્યાં ભીમસીંહે પોતાના રાજ્યમાં જવા સર્વેની રજા માગી. અને સર્વેજણે ભીમ. સીંહજીને ભોજરાજને ગાદીએ બેસાડતાં સુધી રોકાવા આગ્રહ કર્યો. તેથી ભીમસીંહજી રોકાયા.

ગાદીએ બેસવાનુ મહુરત આવતાં ભોજકુમારને એક કુમારીકાના હાથે તીલક કરાવ્યું અને ભીમસીંહજીએ ભોજકુમારને માંથે રાજ્ય મુગટ ધારણ કરાવ્યો. ગુણસાગર વૃદ્ધ થયા હોવાથી ગુણસાગરની દેખરેખ નીચે જયંતકુમારને પ્રધાનપદની પાઘડી બંધાવી અને તે દીવશે આખા માળવા નગમાં આનંદની વૃષ્ટી વરસી રહી ઘેર ઘેર તરીઆં તોરણ બંધાયાં, અને મંગળ ગાન થયાં. તે દીવસ એક મ્હોટા ઓત્સવ તરીકે ગણાયો. યાચકોને, યોગ્ય સીરપાવ આપી ખુશી કર્યા અને સર્વે મંગળ મય થયું.

કર્તા— ગાયન

કરણી પ્રમાણે પામવું, કરણી નહી ટળે.
બોતાં બાવળનું બીજ કહો ગુલાબ કેમ મળે !
જગતમાં પાપીનો ક્ષય ધર્મી વીજય કરણી નશ્ચય ફળે
વિશ્વમાં સત્યનો સુર પ્રકાશે પુર અસત્યે નહીં વળે
સત્ય અને પુન્ય છે આ ભવોદધીથી તારનાર
સત્યને જાણો હમેશાં પ્રભુજી સહાયકાર.

સમાપ્ત.

જાહેર ખબર.

છપાય છે. છપાય છે. છપાય છે.

કામરૂદેશની અદ્‌ભુત વિદ્યાનો ભોમીયો.

આ પુસ્તકમાં મંત્ર જંત્ર વીગેરેનો મોટો જથ્થો વીધીસહ આવેલો હોઇ અત્યુત્તમ પુસ્તક થશે. બાઇન્ડીંગ પાકુ છીંટનું સોનેરી અક્ષરમાં નામ મુલ્ય દોઢ રૂપીઓ ટપાલ ખર્ચ ચાર આના.

સતી સંયોગતા.

પૃથીરાજ ચોહાણ અને ચંદની ઇતીહાસીક વાર્તા ઉપરથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. પૃથુરાજનું વીરત્વ, ચંદની ચતુરાઇ, સંયોગતાનું સતીત્વ વિગેરે ઘણોજ ઉત્તમ અહેવાલ આ પુસ્તકમાં સમાયેલો છે. મુલ્ય રૂ ૧— —૦ ટપાલ ખર્ચ ચાર આના.

કબીર લીલા.

રામચંદ્રજીના પરમભક્ત કબીરદાસની લીલાઓનું વ-ર્ણન આ પુસ્તકમાં દર્શાવેલું હોવાથી પુર્ણ ભક્તિરસ ઉત્પન કરનારૂ અમુલ્ય પુસ્તક થશે, મુલ્ય એક રૂપીઓ ટપાલ ખર્ચ ચાર આના

અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનાર સદગ્રહસ્થોનાં નામ પુસ્તકમાં દાખલ કરવામાં આવશે.

નામ નોંધવાનું અને મળવાનું ઠેકાણું—

બુકસેલર—દલાલ જેઠાલાલ વાડીલાલ.

ઠે. સારંગપુર તળીઆની પોળ—અમદાવાદ.

તૈયાર છે. તૈયાર છે. તૈયાર છે.

નરસિંહ મહેતો નોવેલના કર્તાનાં નીચેનાં પુસ્તકો તૈયાર છે.

રાજકઠીઆરો નોવેલ–આ નોવેલમાં કર્મબળનો ચિતાર આપેલો હોઇ વાંચવાથી મનને જ્ઞાન સાથે ગમ્મત મળેછે અને નશીબ ઉપર આસ્તા બેશી સંતોષનું પરમ સુખ પ્રાપ્ત થાય છે પુસ્તક ગદ્ય અને પદ્યમાં લખાએલું હોવાથી વાંચનના તેમજ ગાયનોના શોખીનોને એક સરખી રમુજ મળે છે. મુલ્ય **દોઢ રૂપીઓ.**

સતીદ્રૌપદી–આ પુસ્તક ભારત અનુસાર લખાએલું હોવાથી તેમાં વીરરસ, શૃંગાર રસ, અને કરૂણા રસથી ભરપુર છે. નવીન રાહનાં ગાયનો તેમજ ઉત્તમ ભાષણોથી ભરપુર રસીક પુસ્તક છે. આ પુસ્તક વાંચવાથી મનને જ્ઞાન સાથે પુર્ણ ગમ્મત મળે છે મુલ્ય **બાર** આના—

રામલીલા–આ પુસ્તક પુર્વાર્ધ રામાયણનો સાર ગદ્ય પદ્ય અને શયરોમાં લખાએલો હોવાથી પુર્ણ રસીક છે. એક વાર વાંચવા લીધું તો તેને મુકવા મન થતુ નથી મુલ્ય એક રૂપીઓ.

વીજયકુમાર–શ્રી દેશીસમાજમાં ભજવાતું વીજીઆ વીજય નામનું નાટક આબેહુબ છે. ભાષણો ખાસ તે ખેલમાં ભજવાતાંજ છે; ગાયનો જુદાં છે. ધર્મોજય અને પાપો ક્ષય એનો ચિતાર આબેહુબ દર્શાવેલો હોઈ પુર્ણ રસથી ભરપુર છે. મુલ્ય **બાર** આના.

કૃષ્ણસુદામા–શ્રીકૃષ્ણના પરમ ભક્ત અને મિત્રનો ચિતાર આબેહુબ દર્શાવેલો હોઇ ગાયનો અને ભાષણોથી ભરપુર રસમય પુસ્તક છે મુલ્ય **બાર** આના

સતીલીલાવતી–આ પુસ્તકમાં લીલાવતી, અંજના સતી અને પ્રદ્યુમ્ન કુમાર એ ત્રણ આખ્યાનોનો સમાવેશ આવેલો છે. અંજનાસતી અને પ્રદ્યુમ્નકુમાર એ બે આખ્યાનો દ્રષ્ટાંત રૂપમાં આપેલાં છે. પુસ્તક પાકુ બાઇન્ડીંગ ક્ષેજ આગળ ૩૬૦ પૃષ્ટનું છે. બાઇન્ડીંગ પાકુ છીંટનું ગીલ્ટીંગ છે. પુસ્તક ગદ્ય અને પદ્યમાં લખાએલું હોવાથી ફરી ફરીને વાંચવાની જીજ્ઞાસા થાય છે. એક વખત વાંચવાથી મનનેત્રપ્તી થતી નથી મુલ્ય દોઢ રૂપીઓ.

ભોજકુમાર–પરમાર કુળદીપક ભોજકુમાર જગ જાહેર છે. ભોજકુમાર તેના કાકા મુંજના કાવતરામાંથી કેવી રીતે બચ્યો અને છેવટે કેવી રીતે વીજઇ થયો તે તથા તેનું બુરૂ કરનાર મુંજની શી દશા થઇ તે ચિતાર આબેહુબ આપેલો છે. ગદ્ય અને પદ્યમાં લખાએલું હોઇ વાંચનારને જ્ઞાન સાથે ગમ્મત મળે છે. મુલ્ય બાર આના

જહરિસાંપ–ઉરદુ જબાનમાં પારસી કંપનીમાં ભજવાતો ખેલ આબેહુબ છે. જબાનની મીઠાશને લઇને વાંચનારને પુર્ણ ગમ્મત મળે છે. જહરી સાંપનો ખેલ મુંબાઇની પ્રજામાં માનવંતો ને માનીતો હોવાથી વીશેષ વીવેચન કરવા જરૂર નથી મુલ્ય આઠ આના

નરસિંહ મહેતો–જુનાગઢવાશી નાગર ઇશ્વરનો પરમ ભક્ત નરસિંહ મહેતો જગત્ર મશહુર છે. આ પુસ્તકમાં ભકિતરસ પુર્ણ હોવાથી હજારો નકલો ખપી છે અને ખપે છે. આ પુસ્તકની પાંચમી આવૃતી સુધારા વધારા સાથે તથા સુંદર ચિત્રો સાથે બહાર પડશે મુલ્ય એક રૂપીયો.

મીરાંબાઇ–મીરાંબાઇ ગીરધરલાલજીનાં પરમ ભક્ત સાક્ષાત લક્ષ્મીજીનો અવતાર જગમશહુર છે. મીરાંબાઇની પ્રેમલક્ષણા ભકિત ન્યારી છે આ પુસ્તક પ્રથમ નરસિંહમહેતો નોવેલના કર્તાએ પોતાની કસાએલી કલમથી લખી છપાવીને બહાર પાડ્યું, જે લોક પ્રિય થવાથી અને હજારો નકલો ખપવાથી બીજાઓએ લખાણના ગોટા વાળી નામ મીરાંબાઇ આપી બહાર પાડયું, જેથી બહાર ગામના ગ્રાહકો બીચારા છેતરાય છે. તો જો અસલ પુસ્તક વાચવું હોય તો જે જગોએથી પુસ્તક મંગાવો ત્યાં ચોખ્ખુ લખવું કે દલાલ જેઠાલાલ વાડીલાલના ફોટાવાળુ પુસ્તક મોકલવું જેથી ભળતુ પુસ્તક મોકલી આપે નહિ. હમારા પુસ્તક ઉપર ખાસ હમારો ફોટો મુકેલો છે. મુલ્ય બાર આના

રતીરમણ યાને જાદુઇ પ્રેમ—આ પુસ્તક વિદ્વાન વર્ગમાં પસાર થયેલું છે. અને ઘણા સારા મત મળ્યા છે. પુસ્તક ખાસ વાંચવા જેવું છે. એક વખત વાંચવાથી ખાત્રી થશે. મુલ્ય બાર આના

મહીલા મર્યાદા-આ પુસ્તકમાં સાત આખ્યાનો. વૃંદા. રૂક્ષ્મણી, દક્ષયજ્ઞ, શિવા સ્વયંવર, સતીદમયંતી, સતી સુકન્યા, સતી ઉષાયાને અણીરૂદ્ધ હરણ એ પ્રમાણેના સાત આખ્યાનો સતીઓના આવેલાં હોઇ જ્ઞાન અને ભક્તિરસથી ભરપુર પુસ્તક છે મુલ્ય ફક્ત એક રૂપીઓ

વીનયચંદ્ર—નવીન નોવેલ. નીતીથી પડતાં દુઃખો અને છેવટ વીજયતાનો આબેહુબ ચિતાર—મુલ્ય રૂ. ૦-૧૨-૦

રમાદેવી—સત્ય પ્રેમનો આબેહુબ ચિતાર. મુલ્ય રૂ. ૦-૮-૦

નોવેલો વાંચનારા શોખીનો માટે ઉત્તમ તક.

નીચેનાં નોવેલો તૈયાર છે.

વીણાવેલી બે ભાગ રસમય નોવેલ	૧-૮-૦
સુરતીલાલ રસમય નોવેલ	૦-૧૨-૦
સુરતની સુંદરી રસમય નોવેલ	૧-૦-૦
પ્રેમની આહુતી યાને અજય લક્ષ્મી	૧-૮-૦
ઇસલામી નોવેલ કુદરતનો ખેલ	૧-૦-૦
વીરસિંહ ને લોહીનો પ્યાલો	૧-૦-૦
મરીયમ એક દુઃખી બાળાનું ચરિત્ર	૧-૦-૦
નસીરૂદીન રસીક નોવેલ	૦-૮-૦
વસંતકુમારી ,,	૦-૧૨-૦
કામરૂદેશની કામીની ,,	૧-૦-૦
કાશમીર અને કેસરી	૧-૦-૦
ચંદ્રિકા ડીટેકટીવ નોવેલ	૦-૮-૦
ગોદાવરી નોવેલ	૦-૪-૦
લટકાળી રસીક નોવેલ	૦-૪-૦
મનહર મોતી ,,	૦-૪-૦
ચતુર સુંદર ગરબા સંગ્રહ	૦-૪-૦

એ શીવાય બીજા દરેક જાતનાં પુસ્તકો મળી શકશે.

બહારગામના ઓડરો ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે. બહારગામનાં ગ્રાહકોને વી પી. ખર્ચ જુદુ પડશે.

મળવાનુ ઠેકાણું

બુકસેલર દલાલ જેઠાલાલ વાડીલાલ

ઠે૦ સારંગપુર તળીઆની પોળ **અમદાવાદ**

છપાય છે.　　　છપાય છે.　　　છપાય છે.